કુમાર

આવતી કાલના નાગરિકોનું માસિક

વર્ષ ૩૪મું · અંક ૧લો · માહે જાન્યુઆરી '૫૭

૩૯૭

તંત્રી : બચુભાઈ રાવત



કુમાર

જાન્યુઆરી ૧૯૫૭

અંક ૩૯૭

કોઈ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા કોઈ પણ અંકો ભરપાઈ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂ. ૯; પરદેશમાં રૂ. ૧૧ અથવા શિ૦ ૧૭; છૂટક નકલ : બાર આના

વાચકો લખે છે

ડિસેમ્બર અંકના છેલ્લે પાને આપેલી ક્ષેત્ર-માપ વધવાની 'નવાઈની વાત' અશક્ય છે.

A ને B ત્રિકોણોની આડી બાજુ ૧ ઇંચ હોય તો ઊભી બાજુ $\frac{૧૩}{૧૧}=૧\frac{૨}{૧૧}$ ઇંચ થાય. એટલે બંને અરધિયાં સરકાવ્યાથી 'સરખો' ચોરસ બનતો નથી. પણ આડી બાજુ ૧૨"ની થાય તો ઊભી બાજુ $૧૩-૧\frac{૨}{૧૧}=૧૧\frac{૯}{૧૧}$ ઇંચની થાય. એટલે લંબચોરસ જ રહે છે, જેનું ક્ષેત્ર-માપ $૧૪૧\frac{૯}{૧૧}$ ચોરસ ઇંચ થાય.

(અમદાવાદ) —શ્રી. સ. દીવેટીઆ

(આ સિવાય બીજા પણ ઘણા વાચકોએ આ પ્રતિ અમારું ધ્યાન દોર્યું છે.)

ડિસેમ્બર અંકમાં 'સંસ્કૃતનાટ્યકારો'અને નાટકો વિષે માહિતી આપતા શ્રી મધુકર રાંદેરિયાના લખાણમાં અર્વાચીન લેખકોમાં આપણા એક ગુજરાતી નાટકકાર નડિયાદના શ્રી મૂળશંકર માણિકયલાલ યાજ્ઞિકનો ઉલ્લેખ કરવો યોગ્ય ગણાત. એમણે (૧) संयोगितास्वयंवरम् (૨) छत्रपतिसाम्राज्यम् અને (૩) प्रतापविजयम् એમ ત્રણ નાટકો સંસ્કૃતમાં રચ્યાં છે. આ નાટકોનો ઉલ્લેખ શ્રી કૃષ્ણમાચારીના History of Classical Sanskrit Literatureમાં આમ કરવામાં આવ્યો છે (પૃ. ૬૭૨): 'For melody of diction, for grace of expression, for choice of scenes, Mulshankara's poetry is much appreciated. The introduction of songs that can be set to lyre and sung on the stage makes the plays very realistic. ડૉ. ભોગીલાલ સાંડેસરાએ 'ઇતિહાસની કેડી'માં (પૃ. ૬૬) 'ગુજરાતમાં સંસ્કૃત નાટક' એ લેખમાં પણ શ્રી મૂળશંકરનાં નાટકોનો ઉલ્લેખ કર્યો છે. વળી અદ્યાર લાયબ્રેરી બુલેટિન 'ब्रह्मविद्या'ના મે ૧૯૫૬ના અંકમાં Modern Sanskrit writings નામના લેખકમાં ડૉ. વી. રાઘવન આ નાટકો સંબંધી લખે છે: 'Three such historical plays the *Samyogitavasyamvara*, the *Chatrapatisamrajya* and the *Pratapvijaya*, all published in Baroda, with English translations, were written by Mulshanker Maneklal Yajnik of the Sanskrit College, Baroda; the author, who knew music also has introduced Sanskrit songs in the plays and has incorporated the findings of modern researches in Indian history.

(સૂરત) —જયન્ત પાઠક



જાપાની ચિત્રકાર હરુનોબુની કૃતિ શીર્ષક: વંટોળિયામાં પકડાયેલી યુવતી

શબ્દના એકેક અક્ષરમાંથી જે સૂચક અર્થઘટના ઉપજાવાય છે તેનો એક વધુ નમૂનો:

ઈ. ૧૮૯૩માં અમદાવાદની 'મિશન સ્કૂલ'ના એક શિક્ષક પાદરીએ 'Faith'એ વિષય ઉપર ધર્માખ્યાન આપેલું. તે દરમિયાન એ શબ્દના એકેક અક્ષરને લઇને એમણે ઈશ્વર પ્રત્યે શ્રદ્ધા કેવી હોવી ઘટે તે આ પ્રમાણે સમજાવ્યું હતું: F=Forgetting; A=All; I=I; T=Take; H=Him(God), જે અક્ષરો સામટા વાંચતાં એક સળંગ વાક્ય બને છે.

એમણે આટલું કહી સ્પષ્ટ કર્યું કે ઈશ્વરમાં શ્રદ્ધા 'Confidence' ત્યારે જ આપણે સિદ્ધ કરી શકીએ કે જ્યારે આપણે સર્વ કાંઈ ભૂલી જઈ એક ઈશ્વરને આપણો કરી લઇએ.

(કરાંચી) —ફિરોજશાહ રુ. મહેતા

ફેબ્રુઆરી–માર્ચ ૧૯૫૭

ર.	સો.	મં.	બુ.	ગુ.	શુ.	શ.	ર.	સો.	મં.	બુ.	ગુ.	શુ.	શ.
·	·	·	·	·	૧	૨	૧૭	૧૮	૧૯	૨૦	૨૧	૨૨	૨૩
૩	૪	૫	૬	૭	૮	૯	૨૪	૨૫	૨૬	૨૭	૨૮	૧	૨
૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫	૧૬	૩	૪	૫	૬	૭	૮	૯



ચંગીઝખાનની રાજ્ય-વહેંચણી (મુઘલ કલમ)

ચિત્રકાર: બસાવન અને ભીમ ગુજરાતી

આ અંકમાંના લેખ 'મુદ્રણકલાનો વિકાસ'માં આપેલા પશ્ચિમના પ્રાચીન ગ્રંથમુદ્રણના નમૂનાઓના અનુસંધાનમાં આપણા મુઘલ સમયના એક ગ્રંથ('દુનિયાની તવારીખ')નું એક પાનું: જેમાં ચંગીઝખાન પોતાનું રાજ્ય પોતાના શાહજાદાઓને વહેંચી આપે છે, એ પ્રસંગનું ચિત્ર છે. મુઘલ દરબારના બે નામીચા કલાકારો બસાવન અને ભીમ ગુજરાતીની ઈ. ૧૫૯૦ની સાલની ગ્રંથચિત્રણનો આ નમૂનો હાલ અમેરિકાના 'મેટ્રોપૉલિટન મ્યૂઝિયમ ઑવ આર્ટ'માં છે. ચિત્રપ્રસંગને કેન્દ્રમાં રાખીને ગૌણ ગાળાઓમાં પુસ્તકનો મજકૂર લખવાની એ કાળની પૂર્વદેશોની ગ્રંથાલેખનની આ પદ્ધતિ અને પશ્ચિમી પુસ્તકોની માંડણી વચ્ચેની સરખામણી એક રસમય અભ્યાસનું સાધન બને એવી છે.



'ક્યારની બોલે છે કોકિલા' ચિત્રકાર · રસિકલાલ પરીખ

('કુમાર' જાન્યુઆરી ૧૯૫૭)

શિશિર

· પૃથ્વી ·

ભરી તનમનાટથી, વસન છિન્ન સંકેરતી
જુવાની સમ જોશીલી શિશિર ઉર્વી પે ઊતરી!
ઝમે કણ તુષારના, સમીરનાં છૂટે છે શર,
કદીક દીસતી નહીં ક્ષિતિજ ધુમ્મસે ધૂસર!
પ્રભાત-કિરણો નહીં—ફૂટતી કૂંપળો કોમળી,
અને દીસત તાપ પર્ણ સમ પીત અશ્વત્થના!
સરે સરપ શો કશો દિવસ વેગથી ગાભરો,
પડે કૃપર્ણીથી ત્રાટકી શમડી ક્રૂર ત્યાં રાત્રિની!
સુદીર્ઘ લઈ રાત્રિની નીંદર પાંપણો ઊઘડે,
લઈ ગઠડી જેમની તન ફરીથી યાત્રા કરે!
અહો ઊછળતું સદા ખમીર કાયમાં સ્વાસ્થ્યનું
યથા સ્તનમહીં પીયુષ ઊભરાય વાત્સલ્યનું!

હેમન્ત દેસાઈ

કયમ કરી?

· ગાન ·

ઉઘાડાં હાં રે અમે કયમ કરી હાલીએ?!
આંબ્યો સીમ-કેડો, તોય ના'વ્યો હાથ છેડો,
બઇ! કે'ને અમે ઘૂંઘટડો કયમ કરી ઢાળીએ? ઉઘાડાં૦
ઝલમલતી હેલ્ય માથે, વળી કડયે બેડલાં,
ને બેડલાની સંગ ભૂંડો વાયુ કરે ચેડલાં!
ચાલું ચાલું ને ઊડી જાય
બઇ! કે'ને વેરી વાયરાને કયમ કરી ટાળીએ? ઉઘાડાં૦
પથરાળી સેંય માંહી ઝીણી ઝીણી કાંકરી,
પાવલે ચૂમે ને જાય બેડલિયાં ઢળી ઢળી!
ખાળું ખાળું ને ઓછાં થાય
બઈ! કે'ને નીર નીતરતાં કયમ કરી ખાળીએ? ઉઘાડાં૦
દૂર દૂર ઝાકળિયા વંનમાં વગાડે ઘેલો,
વ્હાલપની વેણુ મારા મંનનો તે માનેલો!
વાળું વાળું ને દોડી જાય
બઇ! કે'ને ભોળા દલડાને કયમ કરી વાળીએ? ઉઘાડાં૦

પ્રદ્યુમ્ન તન્ના

જો

· પૃથ્વી ·

હઠે તિમિરના થરો લઘુક જ્યોતિરશ્મિથકી,
ધીમી અનિલ-લ્હેરખી પણ ભરે
અહો જડ સૂકેલ પર્ણ-દમમાં કરી ચેતના!
અને કથવું શું?
જરીક અમચી જ છાશ થકી દૂધ થાતું દધિ;
કરી શકું ન શું
પ્રયાસ મહીં માહરા તવ મળે અમીદૃષ્ટિ જો?

ગીતા પરીખ

ઈન્સાનથી ઈશ્વર સુધી

· ગઝલ ·

શું અષાઢી મેઘથી તે શ્રાવણી ઝરમર સુધી,
તું જ છે વ્યાપેલ ઝંઝાવાતથી મર્મર સુધી!

એક ધરતીની લીલા ને બીજી આકાશી કળા,
હર પળે આવ્યા કરી, ઇન્સાનથી ઈશ્વર સુધી.

એટલો શ્રદ્ધા–અશ્રદ્ધાનો લીલા-વિસ્તાર છે—
દેવના મંદિરથી તે માનવીના ઘર સુધી.

શું વળી સન્માન ને અપમાન બીજાં વિશ્વમાં?
પ્યાર ને ધિક્કાર છે પૂજા અને ઠોકર સુધી!

માર્ગ ને મંઝિલ અગર જો હોય તો તે ત્યાં જ છે:
ચાલનારાનાં ચરણ ને પંખીઓનાં પર સુધી.

શું છે કોમળતા અને શું ક્રૂરતા, જાણી જશો,
શોધ એને એટલામાં, ફૂલથી પથ્થર સુધી.

જે અહીં સંકુલ દીસે છે તે ય છે વ્યાપક ઘણું,
જોઉં છું સૌન્દર્યને હું કણથી તે અંબર સુધી

રંગ બદલે એટલે પરખાય ના એ તો ખરું,
પ્યાર છે વ્યાપક બધે, ધિક્કાર ને આદર સુધી.

કોઈનું દર્શન અહીં એથી નથી આગળ ગયું,
એની પરકમ્મા રહી નશ્વરથી તે ઈશ્વર સુધી!

પંથ ને પગદંડીઓ દેખાય છે જગમાં અનેક,
શી ખબર પહોંચાડશે કે નહિ તમારા ઘર સુધી!

ભાવનાઓ,કલ્પનાઓ,ઊર્મિઓ,તર્કો'અનિલ',
મારાંદિલ-મનમાં ઊઠયાં—ઇન્સાનથીઈશ્વરસુધી.

રતિલાલ 'અનિલ'

એશિયાના અજ્ઞાત ખૂણે, આ અજાણ્યા દેશમાં, આજથી અઢીસો'ક વર્ષ પહેલાં આવીને ભગીરથ પુરુષાર્થપૂર્વક અહીંની અનેક દેશી ભાષાઓ શીખી, તથા તેનાં બીબાં કોતરીને સૌપ્રથમ સંગઠિત ને સુયોજિત છાપકામ કરનાર સીરામપુરના કર્મઠ મિશનરીઓનો અગ્રણી

ભારતના મુદ્રણના ઇતિહાસમાં પશ્ચિમ બંગાળના કલકત્તાથી ૧૬ માઈલ દૂર હુગલી નદીને કાંઠે આવેલા, નાના એવા એક ગામ સીરામપુરનું માનભર્યું ને અગ્રણી સ્થાન છે, તે બે કારણે: ત્યાંના ખ્રિસ્તી મિશનરીઓએ ભારતભરમાં સૌપહેલું છાપખાનું સ્થાપીને ભારતમાં મુદ્રણકળાના શ્રીગણેશ માંડયા તે પહેલું, અને ભારતીય છાપખાનામાં પ્રાણ પણ ત્યાંના એ મિશનરીઓએ જ પૂર્યો તે બીજું. આ મિશન આવેલું હતું જોકે બંગાળના એક છાના ખૂણામાં, પરંતુ તેનું મકાન અનેક ભાષાઓનું કેન્દ્ર બની ગયું હતું. લાટિન, ગ્રીક, હિબ્રૂ, અરબી, સિરિયાક, સંસ્કૃત, ફારસી, બંગાળી, હિંદી, ઉડિયા, ગુજરાતી, તેલુગુ, મરાઠી, આર્મેનિયન, પોર્ટુગીઝ, ચીની, બર્મી—આટલી ભાષાઓમાં તે મિશનના સભ્યો લેખન-વાચન-અનુવાદ વગેરેનું કામ કરતા. બાઈબલને તેમણે ૩૧થી વધુ ભાષાઓમાં ઉતાર્યું. એ નાનકડા સીરામપુરમાં રહીને તેઓ બીબાં (ટાઈપ) કોતરતા ને ઢાળતા. એશિયાને એક ખૂણે આવી વસેલા અઢારમી સદીના બ્રિટનના આ મૂગા ને એકાંતિક મિશનરીઓ 'સૉલિટરી એશિયન મિશનરી' વિલિયમ કૅરી, વિલિયમ વૉર્ડ, જે. સી. માર્શમન વગેરેએ ભારતીય મુદ્રણકળાના ઉદ્ભવ ને વિકાસનું કાર્ય સાધીને પાર ઉતાર્યું. એ પૈકી કૅરીનું નામ ભારતીય મુદ્રણકળાના ઇતિહાસમાં જીવંત રહેશે.

ભારતીય મુદ્રણના એ અગ્રયાયી વિલિયમ કૅરીનો જન્મ ઇંગ્લંડના નૉર્ધમ્પ્ટન ગામમાં આવી વસેલાં સાદી રહેણીકરણીવાળાં અપ્રસિદ્ધ માતપિતાને ઘેર ઈ. ૧૭૬૧માં થયો હતો. તેનો પિતા વણકર હતો. પાછળથી એ ગામનો શિક્ષક અને દેવળનો કારકુન બનેલો. ગામડાના વાતાવરણે વિલિયમમાં ઝાડપાન, પશુપંખી ને જીવજંતુમાં નાનપણથી વૈજ્ઞાનિક રસ જગાડયો. પ્રવાસ-પુસ્તકોના વાચનનો તેને ભારે શૉખ હતો. કોલંબસ અને કૅપ્ટન કૂકનાં દરિયાઈ સાહસોનાં વર્ણનોએ તો તેને મુગ્ધ કર્યો હતો. શાળા છોડયા પછી તેને બનવું હતું ખેડૂત કે માળી; પણ ખેતરના એ પ્રયોગોએ તેની ચામડી દાઝતી, ને વળી તેની ઊંઘ પણ હરાઈ ગઈ હતી. એટલે પિતાએ તેને મોચીની એક દુકાને કામ કરવા મૂકયો. આ મોચીને ત્યાં કામ કરતા પ્રોટેસ્ટંટ પંથના એક જુવાનિયાએ વિલિયમના મગજમાં ધાર્મિક વિચારો ભર્યા. વિલિયમને આધ્યાત્મિક જીવનનું આકર્ષણ જાગ્યું. એની ધાર્મિક વાતોનો લોકોમાં સારો પ્રભાવ પણ પડવા લાગ્યો. આખરે ઈ. સ. ૧૭૮૩માં વિલિયમ રીતસરનો પાદરી બની ગયો. પછી તેનું લગ્ન થએલું.

પણ એની ઝંખના તો દૂરદૂરના 'પછાત' દેશોમાં ખ્રિસ્તી ધર્મનો પ્રચાર કરવાની હતી. ઈ. ૧૭૯૨ના ઑક્ટોબરમાં એશિયા ને અમેરિકામાં મિશનરીઓ મોકલવા માટેની જુવાન બૅપ્ટિસ્ટોની એક સંસ્થા સ્થપાઈ. એમાં કૅરી ભળ્યો. પહેલાં તો એણે પૅસિફિક મહાસાગરમાંના ટાહિટી ટાપુમાં જવાનું વિચારેલું; પછી જૉન ટૉમસે બંગાળનું આકર્ષક વર્ણન કરતાં કૅરીએ બંગાળ જવાનું ઠરાવ્યું. ભારત આવવા માટે એ વખતે ઈસ્ટ ઇન્ડિયા કંપનીનો પરવાનો મેળવવો પડતો. કંપનીના સંચાલકો ધર્મપ્રચારકોને જોખમી માનતા. કૅરી અને ટૉમસને પહેલાં તો પરવાનો મળ્યો નહિ. પણ એથી તેઓ ડગ્યા નહિ. અંતે એક ડૅનિશ જહાજમાં પોતાનાં બાળબચ્ચાં સાથે ઈ. ૧૭૯૩ની ૧૩મી જૂને તેઓ ભારત આવવા ઊપડયા, અને ઈ. ૧૭૯૩ના નવેમ્બરની ૧૧મી તારીખે તેઓ બંગાળને કાંઠે ઊતર્યા.

કલકત્તા આવીને ટૉમસ તો એના અગાઉના દાક્તરી કામમાં લાગી ગયો. આ ટૉમસને રામરામ વસુ નામના એક બંગાળી પંડિત સંસ્કૃત ને બંગાળી શીખવતા. કૅરીએ પણ વસુને પોતાના મુનશી બનાવ્યા, ને સહુ કલકત્તાના માણિકતલા મહોલ્લામાં નીલુ દત્તના બગીચા માંહેના એક ઘરમાં રહેવા લાગ્યાં. કૅરીને એક વર્ષ માટે મળેલા પૈસા બે મહિનામાં ખલાસ થઈ ગયા. પૈસાની ભીષણ તંગી અને તેમાંથી નીપજતી ચિંતા-ઉપાધિઓએ કૅરીની પત્નીને ગાંડી કરી મૂકી. રામરામ વસુના કાકાએ કૅરીને રહેવા માટે સુંદરવનમાં વિના ભાડાની એક જગ્યા આપી. સુંદરવનનો એ પ્રદેશ ઝેરી સાપો ને વાઘથી ભરેલો હતો, પણ પોતાની જાતને અને કુટુંબને નભાવવા ખાતર ત્યાં રહેવા જવા સિવાય કૅરીને છૂટકો ન હતો.

પાછળથી ટૉમસે એને માલ્દામાં મદનાવતી ખાતેના ગળીના એક કારખાનામાં બહારની કામગીરી અપાવી, એટલે કૅરી ૧૭૯૪ની ૧૫મી જૂને ત્યાં ગયો, ને ૧૮૦૦ની ૧૦મી જાન્યુઆરી સુધી ત્યાં રહ્યો. આ દરમ્યાન વૉર્ડ અને માર્શમન નામના કૅરીના બે ગોઠિયાઓ પણ ઇંગ્લંડથી સીરામપુર આવી પહોંચ્યા. આ લોકો પણ કલકત્તામાં મિશન સ્થાપવા આવ્યા છે, એની જાણ થતાં બ્રિટિશ સત્તાવાળાઓએ તેમને પાછા જવાનો હુકમ કર્યો; પણ સીરામપુર ડૅનિશ મથક હતું, અને ત્યાંના ડૅનિશ ગવર્નરે તેમને આશરો આપ્યો હતો. અહીં એટલું યાદ રાખવાની જરૂર છે કે ત્યારના ગવર્નર જનરલે બ્રિટિશ બંગાળમાં કલકત્તાની બહાર કયાંય છાપખાનું ન કાઢવાનો હુકમ કર્યો હતો. આથી વૉર્ડે કૅરીને સીરામપુર આવવા ખૂબ આગ્રહ કર્યો અને ઈ. ૧૮૦૦ની ૧૦મી જાન્યુઆરીએ તેઓ બધાં સીરામપુર આવી પહોંચ્યાં.

કૅરી, વૉર્ડ અને માર્શમન ત્રણે પુરુષાર્થી હતા. નવુંનવું જ્ઞાન મેળવવાની ત્રણેને ભારે હોંશ હતી. ને એવા જ જબરા તેઓ મહેનત કરવામાં પણ હતા. કોઈ પણ મુશ્કેલી એમને ડરાવી શકતી નહિ. તેઓ ત્રણે એકબીજાના પૂરક બનીને કામ કર્યે જતા.

કૅરીની સૌથી મોટી ઝંખના બાઈબલને 'પછાત' દેશોની ભાષાઓમાં ઉતારીને એમને 'ઈશ્વરી વચનોનું અમૃત' પાવાની હતી. મદનાવતીમાંનાં સાડાપાંચ વર્ષો દરમ્યાન તેણે 'જૂના કરાર'નાં અમુક પ્રકરણો બાદ કરતાં લગભગ આખા બાઈબલને બંગાળીમાં ઉતારી લીધું હતું. પણ એને છપાવવું કઈ રીતે? કૅરીને હતું કે આ સારુ જરૂરી બીબાં પાડવા માટેની મૂળ અડીઓ (Punches) ઈંગ્લંડથી મંગાવવી પડશે. તપાસ કરતાં માલૂમ પડયું કે આવી એક અડીની કિંમત ૧ ગીની જેટલી થાય! એટલેકે કલકત્તામાં 'નવા કરાર'ના બંગાળી ભાષાન્તરની ૧૦,૦૦૦ નકલ છાપવા માટે સસ્તાઈના એ કાળમાં રૂા. ૪૩,૭૫૦ બેસે! ઈ. ૧૭૯૭ના ડિસેમ્બર માસમાં કૅરીને જાણવા મળ્યું કે દેશી ભાષાનાં બીબાં તૈયાર કરનારું સૌપહેલું વ્યાપારી કારખાનું (ફાઉન્ડ્રી) કલકત્તામાં સ્થપાયું છે. થોડા મહિના બાદ ઈંગ્લંડથી આવેલું લાકડાનું એક મુદ્રણયંત્ર પણ માત્ર ૪૬ પાઉંડની કિંમતે વેચાતું હતું. શ્રી ઉદની નામના ગળીકારખાનાના એક માલિકે તે ખરીદીને કૅરીને ભેટ આપ્યું. ઈ. ૧૭૯૮ના સપ્ટેમ્બરમાં મદનાવતી ખાતે આ મુદ્રણયંત્ર ઊભું કરવામાં આવ્યું, જે પછીથી કૅરી પોતાની સાથે સીરામપુર લઈ આવેલો. આમ સીરામ-


ભારતીય મુદ્રણકલાનો પુરોધા
વિલિયમ કેરી

પુરના ઐતિહાસિક છાપખાનાની શરૂઆત થઈ.

મુદ્રણયંત્ર તો આવ્યું, પણ એને ચલાવવું કઈ રીતે? એના ખર્ચનું શું? છાપવાની સામગ્રી તૈયાર કરવાનું અને પ્રૂફ સુધારવાનું કામ કૅરી અને ફાઉન્ટનનું સહિયારું હતું. કસબી વૉર્ડ છાપવાનું કામ કરતો, બ્રૅન્ડસન અને ફેલિક્સ તેને મદદ કરતા. મુદ્રણ પાછળ થતા ગંજાવર ખર્ચને પહોંચી વળવા માટે માર્શમન દંપતીએ છોકરા-છોકરીઓની એક બોર્ડિંગ-સ્કૂલ ખોલી હતી. સીરામપુરમાં બે માસ વિતાવ્યા બાદ કૅરીને ખબર મળ્યા કે કલકત્તામાં પંચાનન કર્મકાર નામનો એક વિદ્વાન કારીગર દેશી ભાષાનાં અડી ને બીબાં બનાવે છે. તે મૂળ ત્રિવેણીમાં રહેતો. પહેલાં તે ભારતના કૅક્સ્ટન સમા દેશી ભાષાઓના આદિ મુદ્રક મહાવિદ્વાન ચાર્લ્સ વિલ્કિન્સ સાથે કામ કરતો. અડી ને બીબાં બનાવવાની કળા તે તેની પાસેથી શીખેલો. પછી સંસ્કૃતના મશહૂર વિદ્વાન કોલબ્રુકને ત્યાં કામ કરતો ને ગાર્ડન રીચ ખાતેના એના મકાનની પાસે રહેતો. એની સાથે બીબાંની કળામાં પાવરધો એનો ભત્રીજો મનોહર પણ હતો. પંચાનનને કોલબ્રુક પાસેથી છીનવી લેવા માટે કૅરીને 'પવિત્ર કાવતરું' કરવું પડેલું. પંચાનનને છૂટો કરવા માટે કોલબ્રુકને કૅરીએ કરેલી આજીજીભરી વિનંતિઓ, અને પંચાનનને પોતાને તેણે આપેલી વધુ પગારની લાલચો નિષ્ફળ જતાં, અંતે તેણે 'થોડા દિવસ માટે કામસર' પંચાનનને સીરામપુર બોલાવ્યો. કોલબ્રુકે જરા પીગળીને તેને એટલી રજા આપી; પરન્તુ પછી કૅરીએ તેને રોકી પાડ્યો. પંચાનનને પાછો બોલાવવા માટે કોલબ્રુકે કંપની સરકારને ઘણી અરજીઓ કરી; પરન્તુ સીરામપુરની ડૅનિશ સરકારની મદદથી કૅરી પંચાનનને રોકી પાડવામાં સફળ થયો.

પંચાનન અને એના ભત્રીજા મનોહરની સહાયથી કૅરીએ સીરામપુરના મિશનમાં પોતાનાં કામ માટે તેમજ બહાર વેચવા માટે પૌર્વાત્ય દેશોની તમામ ભાષાઓના સુંદર મરોડવાળાં બીબાં તૈયાર કરવાનું કારખાનું ઊભું કર્યું. બંગાળી ભાષામાં બાઈબલના 'નવા કરાર'ના પહેલા પાનાની પ્રૂફની છાપ ઇ. ૧૮૦૦ના મેની આસપાસ કાઢવામાં આવી, અને એ છપાઈ રહ્યો ઈ. ૧૮૦૧ની ૭મી ફેબ્રુઆરીમાં. એની સફળતાથી પ્રોત્સાહિત થઇ કૅરીએ હિંદની તમામ મુખ્યમુખ્ય ભાષાઓમાં બાઈબલનાં ભાષાંતરો બહાર પાડવાનો નિશ્ચય કર્યો. છાપખાનાનો વિકાસ કરવામાં આવે તો જ આ બને. પંચાનન અને મનોહરની મદદથી તેણે સીરામપુરમાં પૂર્વની બધી ભાષાઓનાં બીબાં બનાવવા માટે ફાઉન્ડ્રી સ્થાપી. પંચાનને દેવનાગરી અક્ષરોની ૭૦૦ જેટલી અડીઓ બનાવી કાઢી. પંચાનન પછી ફાઉન્ડ્રીનો સઘળો ચાર્જ મનોહરે સંભાળી લીધો. તેણે કૅરીના છાપખાનામાં ૪૦ વર્ષ સુધી કામ કર્યું અને બંગાળી, અરબી, ફારસી તેમજ બીજી અનેક ભાષાઓનાં બીબાંના સુંદર ફાઉન્ટ તૈયાર કર્યા, જે પાછળથી દેશનાં બીજાં છાપખાનાંઓમાં પણ દાખલ થયા હતા. આમ તે તે ભાષાઓ પર, તેમને સુંદર મરોડનાં બીબાં આપનાર મનોહરનું મોટું ઋણ છે.


સીરામપુર છાપખાનાએ ઇ. ૧૮૦૧ થી ૧૮૩૨ સુધીમાં જુદીજુદી ચાળીસ જેટલી ભાષાઓમાં કુલ બે લાખ બાર હજાર જેટલા ગ્રંથો બહાર પાડ્યા હતા. આ ગ્રંથો માટેનાં બીબાં પહેલી જ વાર બનાવાયાં હતાં એ હકીકતને ધ્યાનમાં લઇએ તો આજને હિસાબે પણ



હુગલી નદીને કાંઠે આવેલા એ નાનાસરખા સીરામપુરમાં
લાટિન, ગ્રીક, હિબ્રૂ અને પોર્ટુગીઝ
અરબી, ફારસી, સીરિયાક અને આર્મીનિયન
સંસ્કૃત, બંગાળી, હિંદી અને ઉડિયા
ગુજરાતી, તેલુગુ, મરાઠી, બર્મી અને ચીની
આટલી ભાષાઓમાં લેખન, વાચન અને છાપકામ થતું!

આ એક 'અદ્‌ભુત સિદ્ધિ' જ ગણી શકાય. આ બધાં પુસ્તકો કેવળ બાઈબલનાં ભાષાન્તરો જ નહોતાં. એમાં મૌલિક પુસ્તકોનો પણ સમાવેશ થાય છે. આ છાપખાનાએ ભારતની ઘણીખરી ભાષાઓના મુદ્રણને સ્થિર કર્યું ને તેને નિશ્ચિત એવું એક ધોરણ આપ્યું. મરાઠી ને આસામી જેવી ભાષાઓનાં પહેલવહેલાં પુસ્તકો આ જ છાપખાનામાં છપાયાં હતાં. આ છાપખાનાનો સરસ ચિતાર વૉર્ડના ઈ. ૧૮૧૧માં લખાએલા એક પત્રમાંથી મળી રહે છે: 'તમે દાખલ થાઓ એટલે પહેલાં તમે તમારા પિતરાઇ ભાઇને (એટલે કે વૉર્ડને પોતાને) એક નાના ખંડમાં વાંચતો કે લખતો જોશો. એની સામે ૧૭૦ ફૂટ લાંબી એક ઑફિસ છે. ત્યાં તમને હિંદીઓ શાસ્ત્રોનાં જુદીજુદી ભાષાઓમાં ભાષાન્તર કરતા કે પ્રૂફો સુધારતા દેખાશે. ત્યાં સંખ્યાબંધ ખાનાંઓમાં અરબી, ફારસી, નાગરી, તેલુગુ, પંજાબી, બંગાળી, મરાઠી, ચીની, ઉડિયા, બર્મી, કાનડી, ગ્રીક, હિબ્રૂ ને અંગ્રેજી બીબાં પડેલાં જણાશે. ત્યાં હિંદુઓ, મુસલમાનો ને ખ્રિસ્તીઓ બીબાં ગોઠવતા, પ્રૂફ તપાસતા, ટાઇપ છોડતા જણાશે. ઑફિસની પેલી પાર જુદાંજુદાં બીબાં ઢાળનારાં યંત્રો પડ્યાં હશે, ને શાહી બનાવવાનું કામ પણ ચાલતું હશે. ઉપરાંત એક ખુલ્લી, વિશાળ, કોટથી ઘેરાએલી જગ્યામાં અમારી કાગળની મિલ દેખાશે, કારણ કે કાગળ અમે જાતે જ તૈયાર કરીએ છીએ.'

સીરામપુરના છાપખાનાની સ્થાપના પછી એક વર્ષે કલકત્તામાં



સૌપ્રથમ બનાવાએલાં દેશી ભાષાઓનાં બીબાંના નમૂના. મથાળેથી : બંગાળી, દેવનાગરી, કન્નડ અને છેલ્લે ગુજરાતી. છેલ્લા ફકરા ઉપરથી એ પણ ખયાલ આવે છે કે, આજથી લગભગ દોઢસો વર્ષ પર એ બીબાં બન્યાં તે સમયની ગુજરાતી લિપિ તથા ભાષા કેવી હતી.


બ્રિટિશ કર્મચારીઓને હિંદી ભાષાઓનું શિક્ષણ આપવા માટે 'ફૉર્ટ વિલિયમ કૉલેજ' સ્થપાઇ. કૉલેજના સત્તાવાળાઓને કૉલેજમાં શિક્ષણ આપવા માટે હિંદની ભાષાઓમાં લખાએલાં ને છપાએલાં પુસ્તકોની જરૂર જણાઈ. કૉલેજની આ પ્રવૃત્તિનું કેન્દ્ર કૅરી પણ હતો. સીરામપુર મિશન છાપખાનાની સ્થાપના પછી એક વર્ષ બાદ ઇ. ૧૮૦૧ માં આ કૉલેજના બંગાળીના અધ્યાપક બનવાનું તેને નિમંત્રણ મળ્યું, જે તેણે સ્વીકાર્યું. બંગાળી વિદ્વાનો એનાં ઉત્સાહ ને પરિશ્રમ-શીલતાથી આકર્ષાઇને એની આસપાસ વીંટળાઈ વળતા. એની સલાહસૂચનાથી બંગાળી ભાષાની લેખનપ્રવૃત્તિને પણ નવો વેગ મળ્યો.બંગાળી વાઙ્મયના સમુત્થાન પાછળ કૅરી અને એના સાથીઓનો ફાળો કીમતી છે.

પણ સીરામપુરમાં હવે કૅરીનું જીવન પહેલાં જેવું સુખી રહ્યું નહોતું. ઇ. ૧૮૧૨માં તેના છાપખાના પર ઓચિંતી આફત તૂટી પડી. છાપખાનામાં આગ લાગી. યંત્રો ને બીબાંઓને જેમતેમ કરીબચાવી લેવામાં આવ્યાં; પરંતુ તમામ હસ્તપ્રતો ને ઘણાંખરાં પુસ્તકો બળીને ખાક થઈ ગયાં. 'રામાયણ' અને 'સંસ્કૃત શબ્દકોશ' નાશ પામ્યાં. આમ છતાં કૅરી અને તેના સાથીઓ હિંમત હાર્યા નહિ. એમણે નવી જગ્યા મેળવી. માણસોને પૂરો પગાર આપ્યો, એટલું જ નહિ પણ એક મહિનાની હકરજા આપી. ભંગારમાંથી ૪ ટન જેટલું ગાળેલું સીસું બહાર કાઢીને તેણે પોતાનો મુદ્રણ–યજ્ઞ આરંભી દીધો. રાત-દિવસ કામ કરીને એક મહિનાની અંદર તેણે તમીળ અને હિંદી બીબાંના 'ફાઉન્ટ' તૈયાર કર્યા. આઠ મહિના પછી કારખાનું પહેલાંની જેમ પાછું ધમધમતું થઇ ગયું—૧૦ યંત્રો અને ૨૦૦ કામગારો સાથે!

ઈ. ૧૮૧૪ અને ૧૮૧૭ની વચ્ચે ચાર બુદ્ધિશાળી યુવાનો ઇંગ્લંડથી આવીને તેની સાથે જોડાયા. પણ ઈ. ૧૮૧૮ના એપ્રિલમાં તેઓ કૅરીથી છૂટા થઇ ગયા અને તેમણે પોતાનું અલગ મિશન સ્થાપ્યું. આ મતભેદથી કૅરીને ભારે દુઃખ થયું. કૅરીની પત્ની આ પહેલાં મૃત્યુ પામી હતી. એની પોતાની ઉંમર ૭૦ વર્ષની થઈ હતી. પણ તે તો સદા આનંદી રહેતો, ને પહેલાંની જેમ જ ભાષાન્તરના કાર્યમાં મગ્ન રહેતો. અંતે ઈ. ૧૮૩૪ની ૯મી જૂને ભારતીય મુદ્રણકળાના એ અરુણે સૂર્યોદય વેળાએ આ જગતની વિદાય લીધી.

આમ આ વિચક્ષણ વિદેશીનું જીવન ભારતના મુદ્રણને ઊંચે આણીને પૂરું થયું. કૅરીએ અને એના સાથીઓએ હિંદની વિવિધ ભાષાઓની લિપિઓને બીબાંમાં ઢાળીને તેમને કાયમી સ્વરૂપ આપ્યું, એ લિપિઓનું ધોરણ બાંધી આપ્યું, એટલું જ નહિ પણ તે તે ભાષાઓનું તેમણે સંસ્કરણ કર્યું. મુદ્રણને તેમણે વેપારી ધોરણે મૂકી આપ્યું. હિંદમાં આવેલું પહેલવહેલું વરાળયંત્ર ખરીદીને તેમણે ઝડપભેર ઊભાં થતાં છાપખાનાંઓને માટે મોટા પાયા પર કાગળ બનાવવાની આધુનિક ઢબની એક મિલ પણ સ્થાપી. સીરામપુર મિશન અને કૅરી-મંડળનો આ પુરુષાર્થ એટલે હિંદના મુદ્રણવિજ્ઞાનના શ્રીગણેશ મંડાયાની પરિશ્રમોજ્જ્વલ પ્રેરક યશગાથા.

કૅરીના મૃત્યુ બાદ કંપની અને મિશન વચ્ચેના મતભેદોનો અંત આવ્યો. મિશને સીરામપુરનું છાપખાનું બંધ કરીને તેની બધી સામગ્રી-સંપત્તિ ઊભા થએલા બીજા મિશનના છાપખાનાને સોંપી દીધી. આ બીજું છાપખાનું તે 'બૅપ્ટિસ્ટ મિશન છાપખાનું'. કલકત્તાના લોઅર સરક્યુલર રોડ પર તે ઇ. ૧૮૩૪માં સ્થપાયું હતું. આજે યે એ ત્યાં જ ઊભું છે,ને સમયની સાથે સાથે 'આદર્શ મુદ્રણાલય' તરીકે પ્રગતિ કરી રહ્યું છે. આ છાપખાનાની ઊડતી મુલાકાત પણ કીમતી થઇ પડે તેવી છે. એની ઉમદા વ્યવસ્થા અને સંચાલનથી સર્જાતું પ્રવૃત્તિમય શાંત વાતાવરણ ભારતનાં સર્વ છાપખાનાંઓને માટે માર્ગદર્શક આદર્શ સમું છે. આ છાપખાનાના હાલના સંચાલક મિ. નૉર્મન એલિસ છે. સીરામપુર છાપખાનામાં તૈયાર થએલાં પ્રથમ બીબાં આ છાપખાનામાં સંઘરાએલાં છે, ને તે નિહાળવાનો લાભ મિ. નૉર્મન એલિસની મદદથી મને મળ્યો હતો. આ છાપખાનાના દર્શનાર્થે હું ગયો ત્યારે મિ. એલિસની કચેરીના ખંડની એક દીવાલ પર કૅરીની મોટી છબી, બીજી દીવાલ પર હિંદી લિપિઓનો નકશો અને ત્રીજી દીવાલ પર થોડા જ દિવસો પહેલાં હિંદમાં પહેલવહેલા છપાએલા ઇલેક્ટ્રૉનિક બ્લૉકોની તસ્વીર મેં જોઈ. કૅરીના સ્મરણ-સ્થાન સમા આ આદર્શ મુદ્રણાલયની પ્રગતિશીલતાની આ ત્રણ પ્રતીક રૂપે મને ઝાંખી થઈ. **રતિલાલ મહેતા**



જગતની પ્રાચીનતમ લિપિઓના નમૂના. મથાળે: બાબીલોનમાં માટીની તકતીઓ પર ખીલા વડે અક્ષરો કોતરતા તેનો નમૂનો; વચ્ચે: ઇજિપ્તની ચિત્રલિપિ હાઇરોગ્લિફમાં લખેલા 'ક્લીઓપેટ્રા' અક્ષરો; નીચે: એ જ લિપિના ચિત્રાક્ષરમાંથી આજના 'એલ' અક્ષરનો વિકાસ કેવી રીતે થયો તે દર્શાવતા વિવિધ તબક્કા.



બદલો

જે દિવસે એ દુર્ઘટના બની તે દિવસે તુલસી બહારગામ ગયો હતો. ત્યાં આખો દિવસ તેને કોઈક અગમ્ય રીતે અસુખ થયા કર્યું હતું. ઉદાસીનતા અનુભવતાં અનુભવતાં રાત્રે તે પાછો ફર્યો. જોયું તો ઘરથી થોડેક જ દૂર માણસોનું ટોળું વળ્યું હતું. ટોળાને છાઈને અરેરાટીના ઓળા પથરાઈ ગયા હતા. હૃદયમાં વિચિત્ર ફડક સાથે તેણે કોઈકને પૂછ્યું, 'અહીં બધા શાથી ભેગા થયા છે?'

'તુલસીદાસ!' પેલાએ જવાબમાં આટલું જ કહ્યું.

'તુલસીભાઈ આવી ગયા!' બીજો કોઈક બોલી ઊઠ્યો.

'ઓહ! તમે ટાણાસર...' બોલતાં બોલતાં એક જણ અટકી ગયો. ઘણાનું ધ્યાન તેના તરફ ખેંચાયું. સૌ તેની આસપાસ ફરી વળ્યા અને 'તુલસીદાસ! તમારા બાપુજી...તુલસીભાઈ! જરાક મોડા પડ્યા...તુલસીદાસ! કોઈક દુશ્મન...' વગેરે અરધાં પરધાં વાક્યો બોલવા લાગ્યા. એક વૃદ્ધે તેની ખૂબ નજીક આવી, કંઈ પણ બોલ્યા વગર આકાશ સામે આંગળી ચીંધી. તાબેદાર ગુલામની જેમ તુલસીની આંખો ઊર્ધ્વ બની, અને તેને લાગ્યું કે રોઈ રોઈને અરધી થએલી રાત્રિનાં આંસુઓ ત્યાં વેરાઇને, થીજીને પડયાં છે. મૂંઝાઇને તુલસીએ આગળ જવા પગ ઉપાડયો એટલે તેને જવા દેવા માટે લોકોમાં આપમેળે જ કેડી પડી ગઈ. તુલસીની દૃષ્ટિ એ કેડીને છેડે ઊભેલા પોલીસ પર પડી. પોલીસ પાસે જઈ, તેના ખભા પરથી દૃષ્ટિ કરી તેણે જોયું અને તે સ્તબ્ધ થઈ ગયો! ભય, દુઃખ અને શોકથી તે ચીસ પાડી ઊઠ્યો: 'બા...પુ...જી!'

ક્રૂર રીતે હણાએલા તેના પિતાનો દેહ ત્યાં પડયો હતો.

તે એકદમ શબ પાસે ધસી ગયો અને ફાટી આંખે જોઈ રહ્યો. ત્યાં ઊભેલા પોલીસ સબ-ઇન્સ્પેક્ટરે એકદમ તેનો ખભો પકડયો: 'કોણ છો તમે? અંદર કેમ ધસી આવ્યા?'

'હું...હું...' તુલસીની જીભ થોથવાઈ ગઇ. બે અસહાય હાથ લાંબા કરી તેણે શબ બતાવ્યું. પછી એ હાથ પોતાની છાતી પર દાબી દીધા. ટોળામાંથી કેટલાક બોલી ઊઠયા: 'દીકરો! એનો દીકરો!

સબ-ઇન્સ્પેક્ટર તરત સમજી ગયો, ભોંઠો પડી ગયો અને બોલ્યો, 'ઓહ! મને સરત ન રહી,—તમે 'બાપુજી' એમ બોલ્યા છતાં...'

શબનું માથું છૂંદાઈ ગયું હતું. દાંત તૂટી ગયા હતા. એક આંખ લોહીથી ઢંકાઈ ગઈ હતી. એક ગાલે ઉઝરડા પડયા હતા. બીજો ગાલ ચીરાઈ ગયો હતો. શબની સાવ નજીક લોહીતરબોળ અને એક છેડે ખીલીઓ જડેલી લાઠી પડી હતી.

તુલસી થોડી વાર તો વિસ્ફારિત નેત્રે આ દૃશ્ય જોઈ રહ્યો. તેનું ચિત્ત જાણે જાગૃત મૂર્છાવસ્થા અનુભવી રહ્યું. થોડી વારે સબ-ઇન્સ્પેક્ટર તેને કંઇક કહેવા ગયો. ત્યાં તો તે ઝડપથી કરાંઝી ઊઠયો, 'શું મારા બાપુજી મરી ગયા છે?' ટોળામાંથી કોઈ જ ન હસ્યું, કારણકે પ્રશ્નની મૂર્ખતા પાછળ ભારોભાર વેદના હતી. સબ-ઇન્સ્પેક્ટરે તેને મૃદુતાથી ઊભો કર્યો અને કહ્યું, 'ચાલો, ઘરની અંદર જઈએ.'

એકાએક તુલસીએ તેનો હાથ ખેસવી નાખ્યો અને સીનો ખેંચી ઊભો થઇ ગયો. પોતાના હાથની મુઠ્ઠી છાતી સાથે અફાળતાં અફાળતાં તે બોલ્યો, 'હું...હું...આ રામદાસનો બેટો...બદલો લઇશ! બદલો લઈશ!' અને પછી નાના બાળકની જેમ રડવા લાગ્યો.

સબ-ઇન્સ્પેક્ટર લોકોની મદદથી તેને ઘરમાં લઇ ગયો અને શાંત પાડવાનો પ્રયત્ન કરવા લાગ્યો. તુલસીએ હથેળીમાં મોં દબાવી આટલું જ કહ્યા કર્યું, 'મને નામ દો! મને નામ દો!'

પણ તે પછી તે એટલી જલદીથી સ્વસ્થ થઈ ગયો કે ખુદ સબ-ઇન્સ્પેક્ટરને પણ કંઇક તાજ્જુબી થઈ આવી. સ્વસ્થતા પ્રાપ્ત થતાં તુલસીએ પૂછ્યું, 'આ ક્યારે બન્યું?'

'લગભગ સાતેક વાગ્યે.' સબ-ઇન્સ્પેક્ટરે જવાબ આપ્યો.

'કોણે કર્યું?'

'માણસ પકડાયો નથી.'

'કોણ હતું તેની ખબર પણ નથી?'

'તમારા બાપુજીની ચીસો સાંભળી કેટલાક એકદમ ઘરની બહાર તો ધસી આવ્યા હતા, પણ તે પહેલાં તો ખૂની પલાયન થઈ ગયો.'

ચીસો! તુલસીનું હૃદય ધડકી ઊઠયું. જાણે એ ચીસો પોતે અત્યારે જ સાંભળતો હોય એવું દર્દ તેને થઈ આવ્યું. મન કઠણ કરી તેણે પુનઃ શાંતિ મેળવી લીધી: 'કોઇ એની પાછળ પડયું નહોતું?'

'કેટલાક દોડયા તો હતા, પણ તમને ખબર તો છે કે તમારા ઘરથી થોડેક જ દૂર ભાગોળ આવે છે. ભાગોળ પછી તરત જ આંબાવાડિયું, અને ત્યાર બાદ ચાર રસ્તા આવે છે. આ દરેક રસ્તાની બાજુમાં વળી બાવળિયાનાં ઝુંડ છે. આથી ખૂની કયે રસ્તે થઇ ક્યાં ગયો તેની ખબર ન પડી.'

'તેને કોઇએ જોયો પણ નથી?'

'જોએલો તો નહિ, પણ સાંભળેલો ખરો.'

તુલસી સમજ્યા વગર સબ-ઇન્સ્પેકર સામે તાકી રહ્યો. સબ-ઇન્સ્પેક્ટરે ફોડ પાડયો: 'લોકો જ્યારે બહાર આવ્યા ત્યારે તેમાંના કેટલાકે એવું સાંભળેલું કે 'નંદી માટે!' તમને ખબર છે આ નંદી શું છે?'

'નંદી?' તુલસીએ યાદશક્તિ કસી: 'ના.'

'વારુ; તમારા પિતાજીના કોઈ દુશ્મનો હતા ખરા?'

'કોઈ જ નહિ.'

'ચોક્કસ ખબર છે?'

'હા.'

લીલાંછમ વૃક્ષોનું હિલોળા-સંગીત, અસંખ્ય પુષ્પોનું મુક્ત હાસ્ય, ભૂરાં-ધોળાં પંખીઓના ઊડવાને લીધે થતો ફડફડાટ, સળવળતાં જીવ-જંતુ, સુગંધના ફુવારા ફડાડતી પૃથ્વી અને શુભ્ર તેજાંબર આકાશ.

કૂવાનો થાળ; અંદરનું કાચ જેવું પાણી; થાળ પરનાં થોડાં હીરલદીપાં.

લગભગ ચાલી ગએલી સંધ્યા. એકાંત, આનંદ, ઉલ્લાસ, શાંતિ.

તુલસીની આસપાસ આવું વાતાવરણ હતું. પણ તેના હૃદયમાં તો પારાવાર શોક ભર્યો હતો. તેના મનોચક્ષુ સમક્ષ હજી પેલું દૃશ્ય તરવરી રહ્યું હતું. એ કમનસીબ બનાવને આજે વીસ દિવસ વીતી ગયા હોવા છતાં તેની સ્મૃતિમાત્રથી તે કંપી ઊઠતો હતો.

જેટલું અસહ્ય પિતૃશોકથી તેટલું જ દુર્દમ વૈરવૃત્તિથી તેનું હૈયું ગૂંગળાઈ રહ્યું હતું. એ ઘાતકી હત્યારો હજુ સુધી પકડાયો નહોતો. નાઠો તે નાઠો. જાણે હવા તેને ગળી ગઈ!

અતિ ઉદાસ મને તે ઊઠયો અને ગામ તરફ ચાલવા લાગ્યો.

રાત્રિનો અંધકાર શમશમાકાર વ્યાપી ગયો હતો.

અચાનક તેના કાને કોઇક માનવસ્વર અથડાયો. તેને લાગ્યું કે

ધર્મ અને

મનુષ્યના જીવનમાં એવી કેટલીયે ઘટનાઓ બની જતી હોય છે, કે જેનો કોઈ અર્થ આપણે સમજી શકતા હોતા નથી. જોકે બધા લોકોના જીવનમાં હમેશાં એવું બનતું હોય છે એમ કાંઈ નથી; કવચિત જ કોઈ માણસના જીવનમાં એમ બની જતું હોય છે. મારા જીવનમાં પણ કેવળ એક વાર આવી ઘટના બની હતી.

ચોમાસાના દિવસો હતા. દિવસ-રાત ઝરમર ઝરમર વરસાદ વરસ્યા કરતો હતો. કલકત્તાની ગલીકૂંચીઓ કીચડ અને પાણીથી ભરાઇ ગઈ હતી. ઘરમાંથી બહાર નીકળવું મુશ્કેલ બની ગયું હતું.

તે દિવસે સંધ્યાસમયે વરસાદ કંઈક બંધ પડી ગયો હતો. વાદળાંઓથી છવાઇ ગએલું આકાશ તથા ઝાકળની માફક વરસતો વરસાદ જોઇજોઇને કેટલા ય દિવસોથી મારી તબિયત પરેશાન થઈ ગઈ હતી. એટલે જેવાં જરા સૂર્યનાં દર્શન થયાં કે તરત જ હાથમાં છત્રી લઇને હું બહાર નીકળી પડયો. હું કયાં જઈ રહ્યો હતો તે કાંઈ નિશ્ચિત ન હતું. એક વાર મોટરનાં પૈડાંથી કીચડના છાંટા મારા સાફ કપડાં પર ઊડયા હતા અને તેથી મારાં કપડાં ખરાબ થયાં હતાં તે વાત હું આજ સુધી ભૂલી શકયો ન હતો, એટલે બની શકે તેટલી કપડાંની સંભાળ રાખીને ફૂટપાથ પર ધીમે ધીમે હું આગળ વધતો હતો.

રસ્તાને છેડે એક ઊંચા સરખા ચબૂતરા પાસે જૂનાં પુસ્તકોની એક દુકાન હતી. છેલ્લા કેટલાક દિવસોથી પડી રહેલા વરસાદને કારણે આ દુકાન ઊઘડવા પામી ન હતી. આજ આકાશ કૈંક સ્વચ્છ દેખાતાં દુકાનદારે દુકાન ખોલીને પુસ્તકો બરાબર ગોઠવીને મૂકયાં હતાં.

કોઈ સારું પુસ્તક હોય તો ખરીદી લેવાને વિચારે હું દુકાનમાં પેઠો અને પુસ્તકો ઉથલાવવા લાગ્યો. કેટલા ય દિવસથી બજારમાં ઘરાકી ઘટી ગઈ હતી. દુકાનદાર કોઇ ને કોઇ પુસ્તક મને વેચવા આતુર હતો, પરંતુ એક પણ સારું પુસ્તક મને જડયું નહિ. એકાએક આકાશમાં ફરીને અંધકાર છવાઈ ગયો. ગડગડાટ સાથે વાદળ પણ ફરી ગરજી ઊઠયાં. મને લાગ્યું કે હવે પુસ્તક જોવાનો સમય રહ્યો નથી, એટલે પાછો વળી જાઉં. પાછો વળવા જેવો તૈયાર થયો તેવો જ મારી છત્રીના ધક્કાથી અભરાઇ પર ગોઠવાએલાં પુસ્તકોમાંથી એક પુસ્તક અકસ્માત પડી ગયું. મારી ભૂલથી નીચે પડેલું એ પુસ્તક મેં ઉપાડી લીધું. તેનાં કેટલાંક પાનાં કીચડથી ખરાબ થઇ ગયાં. મેં વિચાર્યું કે આ સ્થિતિમાં દુકાનદારને પુસ્તક પાછું આપી ચાલ્યા જવું તે ઉચિત નથી. પુસ્તક મારી ભૂલથી જ ખરાબ થયું છે તો તેના પૈસા મારે આપવા જોઇએ. એટલે મેં પુછ્યું, 'આની કેટલી કિંમત છે?'

દુકાનદારે કહ્યું, 'કાકા, એની કિંમત બહુ ઝાઝી નહિ લઉં. ફક્ત ચાર આના આપો. છેલ્લા ચાર દિવસથી એક પાઇની પણ ઘરાકી થઈ નથી.'

બિચારાનું મોં જોઇને મને દયા આવી ગઇ. ખિસ્સામાંથી પાવલી કાઢી મેં તેને આપી. તે રાજીરાજી થઇ ગયો. તેણે પુસ્તકને કપડાથી લૂછીને તથા એક કાગળમાં લપેટીને મારા હાથમાં મૂક્યું.

હું મનમાં ને મનમાં વિચારવા લાગ્યો કે આ પુસ્તક લઇને હું શું કરું? થોડી વાર પછી કહ્યું, 'આ ભલે તારી પાસે રહ્યું. કોઇને જોઈતું હોય તો તું તેને વેચી નાખજે.' પરંતુ દુકાનદાર પુસ્તક રાખવા તૈયાર ન થયો, કારણકે તેને તેનું મૂલ્ય મળી ગયું હતું. મેં જોયું તો પુસ્તકનું નામ 'ધર્મ અને જીવન' હતું. આવા પુસ્તકને લઇને હું શું કરવાનો? પરંતુ નછૂટકે મારે લેવું પડયું. મેં વિચાર્યું કે તેને કયાંક ફેંકી દઈશ.

બિલકુલ અનિચ્છાએ પુસ્તક લઇને હું ચાલ્યો જતો હતો. થોડેક દૂર ગયો હોઈશ તેવામાં પાછળથી એક તરુણ દોડતોદોડતો મારી પાસે આવ્યો અને મને જોઇને બોલ્યો, 'સાહેબ! સાહેબ!'

હું ઊભો રહી ગયો અને પૂછ્યું, 'શું છે?'

તેણે કાગળમાં લપેટાએલું પેલું પુસ્તક મને આપતાં કહ્યું, 'આ પુસ્તક તમારા હાથમાંથી પડી ગયું હતું. તમને તેની ખબર પણ ન પડી?'

પુસ્તક મેં પોતે જ ફેંકી દીધું હતું. પરંતુ આ વાત તેને કઈ રીતે કહું? ફરી પુસ્તક હાથમાં લઇને હું ચાલવા લાગ્યો. ચાલતાં ચાલતાં ડાબી બાજુના એક મકાનની સામે ખાલી ઓટલો દેખાયો. આસપાસ કોઈ માણસ ન હતું. મેં ધીરેથી તે પુસ્તક ઓટલા પર રાખી દીધું. વિચાર્યું કે જે કોઇને આ પુસ્તક જોઈતું હશે તે તેને લઈ જશે.

આ વખતે પણ એવો જ આશ્ચર્યજનક બનાવ બન્યો. ક્યાંય કોઈ માણસ ન હતું, તોપણ થોડાંક પગલાં હું આગળ ચાલ્યો હોઈશ, તેવામાં એક નાનો સરખો છોકરો એ પુસ્તક હાથમાં લઇને મારી પાસે આવી ઊભો. તેણે કહ્યું, 'આ પુસ્તક મૂકીને તમે કેમ ચાલ્યા જતા હતા?'

શું જવાબ આપું? વળી પુસ્તક હાથમાં લઈ લીધું. વિચાર્યું કે હવે હું એને એવી જગ્યાએ ફેંકું કે જ્યાં કોઈ પણ માણસની દૃષ્ટિ પડી ન શકે. હું પાસેની એક ગલીમાં પેસી ગયો. ગલી તદ્દન શાંત હતી. અહીં તો મને કોઈ જોઈ શકવાનું નહિ. પુસ્તક કયાં ફેંકું ને કયાં ન ફેંકું એવો

એ ગામ તરફ પાછું ફરતું કોઈક રડયુંખડયું માનવી હશે. તેણે થોડાં ડગ વધુ ભર્યા ત્યાં ફરીથી એ સ્વર આવ્યો. આ વખતે તે નજીકથી આવતો હતો અને સ્પષ્ટ હતો. જાણે હવા આવીને કશુંક કહી ગઈ, અને તેને સાંભળવાની ઇચ્છા થઈ આવી. તેના કાન તીવ્ર બન્યા.

વાતચીત કરનાર એક સ્ત્રી અને એક પુરુષ એમ બે હતાં. તે બંને એક ઝાડ નીચે અંધારામાં ઊભાં હતાં. તુલસી પાસેના એક બીજા ઝાડ નીચે જઈ ચૂપકીથી ઊભો. સ્ત્રી બોલતી હતી: 'આજે આપણે આનંદના પૂરમાં તણાઇએ છીએ, નહિ?'

'હા.' પુરુષનો જવાબ આવ્યો.

'પણ તેં મને ન બચાવી હોત તો?'

'તો...?'

'હું કૂવો કે હવાડો પૂરત!'

'પણ એવો વખત હું આવવા દઉં જ શાનો?'

'એટલે જ તો હું અત્યારે તારી પાસે જીવતી ઊભી છું અહીં.'

થોડી વાર મૌન છવાયું. પછી વળી વાતચીત શરૂ થઈ. પુરુષ બોલ્યો, 'હજી પણ એનો વિચાર કરતાં મને કંઇનું કંઇ થઈ જાય છે.'

'હવે એનો વિચાર જ ન કરીશ.' સ્ત્રીએ જવાબ આપ્યો.

'વિચાર કર્યા વગર રહેવાતું જ નથી.'

'હું તારી પાસે છું તો ય?'

'તું છે એટલે તો ખાસ.'

'પણ હવે તો હું હમેશાં તારી પાસે રહેવાની છું!'

વળી થોડી વાર મૌન છવાયું. આ વખતે સ્ત્રીએ એ મૌન તોડયું. બોલી, 'મને લઈ જઈશ ને તારી સાથે?'

'મારી સાથે આવવું હોય તો ગામ છોડવું પડશે.'

૭ ('કુમાર' અંક ૩૯૭)

વિચાર કરતો હું આગળ ને આગળ ચાલ્યો જતો હતો. એવામાં ચારે બાજુએ બગીચાથી ઘેરાએલું એક મોટું મકાન મેં જોયું. મેં આજુબાજુ જોયું. ક્યાં યે કોઈ ન હતું. યોગ્ય અવસર સમજીને મેં તે પુસ્તક અંદર ફેંકી દીધું. પુસ્તક નીચે પડવાનો અવાજ પણ થયો. આ વખતે તો એમ થયું કે હવે આ પુસ્તકથી છુટકારો મળી ગયો. નિશ્ચિન્ત બનીને હું આગળ વધ્યો. અચાનક નારીકંઠના અવાજથી ચોંકી જઈને પાછા વળીને જોયું તો બાર-તેર વર્ષની એક બાળા મારા તરફ હસતીહસતી દોડતી આવી રહી હતી. તે મારી પાસે આવતાં જ હું સ્તબ્ધ બની ગયો. તેના હાથમાં મારું પેલું પુસ્તક જ હતું!

'હું બીજા માળે ઝરૂખામાં ઊભી હતી.' તેણે કહ્યું: 'મેં જોયું કે તમે આ પુસ્તક અમારા ઘરમાં ફેંક્યું. પણ તમે એ અમારા મકાનમાં કેમ ફેંક્યું તે સમજાયું નહિ.'

શું જવાબ આપું? હસતાં હસતાં મેં તે પુસ્તક લઈ લીધું. અજબ પ્રકારની મુસીબતમાં હું ફસાયો હતો. પ્રેત વળગ્યું હોય તેમ આ પુસ્તક મારી પાછળ પડ્યું હતું! મેં વિચાર્યું કે જ્યારે આ પુસ્તક કોઈ પણ ઉપાયે મારાથી અલગ પડવા માગતું જ નથી તો હવે તેને ફેંકી દેવાની કોઈ પણ જરૂર નથી. ઘેર લઈ જઈ મૂકી રાખીશ.

અભરાઈ પર અનેક પુસ્તકો મૂક્યાં હતાં તેની સાથે એ પુસ્તક પણ મૂકી દીધું. મેં મનોમન પુસ્તકને કહ્યું પણ ખરું કે 'જ્યારે કોઈ પણ રીતે તું મારો પીછો છોડવા માગતું જ નથી તો તું અહીં પડ્યું રહે.'

એવામાં માએ બૂમ પાડી, 'જમવાનું તૈયાર છે.' હું રસોડામાં જમવા ગયો. ફરી વરસાદ પડવો શરૂ થઈ ગયો હતો. મેં વિચાર્યું કે વરસાદના આવા કંટાળા ભરેલા સમયે કાંઈક વાંચવું જ યોગ્ય છે. જમી આવીને કોઈ પુસ્તક લેવા માટે જેવો અભરાઇ પાસે પહોંચ્યો એવો આશ્ચર્યચકિત બનીને હું ત્યાં જ ઊભો રહી ગયો! અભરાઇ પાસે પડેલા ટેબલ પર પેલું જ પુસ્તક ઉઘાડું પડેલું હતું. પુસ્તકની આવી સ્થિતિ જોઇને વિચાર આવ્યો કે આમ વાચતા વાંચતાં જ પુસ્તકને આવી રીતે છોડીને કોણ ચાલ્યું ગયું હશે? પરંતુ આવા સમયે મારા રૂમમાં આવે પણ કોણ? ઘરમાં કેવળ હું અને મારી મા હતાં. એક બહેન હતી, પરંતુ તે બોર્ડિંગમાં રહેતી હતી. ઘરમાં કોઇ નોકર પણ ન હતો.

તો શું અભરાઈ પરથી પુસ્તક આપોઆપ પડી ગયું હતું? યા બિલાડીએ પાડી દીધું હશે? પરંતુ આવી કોઈ પણ શક્યતા ન હતી. અભરાઈમાં જે જગ્યાએ પુસ્તક રાખ્યું હતું તે જગ્યાએથી બિલાડી તેને પાડી શકે તેમ ન હતી. શું થયું હશે તે સમજવા માટે પુસ્તકને હાથ અડાડ્યા સિવાય જ તેના પર ઝૂકીને મેં ધ્યાનપૂર્વક જોયું. જે પાનું ખુલ્લું હતું તેમાં લાલ પેન્સિલનાં નિશાન કરેલાં હતાં. એ નિશાનવાળી લીટીઓ અન્યમનસ્ક ભાવથી મેં વાંચી નાખી: 'મનુષ્યનું મૃત્યુ ક્યારે થશે તે કોઇ પણ કહી શકે નહિ. કોઈ પણ ક્ષણે તમે મૃત્યુ પામશો. એટલે મૃત્યુ પામતાં પહેલાં તમે તમારું ઋણ ચુકાવી દો. નહિ તો...'

હું વિચારમગ્ન બની ગયો. કોનું કોનું દેવું મારા માથે છે તે વિચારવા લાગ્યો. એક વાર મેં એક મિત્ર પાસેથી પાંચ રૂપિયા ઉછીના લીધા હતા. 'આપી દઈશ, આપી દઈશ' કરવા છતાં પણ હું આપી શક્યો ન હતો. આ વાતને લગભગ પાંચ-છ મહિના વીતી ગયા હતા. આ મિત્રને ફરીને હું મળી શક્યો ન હતો; તેની મેં કાંઈ ખબરઅંતર પણ કાઢી ન હતી.

એકદમ કબાટમાંથી પાંચ રૂપિયા કાઢીને ખિસ્સામાં મૂક્યા અને શ્યામબજારમાં આવેલા મારા મિત્રના ઘર તરફ ચાલવા લાગ્યો. જઇને જોયું તો મિત્ર છેલ્લા બે મહિનાથી પથારીએ પડ્યો હતો. ધીરેધીરે તે મરણાસન્ન થઈ રહ્યો હતો. તે મને ઓળખી પણ શક્યો નહિ. તેની વિધવા બહેન મારી પાસે આવીને ઊભી. તેની આંખો આંસુથી છલકાઈ રહી હતી. પાંચ રૂપિયા કાઢીને મેં બહેનના હાથમાં મૂક્યા અને કહ્યું, 'આ રૂપિયા મારે અજિતના દેણા હતા.'

બહેનનું મુખમંડળ ચમકી ઊઠ્યું. તેની આંખમાંથી આંસુઓની ધારાઓ વહેવા લાગી. હોઠને સખ્તાઈથી દબાવીને તથા પોતાની જાતને સંભાળીને બહેને કહ્યું, 'ભાઈ, તમે આ સમયે અમારા પર ઘણો મોટો ઉપકાર કર્યો છે. આજ સવારથી હું પાંચ રૂપિયાની બાબત જ વિચારી રહી હતી. ડાક્ટર સાહેબ કહી ગયા હતા કે રૂપિયા વિના હું ઇન્જેકશન નહિ મારું.'

પાછળથી મને માલૂમ પડ્યું કે જો મારા પાંચ રૂપિયા મારા મિત્રને પહોંચ્યા ન હોત તો તે કદાચ જીવી પણ શક્યો ન હોત. પરંતુ તેના બચી જવાની સાથે આ પ્રેત પુસ્તિકાનો પણ કોઈ સંબંધ હોઈ શકે ખરો? આ પ્રશ્ન પર હું વારંવાર વિચાર કરું છું. પરંતુ વિચાર કરવા છતાં પણ આ ઘટનાનો અર્થ હજુ સુધી હું પામી શક્યો નથી.

(શ્રી શૈલજાનન્દ મુખોપાધ્યાયની વાર્તા પરથી. ગાંડીવ સાહિત્ય મંદિર મારફત મળેલી મૂળ લેખકની અનુમતિથી. 'માયા' માસિકના સૌજન્યે)

'આખી દુનિયા છોડવા તૈયાર છું!'

'ઓ મારી આનંદી!'

'ઓ મારા ગિરિ!' પછી કંઈક વસ્ત્રો ઘસાયાં અને અંધકાર હાલ્યો.

તુલસી સ્તબ્ધ બની હતો ત્યાં ને ત્યાં જ જડાઈ ગયો. તેના ચિત્તમાં એક થડકારો થયો, એક ઝબકારો થયો: 'નંદી માટે! નંદી માટે!' લોકોએ અરધું સાંભળ્યું હોવું જોઈએ—નંદી માટે નહિ, આનંદી માટે હોવું જોઇએ. અને ગિરિ—ગિરિ—ગિરધારી—? હા, પેલી ખીલીઓવાળી લાઠી પરથી પોલીસોએ એવું જ કંઈક નામ ખોળી કાઢ્યું હતું. આ તે જ હતો? તુલસીનું રોમરોમ સળગી ઊઠ્યું.

એટલામાં પુરુષ બોલવા લાગ્યો, 'ઈશ્વર જાતે જ એવા કુકર્મીઓનો નાશ કેમ નહિ કરતો હોય?'

'તેનું નામ પણ ન સંભારીશ હવે તું.' સ્ત્રીના અવાજમાં ધ્રુજારી હતી.

'તને જોઉં છું ને મને એ યાદ આવી જાય છે.'

'વળી પાછી એની વાત કરી?'

'જગતમાં કેવા માણસો છે, નહિ?' પુરુષે પોતાની વાત કર્યે જ રાખી, 'બહારથી વિધુર રહેવાનો આડંબર કરી અંદરખાનેથી વાસનાતૃપ્તિ માટે કેવાંકેવાં કાળાં કામ કરે છે એ લોકો?'

'ગિરિધારી! એ વાતો બંધ કર, મને બીક લાગે છે.'

તુલસી ઝાડના થડ સાથે ચોંટી ગયો. એ જ! એ જ! આ એ જ ગિરિધારી હોવો જોઇએ. તે એના પિતા વિષે જ વાતો કરતો હોવો જોઈએ, કારણ કે એના પિતા પણ વિધુર જ હતા. તેના હોઠ લોખંડની સાણસીની જેમ બિડાઈ ગયા. ઈશ્વરે આ કેવો અકસ્માત સર્જ્યો? તેની સમક્ષ તેના પિતાનો ખૂની જ વાતો કરી રહ્યો હતો અને તે વાતો તે પોતે જ સાંભળી રહ્યો હતો.

તુલસીનું લોહી ફલાંગો મારતું વહેવા લાગ્યું. શું તેના પિતા આ ગિરિધારી કહે છે તેવા જ હતા? તુલસીના જન્મ પછી તરત જ તેની માતા મૃત્યુ પામી હતી. તે વખતે ભરજુવાની હોવા છતાં તેના પિતાએ બીજું લગ્ન કર્યું નહોતું. આથી તુલસી એમ માનતો હતો કે તેના પિતા એક આદર્શ અને સંયમી પુરુષ હતા અને પોતાને અપર માનું દુ:ખ ન પડે એટલા માટે જ તેમણે ત્યાર પછીનું આખું જીવન અપરિણિત ગાળી નાખ્યું હતું. ત્યારે આ અસુર—આ ગિરિધારી શું બકવાદ કરતો હતો? પોતાના પિતાની આવી નિંદા થતી સાંભળી એક ક્ષણ તો તેનો ગુસ્સો જાણે સાતમા આસમાન સુધી પહોંચ્યો.

અચાનક તેના મનમાં એક દુર્ધર્ષ વૃત્તિ થઈ આવી—કંઈક ભયંકર કૃત્ય કરી નાખવાની. બરાબર એ જ વખતે તે જે ઝાડ નીચે ઊભો હતો તેના પરનું કોઈક ઘુવડ ચરકયું અને તેની વિષ્ટા તેના માથા પર પડી. તે થરથરી ઊઠયો. તેને લાગ્યું કે જાણે કોઈક સાપના ઝેરનું ટીપું તેના માથા પર પડ્યું. 'પોલીસ! પોલીસ! આ રહ્યો પેલો ખૂની! આ રહ્યો પેલો રાક્ષસ! પકડો એને! પકડો! પકડો!' તેના ચિત્તે મનમાં ને મનમાં જ ચીસો પાડવા માંડી: 'પાપી! મારા બાપનું ખૂન તો કર્યું, ને પાછો તેને ગાળ દે છે? ગાળ દે છે?'

'ગાળ દે છે? ગાળ દે છે?' તેના મનોપ્રદેશમાં પડઘા પડવા લાગ્યા. અને એકાએક તેની સ્મૃતિશક્તિ સળવળી ઊઠી: એક દિવસ તેણે પિતાના ઓરડામાંથી ભણકાર સમી કરુણ અને ક્ષીણ ચીસ સાંભળી હતી. ભયપ્રેરક જિજ્ઞાસાવૃત્તિથી તે ત્યાં ગયો ત્યારે તેના પિતા સિવાય કોઈ જ ત્યાં નહોતું. તેમણે આવી કોઈ જ ચીસ સાંભળી હોવાનો ઇન્કાર કર્યો અને તુલસીની વાતને ભ્રમણા ગણી હસી કાઢી...

વળી એક વાર સવારે તે પિતાના ઓરડામાં ગયો ત્યારે પિતાના પલંગ પર સ્ત્રીના હોય એવા લાંબા કાળા વાળ જોયા હતા......

વળી ઘણી વાર તેણે પિતાના મુખ પર પશ્ચાત્તાપ અને વિષાદના ભાવો જોયા હતા, જેનો ઉકેલ તે શોધી શકયો નહોતો. અત્યારે અચાનક તેને લાગ્યું કે એ ભાવો અધમ તૃપ્તિને લીધે ઉત્પન્ન થયા હશે.

તુલસીને રહી રહીને થવા લાગ્યું કે પિતાને તેણે બુરખાની બહાર જ જોયા છે. તેમનું સાચું સ્વરૂપ તો આ ગિરિધારી કહે છે એવું જ કદાચ હશે. તેમણે પોતાની વાસના સંતોષવા આનંદીને સકંજામાં લીધી હશે; અને ગિરિધારી આનંદીને ચાહતો હોઇ આ બાબતની ખબર પડતાં આવેશમાં આવી જઇ ખૂન કરી નાખ્યું હશે. પોતે તો અભ્યાસ અર્થે છેક નાનપણથી જ શહેરમાં હૉસ્ટેલમાં રહેતો હતો, એટલે પિતાની આ બાજુની તેને ખબર જ નહોતી. ત્યારે આ ગિરિધારી કહે છે તે શું સાચું? પિતા શું હવસખોર? અનાચારી? પાપભોગી?

ત્યાં તેના કાને ગિરિધારીના શબ્દો અથડાયા: 'મને લાગે છે કે હજી સુધી કોઇને મારા પર શંકા નથી આવી, એટલે અત્યારે ગામમાં જવામાં વાંધો નથી. હું આ રસ્તેથી જઇશ, તું પેલે રસ્તેથી જા.'

'પણ તું ગામમાં ન જા તો?' આનંદીનો અવાજ કાકલૂદીભર્યો હતો.

'ગયા વગર ચાલે એમ નથી. હવે તો રાત વધી ગઇ છે એટલે હું છાનોછાનો જઇ છાનોછાનો આવતો રહીશ.'

'ના, આજે નહિ; દસ-પંદર દિવસ પછી. આજે મને બીક લાગે છે.'

'બીક શાની, ગાંડી! અને લોકોને હજી કયાં ખબર પણ પડી છે કે કોણે એ કામ કર્યું છે? મારે મારી માને મળવું છે. એને હું કહીશ કે અચાનક કામ નીકળ્યું હોવાથી આ વીસ દિવસ મારે બહારગામ જવાનું થયું હતું, અને હજી પણ કામ હોવાથી ફરીથી જવાનું છે. આમ કહી, તેને ગમે તેમ સમજાવી હું આવતો રહીશ. હું બહારગામ ગયો છું એવું તેં એને કહ્યું તો હતું ને?'

'હા, કહ્યું હતું. એ તો બહુ ચિંતામાં પડી ગયાં હતાં. કહે કે મને કહ્યા વગર એકદમ કેમ જતો રહ્યો?'

'હું એને મળીને તરત પાછો ફરી જઈશ. મને જોશે કે એની ચિંતા ઓછી થઈ જશે. એની ચિંતા ઓછી થઈ જાય એટલે બસ, પછી મને કોઈ જ ફિકર નહિ રહે. ઈશ્વર આપણા પક્ષે છે, આનંદી! પછી આપણે એવું સરસ મધુરું જીવન વિતાવીશું! મા, હું અને તું!'

તુલસીનું શરીર પાણી પાણી થઈ ગયું. બદલો લેવાની પેલી વૃત્તિ ક્યાંય ગાયબ થઇ ગઇ અને તેને સ્થાને શરમ-શરમથી તેનું મન ઊભરાઇ આવ્યું. બિલકુલ અણધારી રીતે તેને ખયાલ આવ્યો કે આ ગિરિધારી ગામમાં જવાની વાત તો કરે છે, પણ ત્યાં તો ભય છે. આજે સવારે જ પોલીસ સબ-ઇન્સ્પેક્ટરે તેને સાવ ગુપ્તતા જાળવતાં શું નહોતું કહ્યું કે આ ગિરિધારી નામનો માણસ આજે રાત્રે ગામમાં આવે એવી વકી છે! અને એ આવશે કે તરત પકડી લઇશું? એમને એ બાતમી ક્યાંથી મળી હશે? રામ જાણે! પણ આ મૂરખ પકડાઈ જશે, જો ગામમાં જશે તો. તુલસીનો આત્મા એકાએક ઝણઝણી ઊઠયો. ત્યાંથી તેજનો એક લીસોટો નીકળી, ઊર્ધ્વ ગતિ કરી તેના ચિત્તપ્રદેશમાં જાણે ન પ્રવેશ્યો હોય, એવો તેને અનુભવ થયો. તેનાથી અનાયાસે બોલાઇ જવાયું, 'ગિરિધારી!'

આનંદી અને ગિરિધારી બંને છળી પડયાં.

'ગામમાં ન જા!' જાણે પોતે નથી બોલતો પણ પોતામાં રહેલું કોઇક બીજું જ તત્ત્વ બોલે છે એમ અનુભવતાં તુલસીએ જ કહ્યું, 'તને ખબર નથી, પણ તને પકડવા માટે પોલીસ ત્યાં તાકીને બેઠી છે. નાસી જા, નાસી જા......'

હૃદયનો આ પલટો જાણે ખમાતો ન હોય અને પોતે જાણે એ પલટાથી કચરાઇ જતો હોય એવી વેદના તુલસીને થઇ આવી.

ગિરિધારી એકદમ આનંદીનો હાથ પકડી અણસારેઅણસારે અંધારામાં તુલસી પાસે આવ્યો. પછી થડકતા અવાજે પૂછ્યું, 'કોણ છે તું?'

'તારે તે જાણવાની જરૂર નથી.'

'તું કોણ છે?' ગિરિધારીનો અવાજ મોટો થયો.

'હું તો તને ચેતવું છું કે તું નાસી જા.'

'પણ તું છે કોણ?' આક્રમક અવાજે ગિરિધારી બોલ્યો.

'તેં ખૂન કર્યું છે ને?'

'હેં...' ગિરિધારી અને આનંદી બંને ભયથી ફિક્કાં પડી ગયાં. ગિરિધારીએ એકદમ તુલસીનાં બાવડાં પકડી લીધાં અને તેને હલબલાવી નાખ્યો. આ માણસ પોતાને ઓળખી ગયો છે એમ વિચારી તેને પણ ખતમ કરી નાખવાનું ગિરિધારીને મન થઈ આવ્યું. એકદમ તેણે પોતાના ખિસ્સામાંથી દીવાસળીની પેટી કાઢી અને દીવાસળી સળગાવી. ઝબ્બ કરતો પ્રકાશ થયો, તે સાથે જ તુલસીએ જોરથી ફૂંક મારી દીવાસળીને હોલવી નાખી: 'હું તને કહું છું, તું ભાગી જા; નહિ તો ફાંસીએ લટકીશ.'

ગિરિધારી તેને ઓળખી ન શકયો. થોડી વાર તે જડ થઈ ઊભો રહ્યો. છેવટે અફલ નિરાશામાં તેણે હાથ પોતાના સાથળ સાથે પછાડયા, 'આનંદી! આનંદી! ખલાસ! હવે તું અને હું......'

'નહિ—હું અહીંથી જ બારોબાર તારી સાથે આવીશ, ચાલ!' કહી આનંદીએ ગિરિધારીનો હાથ પકડી લીધો. ગિરિધારીએ તુલસીને સંબોધ્યો: 'તને કેવી રીતે ખબર પડી કે હું કોણ છું?'

'મને ગમે તે રીતે ખબર પડી. તારે પકડાઇ જવું છે? તો જા ગામમાં. તારે બચવું છે? તો ભાગી જા.'

કેટલીક પળો ત્રણે ય પૂર્ણતયા મૂક ઊભાં રહ્યાં. સૌસૌના હૃદયની સ્થિતિ પ્રમાણે દરેકના શ્વાસોચ્છ્વાસનો આરોહ- (અનુ. પૃ. ૩૪મે)

મુદ્રણકલાનો વિકાસ


લેખક
રતિલાલ
મહેતા

પહેલી દૃષ્ટિએ કોઇને કદાચ આ લેખમાં રસ નહિ પ્રકટે; પણ માણસમાં જ્ઞાન, વિજ્ઞાન અને કલાનો પ્રવેશ કરાવવામાં સહાયભૂત એવી, માનવજાતને પરમ ઉપકારક આ મુદ્રણકલા સમસ્ત માનવપ્રગતિની એક માતા સમી છે. એના વિકાસની કથા એ માનવ-સંસ્કૃતિના ઇતિહાસનું અગત્યનું પૃષ્ઠ છે. એક કલા તરીકે પણ એનું સ્થાન ઊંચું ને અનોખું છે. અને એનો ઉદ્યોગ આજે વૈજ્ઞાનિકરીતે ચરમ સીમાએ પહોંચ્યો હોવા છતાં, હસ્તલિખિત ગ્રંથોના સમયની એની કલાત્મકતામાં ઓટ આવી નથી, બલકેએવધુ સંસ્કૃતબનીછે.આસાથે આપેલાં ચિત્રો મન પરોવીને જોનારને એ નવી જ રસદિશામાં પ્રવેશ મળશે. —તંત્રી



↑દુનિયામાં મુદ્રણકલા સૌપ્રથમ ચીનમાં શોધાઈ. ત્યાંના તુન હ્વાંગ પ્રાંતમાં આવેલી સહસ્ર બુદ્ધની ગુફાઓમાંથી પ્રસિદ્ધ શોધક ઑરેલ સ્ટાઈનને હાથ લાગેલાં પુસ્તકો પૈકી ઈ. ૮૬૮માં છાપેલું 'હીરક સૂત્ર' એ દુનિયાનું જૂનામાં જૂનું છાપેલું પુસ્તક છે. સાત પાનાં જોડીને ટીપણાના રૂપમાં બનાવેલા એ પુસ્તકના ચિત્રવાળો ભાગ આ ઉપર આપ્યો છે. ચિત્રો તથા લખાણનાં આખાં પાનાનાં પાનાં લાકડા પર કોતરીને એ છાપવામાં આવતું.

કાગળ પર છાપેલું વાંચવાને ટેવાઈ ગએલી આજની પેઢીને આ છાપકામનો આરંભ ક્યાંથી, ક્યારથી અને કેવી રીતે થયો એની માહિતી પણ કદાચ નહિ હોય. આજે તો આપણી આંખોની સામે થોકબંધ અખબારો, સામયિકો, પુસ્તકો વગેરે જુદીજુદી ભાષામાં અને વિવિધ લિપિમાં છપાએલાં તથા અનેકવિધ રીતે સુશોભિત થએલાં જોવા મળે છે. પણ આ ભાષા ને લિપિ ને સુશોભનોનો વિકાસ કેવી રીતે, કેવા સંજોગોમાં થયો એ જાણવું પણ ઘણું રસપ્રદ છે. જન-સાધારણને એનો કંઈક આછો ખયાલ, થોડા વખત પર કલકત્તામાં યોજાયું હતું એવા પ્રદર્શન દ્વારા સરળતાથી મળી શકે.



↑ ભારતમાં સૌપ્રથમ પુસ્તકો ભૂર્જપત્ર કે તાડપત્ર પર ખીલા વડે કોતરીને (અને પાછળથી શાહીથી) લખાતાં; અને એ લાંબી પટ્ટીઓને પછી વચ્ચેથી કે એક છેડેથી દોરી વડે આમ બાંધવામાં આવતી.

કલકત્તાની નૅશનલ લાયબ્રેરી તરફથી એ પ્રદર્શન લાયબ્રેરીના ભવ્ય સુંદર મકાનમાં યોજાયું હતું. આ લાયબ્રેરી એટલે આઝાદી પહેલાંની ઇમ્પીરીઅલ લાયબ્રેરી. સમગ્ર દેશનું એ મુખ્ય સરકારી પુસ્તકાલય. લગભગ સવાસો વર્ષ પર શરૂ થએલું આ ગ્રંથાલય જુદાંજુદાં મકાનોમાં ફરતું રહ્યું હતું, પણ હવે સ્વાતંત્ર્ય પછી એની સ્થાપના કલકત્તાના નવ-વિકસિત અલીપોર વિસ્તારમાં, પહેલાં જ્યાં વાઇસરૉયોનો નિવાસ હતો એ 'બેલ્વેડીઅર પૅલેસ'માં કરવામાં આવી છે. આંખને ઠારે અને ચિત્તને પ્રસન્ન કરે એવું, પ્રાચીન ઈટાલિયન રેનેસાંના સ્થાપત્યની ઢબે બંધાએલું એ રમણીય મકાન છે, ને એમાં વાચન ને અધ્યયનની તમામ અદ્યતન સગવડો કરવામાં આવી છે. એના નિયામક છે કર્ણાટકના શ્રી કેશવન. એમની જ કલ્પના ને મહેનતથી આ પ્રદર્શન યોજાયું હતું.

આ પ્રદર્શનને નામ અપાયું હતું: 'કૅરી પ્રદર્શન', કારણકે એનો મુખ્ય હેતુ આ દેશમાં આ દેશની ભાષાઓમાંનું સર્વપ્રથમ સંગઠિત છાપકામ શરૂ કરનાર વિલિયમ કૅરી(William Carey)ના એ પ્રારંભ-ના ભગીરથ પુરુષાર્થ તરફ લક્ષ્ય ખેંચવાનો હતો. આ દેશમાં મુદ્રણકલા-નાં મંડાણ કેવી રીતે થયાં, ક્યાંથી થયાં, પાછળ કોણ કોણ વ્યક્તિઓ હતી વગેરેનો ખયાલ, એ પ્રારંભિક કાળનાં છપાએલાં પુસ્તકોના નમૂના દ્વારા, ને પુસ્તકો ન મળી શક્યાં ત્યાં એની તસવીરો દ્વારા અપાયો હતો. સાથે સાથે યુરોપમાં આજનું અદ્યતન મુદ્રણવિજ્ઞાન વિકસ્યું તે પહેલાં ત્યાં મુદ્રણકલા કેવી હતી તેનો તેમજ ખાસ કરીને ઈંગ્લંડમાં સ્થપાએલાં પ્રશિષ્ટ મુદ્રણાલયોનો પરિચય પણ અપાયો હતો. એ માટે છેક બ્રિટનથી દુર્લભ પુસ્તકો તેમજ પુસ્તકોનાં પાનાંની છબીઓ મેળવીને, નકશાઓ તેમજ ચિત્રો દ્વારા પ્રદર્શનને સરસ માહિતીપૂર્ણ બનાવાયું હતું.

આપણે આજે જોઇએ છીએ એવી છૂટાં બીબાંવાળી મુદ્રણકલા યુરોપમાં તો હમણાં પંદરમી સદીમાં શોધાઈ; પરંતુ તે પહેલાં એ ચીન-માં તો સૈકાઓથી ચાલુ હતી. જોકે લખાણને કોઈ પણ પદાર્થ પર 'છાપ-



વાની' વૃત્તિ તો આજથી છેક ચાર-પાંચ હજાર વર્ષ પહેલાંના માનવીમાં પણ હતી, એનો ખયાલ આપણા મોહેં-જો-ડેરો અને હરપ્પાના અવશેષોમાંની માટીની મુદ્રાઓમાંથી મળી રહે છે. આ મુદ્રાઓમાંના અક્ષરોથી માનવ-ઇતિહાસની આદિલિપિની જાણ થાય છે. એ જ રીતે આસીરિયાની માટીની તખતીઓ, તેમજ માટીના દીવાઓ પર અંકિત થએલા પ્રાચીન ગ્રીક અને રોમન અક્ષરો પણ એ જ વાત કહી જાય છે.

મોહેં-જો-ડેરો ને હરપ્પાવાળી સિંધુ-સંસ્કૃતિના માનવીઓ પુસ્તકો લખતા હશે કે કેમ, લખતા હશે તો કયા પદાર્થ પર લખતા હશે, એ જાણી શકાયું નથી. ઘણે ભાગે વૃક્ષોની પાતળી છાલ પર લખવાનો રિવાજ હશે. પછીથી ભૂર્જપત્ર અને તાડપત્રનો યુગ આવ્યો એ તો જાણીતી વાત છે. એમાંની કેટલીક હસ્તપ્રતો ઈ. સ.ના પ્રારંભિક કાળની મળી આવી છે. એ વખતની લિપિ આ બ્રાહ્મી ને ખરોષ્ઠી તરીકે ઓળખાતી હતી. પાછળથી સુતરાઉ કે રેશમી કાપડ પર, ચામડાં પર ને લાકડાંની પાટીઓ પર લખાણો થતાં હતાં. દાનપત્રો જેવા કાયમી દસ્તાવેજો ત્રાંબાનાં પતરાં પર કોતરાતા.


↑યુરોપમાં પણ પુસ્તકો સૌપ્રથમ તો લાકડાનાં બીબાંમાં જ કોરીને છપાતાં. પરંતુ તેની પહેલાં લાકડામાં ગંજીપાનાં પાનાં કોરીને છાપવાની શરૂઆત થએલી. એવાં ઈ. ૧૪૭૦ની સાલનાં પાનાંના નમૂના ઉપર આપ્યા છે. તે પછી પાદરીઓ ધર્મપ્રચાર માટે ગામેગામ ફરી ઈસુના જીવનપ્રસંગોનાં એ રીતે છાપેલાં ચિત્રો વહેંચતા. એવો ઈ. ૧૪૨૩ની સાલના યુરોપના પ્રાચીનમાં પ્રાચીન કાષ્ઠકોતરકલાના ચિત્રનો નમૂનો આ નીચે આપ્યો છે.



કાગળની બનાવટ પહેલવહેલી ચીનમાં થએલી મનાય છે. પ્રસિદ્ધ ચીની યાત્રીઓ ફા-હીઆન અને હ્યુ-એન-સંગ અહીંથી સંખ્યાબંધ ગ્રંથોની હસ્તપ્રતો લઈ ગયા હતા તે પણ તાડપત્રની જ હશે. આપણે ત્યાં કાગળ પરની હસ્તપ્રતો તો ૧૧મા ૧૨મા સૈકાથી શરૂ થઈ મનાય છે.

મધ્ય એશિયામાં ચીનના તુન-હ્વાંગ પ્રાંતમાં આવેલી સહસ્ર બુદ્ધોની ગુફાઓમાંથી ચીનના હસ્તલિખિત ગ્રંથોનો એક મોટો ભંડાર થોડાં વર્ષ પર પ્રસિદ્ધ શોધક ઑરેલ સ્ટાઈનને હાથ લાગ્યો હતો, અને એમાં છપાએલું એક પુસ્તક પણ મળી આવ્યું હતું. એનું નામ હતું : 'હીરકસૂત્ર'. ઑરેલ સ્ટાઈનના જણાવ્યા પ્રમાણે એ દુનિયાનું જૂનામાં જૂનું છપાએલું પુસ્તક છે! એ સરસ રીતે જળવાઈ રહ્યું છે. યુરોપમાં પાછળથી જે મુદ્રણકામ શરૂ થયું તેના કરતાં યે આ પુસ્તકનું મુદ્રણ સારું દેખાય છે. આ પુસ્તક સોળ ફૂટ લાંબા ને એક ફૂટ પહોળા ટીપણા–ઓળિયાના રૂપમાં છે. અઢી-અઢી ફૂટની લંબાઈનાં છ પાનાં લખાણનાં અને એક ફૂટ લાંબું પાનું એક વુડકટ ચિત્રનું, એમ કુલ સાત પાનાં જોડીને આ ઓળિયું બનાવેલું છે. અને તે ઈ. ૮૬૮માં છપાએલું મનાય છે.

ચીનનું આ પ્રારંભિક મુદ્રણ છૂટાં ધાતુનાં બીબાં વડે નહિ, પણ લાકડાની પાટી પર અક્ષરો કોતરીને થતું હતું. આ જાતનાં મુદ્રણોને અંગ્રેજીમાં xylography અથવા તો block-printing કહે છે. યુરોપમાં પણ મુદ્રણની શરૂઆત આ રીતે જ થએલી. મૂળ તો લોકરંજનના સાધનરૂપ ગંજીપાનાં પાનાં કાષ્ઠ-તખ્તીઓ(વુડકટ)પરથી છાપવાનું યુરોપમાં ૧૪મી સદીમાં શરૂ થયું. પાછળથી જુગાર સામે ધર્મનો વિરોધ આવી પડતાં આ જ છાપકામની પદ્ધતિ ધાર્મિક ચિત્રાકૃતિઓ છાપવામાં કામે લાગી. ગામેગામ ફરતા પાદરીઓ ઇસુ ખ્રિસ્તના ઉપદેશની સાથે ખ્રિસ્તના જીવનના પ્રસંગો દર્શાવતાં આવાં ચિત્રોની નકલો અભણ અને ગરીબ શ્રોતાવર્ગમાં વહેંચાતી. (જુઓ સાથેનાં ચિત્રો.)



↑મથાળે : યુરોપમાં એવી રીતે આખું પાનું લાકડામાં કોરીને છાપેલી, ચિત્રો તથા અક્ષરોવાળી 'બ્લૉકબુક'નો નમૂનો; તથા તેની નીચે : યુરોપમાં એવાં પુસ્તકો હાથેથી દાબ આપીને છાપવા માટે બનાવેલા મુદ્રણયંત્ર(હૅન્ડપ્રેસ)નો અતિ પ્રાચીન નમૂનો.





↑છૂટાં બીબાં શોધાયા પહેલાં લાકડાની તખ્તીઓ ઉપર પુસ્તકનું આખું પાનું કોતરીને, તે પર શાહી લગાડી કાગળ પર દાબીને છપાતું. એવાં પાનાંની ચોપડીને 'બ્લૉકબુક' કહેતા. એવી ચીનની ઈ. ૧૧૬૭ની સાલની 'બ્લૉકબુક'નું પાનું.

આ પછી ધીરે ધીરે એ જ કાષ્ઠતખ્તીઓ પરથી પુસ્તકો છાપવાનું શરૂ થયું. તેમાં પુસ્તકનું આખું પાનું એક પાટી પર કોતરીને તે પર શાહી લગાડી કાગળ દાબી છાપ ઉતારાતી. આવી 'બ્લૉક-બુક' છાપવાનો પ્રારંભ ૧૫મી સદીમાં હૉલંડમાં થયો. પાછળથી ધાતુનાં છૂટાં બીબાં ગોઠવીને છાપકામ કરવાની શરૂઆત થઈ ત્યારે પણ આ કલા ચાલુ હતી. તે છેક ૧૯મી સદી સુધી ચાલુ રહી હતી અને બંને પ્રકારના કારીગરો વચ્ચે તીવ્ર હરીફાઈ ચાલતી હતી. લાકડાનાં પાટિયાં પર અક્ષરો કોતરીને છાપકામ કરનારાઓમાં મુખ્ય હૉલંડનો લૉરેન્સ કૉસ્ટર હતો. દરેક અક્ષર માટે ધાતુનું છૂટું બીબું બનાવ્યું હોય તો આ આખાં ને આખાં પાનાં કોતરવાની કડાકૂટ દૂર થાય, ને પુસ્તક છપાઈ ગયા બાદ તે જ બીબાં બીજા પુસ્તક માટે પણ વાપરી શકાય એવી ચતુરાઈભરી શોધ સૌપ્રથમ જર્મનીના જૉન ગટનબર્ગે કરી. કેટલાકના મત પ્રમાણે તે કામ પણ કૉસ્ટરે જ શરૂ કર્યું હતું.

બ્લૉક-પુસ્તકોમાં પણ નવા નવા પ્રયોગો થતા રહેતા. કોઈ પુસ્તકમાં માત્ર ચિત્રો જ રહેતાં, ને પાને પાને થોડુંક લખાણ રહેતું, તો વળી બીજાં કેટલાંક પુસ્તકોનાં લખાણની ચોતરફ સુંદર સુશોભનો અંકિત થતાં.

બ્લૉક મુદ્રણનો સૌથી સુંદર નમૂનો Speculum Humanæ Salvationis (The Mirror of Salvation) છે. આની પ્રતો ખૂબ જ લોકપ્રિય હતી ને યુરોપના લગભગ દરેક મઠમાં એ જળવાઈ હતી. આ પુસ્તકનું ધાતુનાં બીબાં વડે પણ મુદ્રણ થયું હતું. પ્રદર્શનમાં આ પુસ્તકનાં બંને પ્રકારનાં મુદ્રણના નમૂનાની તસ્વીરો હતી.

મુદ્રણકલા આગળ વધે છે, ને આપણે પંદરમી સદીની અધવચ્ચે આવીએ છીએ. જર્મનીમાં યોહાન ગટનબર્ગે ધાતુનાં બીબાં વડે સુંદર છાપકામ શરૂ કરી દીધેલું. એનો એક નોકર પીટર શૉફર હતો, જે પાછળથી એને ત્યાંથી છૂટો પડીને યોહાન ફુસ્ટ નામના એક સોની સાથે જોડાયો હતો. એ વખતનાં છપાએલાં બે પુસ્તકોમાંના એક એક પાના-



બતાલીસ લીટીના બાઈબલ'ને નામે ઓળખાતા ગટનબર્ગના છાપેલા વિખ્યાત પુસ્તકની ૧૪૫૫ની સાલની સુશોભિત આવૃત્તિનું પાનું, જેનાં સુશોભનો પાછળથી હાથે ચીતરેલાં છે.

ની સુંદર તસ્વીરો પ્રદર્શનમાં હતી: એક નમૂનો હતો ગટનબર્ગે છૂટાં બીબાં ગોઠવીને છાપેલા સૌપ્રથમ ગ્રંથ '૪૨ લીટીના બાઇબલ'નો; ને બીજો હતો સૉલ્ટર(Psalter)નો. પહેલાં બાઈબલના પુસ્તકનાં દરેક પાના પર ૪૨-૪૨ લીટીઓ હતી, એટલે એને '૪૨ લીટીનું બાઇબલ' કહે છે. આમાં દરેક પાના પર બે કૉલમમાં લખાણ છપાયું છે, ને મથાળે તેમજ વચ્ચે થોડીક જગ્યા ખાલી રખાઇ છે. આ ખાલી જગ્યામાં તેમજ ચારે બાજુએ ફૂલવેલો ને પશુ-પક્ષીઓનાં રંગીન ચિત્રો વડે સુંદર સુશોભનો પાછળથી હાથ વડે આલેખવામાં આવ્યાં છે. મુદ્રણની નવીન અને કઠિન કલાનો આ પહેલવહેલો વ્યવસ્થિત પ્રયાસ મનાય છે. પુસ્તકમાં સુશોભન કરનારે સુશોભનકાર્ય પૂરું કર્યાની તારીખ ૨૪મી ઑગસ્ટ ૧૪૫૬ આપી છે, એટલે પુસ્તક એ તારીખ પહેલાં છપાયું હોવાનું નક્કી થાય છે. આ પુસ્તકની એક નકલ હાલ પારીસના રાષ્ટ્રીય ગ્રંથાલય 'બિબ્લીઓથેક નાશીઓનેલ'માં સંગ્રહાઈ છે.

આવું જ એક બીજું સરસ રીતે છપાએલું પુસ્તક સૉલ્ટર છે.ખ્રિસ્તી



જમણી બાજુ: ધાતુનાં છૂટાં બીબાંની પદ્ધતિનો પહેલો શોધક જૉન ગટનબર્ગ, જે આધુનિક મુદ્રણના પિતા ગણાય છે.

ધર્મનો એ ઉપદેશગ્રંથ છે. એ ફુસ્ટ અને શૉફરે ૧૪૫૭માં છાપ્યું હતું અને એની ૧૦ નકલો જળવાઈ રહી છે. એ દસે દસ નકલો 'વેલમ' નામના અતિપાતળા ને કૂંળા ચામડા પર છપાએલી છે ને એનાં પાનાંઓ પર ઝીણવટભર્યા સુશોભનો પથરાએલાં છે.એના પ્રકાશન પાછળ કોઇ વ્યાપારીદૃષ્ટિ નહિ, પણ કોઈ ધનિક પાદરીઓની એ પ્રેરણા હતી.

આ રંગીન સુશોભનાત્મક પુસ્તકો પરથી આપણને સ્વાભાવિક રીતે જ આપણા રાજપુત-મુઘલ યુગના ચિત્રાત્મક હસ્તલિખિત ગ્રંથોનું સ્મરણ થાય છે. આપણા એ કીમતી ગ્રંથો(હસ્તલિખિત કે છપાએલાં) આજે તો ખાનગી સંગ્રહાલયોમાં દટાઈ રહ્યા છે. એ પણ અવારનવાર જાહેર પ્રદર્શનોમાં ગોઠવાવા જોઇએ.

જર્મની અને હૉલંડમાંથી મુદ્રણકલા યુરોપના બીજા દેશોમાં ફેલાઈ. ઇટાલીમાં રોમ પાસેના એક નાનકડા ગામમાં પહેલવહેલું પુસ્તક Lactantius ૧૪૬૫માં છપાયું. એની નવીનતા એ હતી કે આ અગાઉ હૉલંડ-જર્મનીનાં પુસ્તકોમાં ગૉથિક લિપિ હતી, જ્યારે આ ઇટાલીના પુસ્તકમાં પહેલવહેલી રોમન લિપિનાં બીબાં વપરાયાં હતાં. જોકે એ પણ જર્મન કારીગરોએ જ બનાવેલાં હતાં.

પણ ઇટાલીનો પોતાનો નામાંકિત મુદ્રક તો આલ્ડસ માનુશિયસ હતો. એણે મુદ્રિત કરેલા અને સુંદર સુશોભિત ચિત્રોથી ભરપૂર 'હિપ્નેરોટોમાશિયા પોલીફીલી' નામના પ્રેમકથાત્મક પુસ્તકના એક પાનાનો નમૂનો પ્રદર્શનમાં હતો. આ પુસ્તકમાંનાં ચિત્રો મહાન કલાકાર રાફાયલે કર્યા હોવાનું અનુમાન છે. અત્યાર સુધી માત્ર મઠો ને ધનિકાલયો જ વસાવી શકે એવા દળદાર ને કીમતી ધાર્મિક ગ્રંથો છપાતા હતા; પણ આલ્ડસે નવો ચીલો પાડ્યો. એક તો એણે જનસમુદાયને પરવડે એવી સસ્તી કિંમતનાં ને નાના કદનાં પુસ્તકો છાપવાનું શરૂ કર્યું; ને બીજું, ધાર્મિક ગ્રંથોના સંકુચિત ક્ષેત્રમાંથી નીકળીને એણે જનસામાન્યને જ્ઞાનવિજ્ઞાનનાં ક્ષેત્રોનો પરિચય આપવાનું કામ પણ આદર્યું. એ માટે એણે છાપેલી એની 'આલ્ડાઇન પુસ્તકમાળા' મશહૂર છે.

એ જ અરસામાં ફ્લૉરેન્સમાં પણ હોમરનાં કાવ્યપુસ્તકો છપાવાં શરૂ થયાં હતાં. પણ વેનીસની મુદ્રણકલા એથી યે આગળ વધી. ત્યાંના એરહાર્ડ રેટૉલ્ટે 'યુક્લિડ'નું અદ્‌ભુત મુદ્રણ કર્યું. એનું મુખપૃષ્ઠ શણગારેલું હતું. પહેલી જ વાર સોનેરી રંગ પણ આમાં વપરાયો હતો, અને બહુરંગી છાપકામનો કદાચ એ સૌપહેલો (અનુસંધાન પૃ. ૩૦મે)

જેનાથી આ દુનિયાની લગભગ અરધી વસતિના લોકો પીડાય છે એટલો બધો વ્યાપક અને કદીક પ્રાણઘાતક નીવડતો રોગ

પેટના કૃમિ



↑ માત્ર બે વરસના બાળકના પેટમાંથી નીકળેલા ગોળ કૃમિનો ઢગલો! આ કરમિયા સંખ્યામાં એટલા બધા વધે છે કે તે આંતરડાંનો માર્ગ રૂંધી દે છે, અને કદીક તેના ઢગલાનો બનેલો ગઠ્ઠો પ્રાણઘાતક પણ નીવડે છે. (ફોટો: બરોઝ વેલકમના સૌજન્યથી)


પેટના કૃમિનો ઉપદ્રવ અને એનું નિવારણ એ દેશદેશના સામાજિક આરોગ્યની જલદ સમસ્યા છે. કૃમિના ઘણા પ્રકાર છે અને એ દરેક જાત માનવ શરીરમાંથી પોષણ મેળવી પરોપજીવી જીવન જીવે છે. ચપટા કૃમિ રોજના ચાર ઇંચ લેખે વધી, ૧૦ થી ૩૦ ફૂટની લંબાઈ પામી, યજમાનનાં આંતરડાંમાં વીસ કે વધારે વર્ષો સુધી વસી ખોરાકનો મહત્ત્વનો ભાગ ખાઇ જાય છે! ગોળ કરમિયા સંખ્યામાં વધી પડી આંતરડાંના માર્ગ રૂંધી દે છે, તો વળી કરમિયાના ઢગલાનો બનેલો ગઠ્ઠો કદીક પ્રાણઘાતક સ્થિતિ ઉપજાવે છે. આ કરમિયાની ઇયળો (larvæ) લોહી વાટે ફેફસાંમાં જઈ ન્યૂમોનિયા પેદા કરે છે.

૧૯૫૩મા પોતાની જાત પર પ્રયોગ કરવા માટે ઓલર ગોળ કૃમિનાં બે હજાર ફલિત ઇંડાં ગળી ગયો, જેને પરિણામે તેને તાવ, ન્યૂમોનિયા અને લોહીની ઊલટી થઈ આવ્યાં. ગળફામાં બસ્સો ઇયળો નીકળી અને દસ અઠવાડિયાં બાદ ઝાડા વાટે ૬૭૦ કૃમિ નીકળ્યા! ઍન્સાઈલોસ્ટોમા (Ancylostoma) અને શિસ્ટોસોમા (Schistosoma) નામના કૃમિ આંતરડાં અને મૂત્રાશયની આંતરત્વચાને ઈજા પહોંચાડી લોહીસ્રાવ અને રક્તક્ષય આણે છે. કૃમિની જીવનક્રિયાથી પેદા થએલા વિષથી શીળવાનાં ચકામાં થઈ આવે છે. અને વળી નવાઈની વાત તો એ છે કે ફાયલેરિયા નામના કૃમિ દસકાઓ—અરે જિંદગી પર્યંત લોહીમાં ફરતા રહેવા છતાં કોઈ રોગનાં ચિહ્નો જ દેખાતાં નથી. પણ તે રોગીની પ્રતિકારશક્તિ ઘટાડી ક્ષય અને કુષ્ઠરોગ જેવા ચિરકારી ચેપી રોગોને પગપેસારો કરવાનું સુગમ બનાવે છે.

માનવી માટે રોગજનક (pathogenic) કૃમિ ૧૪૦ પ્રકારના થાય છે! આમાંના ૬૬ જાતના ગોળાકાર કૃમિ જગતની વસતિના મોટા ભાગને રોગાવસ્થા આણનાર છે. અમેરિકન સોસાએટી ઑવ પૅરેસાઇટૉલૉજી (પરોપજીવી જંતુઓનું શાસ્ત્ર)ના પ્રમુખ નૉર્મન સ્ટૉલના કથન મુજબ ઍન્સાઇલોસ્ટોમા કૃમિથી પીડાતા એશિયાભરના ૩૫ કરોડ ૯૦ લાખ માણસોમાંથી ૨૦ કરોડ ૫૦ લાખ તો હિંદવાસીઓ છે! દુનિયાભરમાં એનાથી કુલ્લે પીડાતા માનવીઓની સંખ્યા ૪૫ કરોડ ૭૦ લાખની છે. આ અને ગોળ કરમિયાથી પીડાતા દુનિયાભરના ૬૪ કરોડ ૪૦ લાખ માનવીઓનો સરવાળો દુનિયાભરની વસતિની સંખ્યાથી અરધો થવા જાય છે!

પોષણ મેળવી જીવવા કાજે બીજા કોઇ જીવતા દેહની અંદર કે ઉપર નભનાર જીવોને પરોપજીવી પ્રાણીઓ (parasitic animals) કહેવામાં આવે છે. જેના ઉપર તે જીવે તે યજમાન (host) કહેવાય છે. પરોપજીવી પ્રાણીઓના બે વિભાગ છે: ખરા પરોપજીવીઓ સજીવ યજમાનના લોહી અને લસી ઉપર જીવે છે; મૃતજીવી પરોપજીવીઓ (saphrophytic) મૃત કે કહોવાતા પદાર્થો ઉપર જીવે છે. ઘણા ખરા પરોપજીવીઓ રોગજનક હોય છે.

પરોપજીવીઓનું પ્રજનન વિવિધતાભર્યું છે. કેટલાક (પ્રોટોઝોઆ વર્ગ) યજમાનના શરીરમાં પેઢી દર પેઢી પ્રજનન સાધે છે. બીજા (કૃમિ વર્ગ) યજમાનના શરીરમાં જાતીય પક્વતા પામી પ્રજનન કરે છે ખરા, પણ એમની બીજી પેઢી એ જ યજમાનના શરીરમાં જાતીય પક્વતા પામતી નથી; તો વળી કોક પરોપજીવીને જીવનવર્તુળ પૂરું કરવા માટે બે જુદી જાતના યજમાનો જોઇએ છે. એકમાં તે અપરિપક્વ રહે છે તો બીજામાં જાતીય પક્વતા પામે છે. આ ઘટનામાં પહેલો યજમાન 'વચલો યજમાન' કહેવાય છે.



ચપટા કૃમિનાં અંગઉપાંગ: (अ તેનું માથું ગરદન તથા શરૂનો ભાગ; ब વચ્ચેનો ભાગ; क છેવટના ભાગના અંકોડા) ગોળ કરમિયા સંખ્યામાં વધે છે, તો આ ચપટા કૃમિ (ટેઇપ વર્મ) માન્યામાં પણ ન આવે એટલી લંબાઇમાં વધે છે—તે રોજના ચાર ઇંચ લેખે વધી ૧૦ થી ૩૦ ફૂટની લંબાઇ પામે છે, અને દરદીના આંતરડામાં વીસ કે વધારે વર્ષ સુધી રહીને તેના ખોરાકનો મહત્ત્વનો ભાગ ખાઈ જાય છે, જેથી દરદી ક્ષીણ થતો જાય છે.

માનવીને આ પરોપજીવીઓનો ચેપ ત્રણ રીતે લાગુ પડે છે: (૧) તાજા ખોરાક કે પાણી સાથે એનાં ઇંડાં પેટમાં જવાથી, (૨) વચલા યજમાનના આહારથી (એટલે કે માંસાહારથી) અપરિપક્વ પરોપજીવીઓ પેટમાં જવાથી અને (૩) વચલા યજમાન દ્વારા પરોપજીવીઓ આપણા શરીરમાં દાખલ થવાથી,—દાખલા તરીકે મૅલેરિયાના જીવાણુઓ.

આપણા શરીરમાં રહેલા પરોપજીવીઓ દ્વારા પાંચ કારણોસર રોગ થઈ આવે છે: (૧) ઈજાથી (૨) પેશીઓમાં દાહ ઊપજવાથી (૩) પોષણ પર નભવા (૪) લોહી ઘટવાથી ને (૫) વિષની અસરથી.

માણસોને થતા કૃમિના બે વિભાગ છે: ચપટા લાંબા ને પટ્ટી જેવા 'સેસ્ટોડા' કૃમિ (Cestoda) ને ગોળ 'મેમાટોડા' (Mematoda) કૃમિ.





ઉપર ડાબી બાજુ: લેખને મથાળે જેનું સમૂહચિત્ર આપ્યું છે તે ગોળકૃમિનાં નર ને માદાનું અતિ નાનું કરી બતાવેલું કદ, અને તાજા દસ્તમાં બારીક ઇયળો જેવા દેખાતા તંતુકૃમિનું ઘણું મોટું કરીને દર્શાવેલું કદ. જમણી તરફનું ચિત્ર દરદીના નાના આંતરડાની દીવાલને બચકું ભરીને વળગેલા હૂકવર્મનું મોઢું દર્શાવે છે.

ચપટા કૃમિ (Tape-Worm)

આ કૃમિની ચાર જાતો માનવીનાં આંતરડાંમાં વસે છે. એની લંબાઈ દસથી ત્રીસ ફૂટ જેટલી હોય છે! એના નાનકડા માથા ને ગરદનને ભીંગડાં(Segments Proglottods)ની લાંબી કે ટૂંકી હાર જોડાએલી હોય છે. માથામાં આવેલી ચૂસણીઓ(suckers)થી તે આંતરડાંની અંદરની દીવાલને ચોંટી એમાંથી પોષણ ચૂસી લે છે!

ચપટા કૃમિનાં ભીંગડાં છૂટાં પડી દસ્ત વાટે શરીર બહાર ફેંકાય છે. એ ભીંગડાંમાં રહેલાં ઇંડાં છૂટાં પડે છે, જે આહાર વાટે કોઈ પ્રાણીના શરીરમાં જઈ મહિનાઓ પર્યંત વાસો કરે છે. આવા પ્રાણીનું બરાબર ના રંધાએલું માંસ માનવીના પેટમાં જતાં ઇંડાંનું કોટલું ફાટી કૃમિ બહાર પડી આંતરડાંની દીવાલને ચોંટી વૃદ્ધિ પામે છે! ઇંડાં પેટમાં ગયા બાદ બે મહિને કૃમિનાં ભીંગડાં દસ્ત વાટે બહાર આવે છે.

ચપટા કૃમિને લીધે અપચો રહે છે કે પુષ્કળ ભૂખ લાગે છે, પણ શરીર સુકાવા માંડે છે ને રક્તક્ષય થાય છે. આ કૃમિનો ઉપદ્રવ ન થાય એ માટે સારીપેઠે રાંધેલાં માંસ કે મચ્છી જ આહારમાં લેવાં જોઇએ, કાચાં-અધકચરાં નહિ.

કૃમિનો ઉપદ્રવ જણાય તો તેના નિકાલ માટે ચોક્કસ ઉપચાર કરવા જોઇએ. આ માટે જાણીતી દવા ફેલિક્સ માસ છે; પણ તે ઝેરી છે ને વિલાયતી મીઠા સાથે તેને લેવાની રીતમાં ઘણી કડાકૂટ કરવી પડે છે.

ચાઇનીઝ મેડિકલ જર્નલના જાન્યુઆરી-ફેબ્રુઆરી ૧૯૫૯ના અંકમાં પ્રગટ થએલા પ્રો. એલ. સી. ફૅન્ગના, કોળાનાં બી અને સોપારીના ઉકાળાના સરળ ને સુલભ પ્રયોગ વિષે 'ભિષગ્ભારતી'ના ઑગસ્ટ '૫૯ના અંકમાં લખતાં શ્રી શાન્તારામ વૈદ્ય જણાવે છે કે 'કોળાનાં બી ને સોપારીનું ટૅનીન બંને કૃમિને ક્ષુબ્ધ કરી તેની ગતિ મંદ કરી દે છે. કૃમિ અચેતન થાય છે અને આંતરડાંની સંકોચ-વિકાસની ગતિ સાથે નીચે ઠેલાતાં જઈ મળ સાથે શરીર બહાર ફેંકાઈ જાય છે.

પ્રથમ કોળાનાં બી ખાવાં. બીયાંનાં છોડાં ઉપયોગી છે. માત્રા ૧૦૦ ગ્રામ એટલે આશરે દોઢ નવટાંક છે. બીયાંને સહેજ શેકીને છોડાં કાઢી નાખવાં. એનું ચૂર્ણ બનાવવું કે ઊકળતા પાણીમાં નાખી પી લેવાં. બે કલાક બાદ પાશેર (૧૨૫ ગ્રામ) સોપારીનો ઉકાળો પીવો. ત્યાર બાદ અરધા કલાકે એક ઔંસ જેટલું વિલાયતી મીઠું લેવું.'

ઉપરની વિગતમાં કોળાનાં બી અને સોપારીનું પ્રમાણ મોટું છે. પ્રયોગથી માત્રા નક્કી થવાની જરૂર છે. મૅલેરિયા માટે વપરાતી એટેબ્રિન કે મેપાક્રિન ગોળીઓ પણ આ કૃમિ માટે અસરકારક નીવડી છે.

ગોળ કૃમિ

આ વર્ગમાં ઘણી જાતના કૃમિનો સમાવેશ થાય છે, જેમાં મુખ્ય ત્રણ છે: (૧) ગોળ કરમિયા (૨) તંતુ કૃમિ અને (૩) હૂકવર્મ.

ગોળ કરમિયા (Ascaris Lumbricoides): અળસિયા જેવા દેખાવના ને ગુલાબી-ભૂખરા રંગનાં આ લાંબા કૃમિને આપણે સામાન્ય રીતે કરમિયાને નામે ઓળખીએ છીએ. બધી જાતના કૃમિઓમાં આમનો ઉપદ્રવ ઘણો વધારે, અને એમાં યે ખાસ કરીને પાંચ વર્ષની વય સુધીનાં બાળકોમાં વિશેષ રહે છે. દુનિયાના લગભગ બધા જ ભાગોની વસતિનાં આંતરડાંમાં પરોપજીવી જીવન વીતાવતા આ કૃમિ સંખ્યામાં પણ અધિક રહે છે. યજમાનના શરીરમાં ડઝનોથી માંડી સેંકડોની સંખ્યામાં તે પાંગરે છે!

પુખ્ત વયના કરમિયામાં માદા કરતાં નર નાનો હોય છે. માદા ૭ થી ૧૪ ઇંચ લાંબી તો નર ૪ થી ૮ ઇંચ લાંબો હોય છે. મોંમાં આવેલા દાંત વતી આંતરડાંની દીવાલને તે વળગી રહે છે. માદાની ફળદ્રુપતા પણ અજાયબીભરેલી છે. રોજના તે રોજના લાખથી માંડી બે લાખ જેટલાં ઇંડાં મૂકે છે, જે દસ્ત વાટે શરીર બહાર આવે છે. પાણી કે ખોરાક વાટે આ ઇંડાં પેટમાં જતાં નાનાં આંતરડાંના આગલા ભાગમાં નિવાસ કરે છે જ્યાં મહિના માસમાં પુખ્ત કરમિયામાં વિકાસ પામે છે.


રોગીને કરમિયાની હાજરીની જાણ થતી નથી; અગર તો અપચો, પેટમાં વાયુ કે ચૂંક એવી મોઘમ પીડા થાય છે. કરમિયાની જીવનક્રિયાના કારણે પેદા થએલા ઝેરથી બાળક ચીડિયું બને છે, તાણો આવે છે કે શરીર પર શીળવા થઈ આવે છે. કોકને દમ કે મરડાનાં ચિહ્નો પણ જણાય છે. કરમિયાની ભમવાની ટેવને લીધે તે કોક વાર પિત્તનળી, શ્વાસનળી, કંઠનળી કે ફેફસાંમાં જઈ ચડી વિધવિધ ચિહ્નો પેદા કરે છે. હોજરીમાં આવેલો કરમિયો ઊલટી વાટે બહાર પડે છે. રાતના ઊંઘ વખતે અન્નનળી વાટે મોંઢા કે નાક વાટે શરીર બહાર આવે છે. કદીક સંખ્યાબંધ કરમિયા ગોળ લોચો વળી આંતરડાંમાં અવરોધ (Intestinal obstruction) ઊભો કરવાથી પ્રાણઘાતક સ્થિતિ પેદા થાય છે, જે માટે તાત્કાલિક શસ્ત્રક્રિયા કરાવવાની જરૂર ઊભી થાય છે.

કાચાં શાકભાજી (મૂળા, પાકાં ટામેટાં, ગાજર, કાકડી, કોબીજ, ફલાવર વગેરે) તથા ફળ ખાવાથી કરમિયાનાં ઈંડાં પેટમાં જાય છે. આ ઇંડાં એટલાં તો સૂક્ષ્મ હોય છે કે નરી આંખે તો દેખાતાં જ નથી. આ ખાદ્યો કરમિયાનાં ઇંડાંવાળી ધરતી કે પાણીના સ્પર્શમાં આવ્યાં હોવાનો સંભવ છે. મન ફાવે ત્યાં મળત્યાગ કરવા બેસવાની કુટેવને લીધે ધરતી અને પાણી કરમિયાનાં ઈંડાંથી દૂષિત થાય છે. આરોગ્ય જાળવવાની દૃષ્ટિએ કાચાં શાકભાજી તથા ફળો પાણી વતી બરાબર ધોયા બાદ જ ખાવાં જોઇએ; ધોયા વિના ખાવાથી ઈંડાં પેટમાં જવાથી કરમિયા થવાની દહેશત રહે છે.

કરમિયા માટે જૂની અને જાણીતી દવા સેન્ટોનીન છે. રોગીને રાતના અરધા ઔંસ દિવેલનો જુલાબ આપવો. આ પછી ખાવાનું ન આપવું. બીજી સવારે સેન્ટોનીન પાઉડર આપવો. આ પછી ચાર કલાકે વિલાયતી મીઠા(ઍપ્સમ સલ્ફ)નો જુલાબ આપવો. ઝાડા થયા પછી ખાવાનું આપવું. ઉપચારની સફળતા જાણવા માટે લૅબૉરેટરીમાં દસ્તની



↑જમણી બાજુએ જેનો પ્રવાસક્રમ દર્શાવ્યો છે તે હૂકવર્મનાં નર માદાનાં અતિ મોટાં કરીને દર્શાવેલાં રૂપ. નળી આકારના અને ગુલાબી રંગના આ કૃમિનો નર ૧/૩ ઈંચનો અને માદા ૧/૨ ઈંચની હોય છે. દોરા જેવા એમના શરીરમાં આવેલા ઘંટ આકારના મોંમાં અંકોડા ઘાટના ચાર દાંત ઉપર બે બે દાંત નીચે હોય છે, જે વડે તે આંતરડાંની આંતરત્વચાને વળગે છે (જુઓ સામેના પાના પરનું ચિત્ર) ત્યાંથી લોહી ચૂસી તેને ખાઇ જાય છે.



હૂકવર્મનો જન્મ અને પ્રસાર–નીચેના ડાબી બાજુના ચિત્રમાં બતાવેલા દર્દીના નાના આંતરડામાંથી નીકળતા તીરની દિશામાં થતા પ્રવાસનું ચક્ર : (૧) નાના આંતરડામાં ઊછરેલાં હૂકવર્મનાં ઇંડાં (૨) માણસના દસ્તમાં બહાર નીકળે છે. ધરતી પર પડેલો એ દસ્ત પાંદડાંથી ઢંકાએલી ભીની જમીનમાં સમાતાં, તેમાંનાં ઈંડાં બહારની હવા અને ગરમીથી ઊછરે છે. પછી (૩) ક્રમશ: તેનો વિકાસ થઈ પક્વ બને છે, જેમાંથી નીકળતી ઇયળનાં બે રૂપો અહીં દર્શાવ્યાં છે. (૪) એ ઇયળો પછી ઉઘાડા પગે ફરતા માનવીના પગમાંની ફાટ, ચીરા કે આંગળાંની વચ્ચેના ભાગ દ્વારા શરીરમાં પ્રવેશે છે, જ્યાંથી લોહીની શિરાઓ દ્વારા તે હૃદય તથા ફેફસાં વાટે ગળામાં જઈ ત્યાંથી અન્નનળી દ્વારા હોજરીમાં પ્રવેશે છે.

તપાસ કરાવવી. જો દસ્તમાં ઈંડાં હોય તો બીજી વાર સેન્ટોનીન આપવું.

સેન્ટોનીન કરતાં વધારે અસરકારક દવા હેક્ઝાઈલ રિસોર્સિનૉલ છે, જે કૅપ્રીકૉલ તથા ક્રિસ્ટૉઇડ્ઝના નામે વેચાય છે. આની કૅપ્સ્યુલ કે ગોળી ગળવાની હોય છે. ભૂખ્યા પેટે તે ગોળી આપ્યા બાદ ચાર કલાકે વિલાયતી મીઠાનો જુલાબ આપવો. જુલાબ થયા બાદ ખાવાનું આપવું.

બાળકોને આપવાની સુગમ પડે એવી દવા પીપેરેઝાઇન છે. આની બનાવટો ગોળી (દા.ત. એન્ટાસીલ) અને પ્રવાહી (દા. ત. સીરપ હેલ્મિસિડ) રૂપમાં વેચાય છે. ગોળી દૂધ કે મધમાં અઠવાડિયા પર્યંત લાગલાગટ આપવાની છે. ત્રણ અઠવાડિયા પછી બીજો કોર્સ (દોર) આપવો. આ દવા આપ્યા બાદ જુલાબ આપવાની જરૂર રહેતી નથી.

તંતુ-કૃમિ

તંતુકૃમિ (Enterobius Vermicularis: Oxyuriasis; Thread-worm; Pin-worm; seal-worm): ગોળ કૃમિની એક જાત સૂતરના તાંતણા જેવી પાતળી ને સફેદ થાય છે. ૧/૪ થી ૧/૨ ઈંચ જેવડા કદના આ કૃમિ તંતુકૃમિ કહેવાય છે. તાજા દસ્તમાં તે નાના તાંતણા જેવા સળવળતા દેખાવાથી કેટલાક એને 'સળવળિયા' નામથી ઓળખે છે. આ કદ માદાનું છે. નર તો એથી યે નાના હોય છે.

કૃમિનાં ઈંડાંથી દૂષિત પાણી કે રાંધ્યા વિનાનાં શાકભાજી તથા ફળ ધોયા વગર ખાવાથી આ કૃમિનો ઉપદ્રવ થાય છે. ઈંડાં હોજરીમાંથી પસાર થઈ સિકમ (નાના ને મોટા આંતરડાંનું સંગમસ્થાન) કે

મોટાં આંતરડાંમાં જાય છે. ત્યાં પક્વ થઈ, પ્રજનન કરી બહુસંખ્ય બને છે. બાળકો ને મોટા માણસો બધાંને આ કૃમિની પીડા થાય છે.

તંતુકૃમિને લીધે ગુદાદ્વારમાં ખણજ ને ચૂંટ ઊપડે છે. આ ખાસ રાતના થાય છે. આના લીધે બાળરોગી બેચેન અને ચીડિયું બને છે, ઊંઘમાં દાંત કચકચાવે છે, નાક ચૂંટયા કરે છે, પથારીમાં આળોટતું રહી રડયા કરે છે, વારંવાર તેને પેશાબની હાજત થાય છે. છોકરાઓને ગુદામાંથી તો બાળાઓને યોનિમાંથી ચીકણો સ્રાવ આવે છે. ઝાડા થાય છે. માંદલા બાળકને તાણો આવે છે. મોટા માણસને પણ અવાર-નવાર ગુદામાં ચૂંટ આવે છે. સ્ત્રીઓને યોનિમાં ખણજ થાય છે. ખણવા-થી થએલાં નખના ઘાને લીધે ગુદાની આસપાસ ચાંદાં ને ચીરા થાય છે. કૃમિ એપેન્ડિક્સમાં જઈ ભરાય તો ક્વચિત્ એપેન્ડિસાઇટિસનો પણ હુમલો થઈ આવે છે, જે માટે ઑપરેશન કરાવતાં એપેન્ડિક્સમાંથી તંતુકૃમિનો ગુચ્છો નીકળે છે.

આ કૃમિમાં ઉપદ્રવ કરનારી માદા જ છે. નર તો માદાને ફલિત કર્યા બાદ મરણ પામે છે, પણ નારી ગભરાયા વિના જીવનકાર્ય ધપાવે રાખે છે. પથારીમાં સૂતેલો યજમાન જ્યારે હૂંફાળો બને ત્યારે એનું કામ શરૂ થાય છે. માદા આંતરડાંમાં નીચે ઊતરી ગુદાની બહાર નીકળી આસપાસની ચામડીમાં ઇંડાં મૂકે છે. ચીકણાં ઇંડાં ચામડીને ચીટકી રહે છે. માદા ગુદા બહાર નીકળવાના કારણે બેચેની અને ખણજ થાય છે. વધારે ખણજવાથી ચામડીની દશા ખરજવા જેવી બને છે. વધારા-માં આંગળીઓની ચામડીમાં અને નખોમાં ઈંડાં ચોંટે છે. આ ઈંડાં ચોવીસ કલાક પર્યંત જીવતાં ચેપાળ રહે છે, એટલે આંગળાં મોંમાં જતાં ચેપનું પુનરાવર્તન થાય છે. ઈંડાંને મોંમાંથી આંતરડાંમાં જવાનું સહેલું પડે છે. આંતરડાંમાં ગયા બાદ એમનો વિકાસ થાય છે. રોગીનું શરીર છોડી પથારીની ચાદરમાં આવેલાં ઈંડાં ચાદર ખંખેરવાથી હવા-માં ને જમીન પર ફેલાય છે. શ્વાસોચ્છ્વાસથી હવા વાટે પણ ઈંડાં પેટમાં જાય છે. જમીન પર પડેલાં રમકડાં કે ખાવાનું મોંમાં મૂકવાની બાળકની ટેવને લીધે એને ચેપ લાગુ પડે છે. આ માટે ભોંય પર પડેલો રોટલો, પૂરી કે રમકડાં બાળક મોંમાં ન મૂકે એવી સાવચેતી રાખવી.

ઓરઝેચોવસ્કીનું કથન (૧૯૫૩) છે કે લૉન્ડ્રીનાં કપડાં ધોએલા એક લિટર (આશરે સવાબશેર) પાણીમાં ચાલીસ હજાર તંતુ કૃમિનાં ઈંડાં જણાયાં હતાં! ફળ અને શાકભાજી તો શું પણ નાણાંની નોટોને પણ આ ઈંડાં વળગે છે. કરમિયા તથા ઍન્સાઇલોસ્ટોમાનાં ઈંડાં ખુલ્લી હવામાં લાંબો વખત રહ્યા બાદ પક્વ બનતાં હોવાથી એમનો ચેપ તંતુ-કૃમિની જેમ સહેલાઈથી લાગતો નથી. આ કૃમિનો ચેપ તો આંગળાં કે હવા દ્વારા પણ લાગતો હોવાથી એનો ઉપદ્રવ ઘણો વ્યાપક છે. દુનિયાભરમાં ૨૦ કરોડ ૯૦ લાખ માણસો એનાથી પીડાતા હો-વાનું નૉર્મન સ્ટૉલનું અનુમાન છે. અમદાવાદ શહેરનાં અઠ્ઠાવીસ જુદાંજુદાં સ્થળોએ આવેલી ઇઠ્ઠોતેર શાળાઓના વિદ્યાર્થીઓની તંતુ-કૃમિના ચેપ અંગે ડૉ. જે. એલ. ઓઝા અને ડૉ. સી. જે. મોદીએ ઈ. સ. ૧૯૫૫માં કરેલી તપાસમાં ૫૧૩ વિદ્યાર્થીઓમાંથી ૪૩·૧ ટકા બાળકો તંતુ કૃમિથી પીડાતા હોવાનું જાણવામાં આવ્યું છે!

તંતુ-કૃમિનું જીવનવર્તુલ ચૌદ દિવસથી માંડી બે મહિનામાં પૂરું થાય છે. આટલા ગાળામાં જો ચેપનું પુનરાવર્તન ન થાય તો પેટના બધા તંતુ-કૃમિ મરી જાય છે. ચેપ નિવારવા કે રોગનું પ્રમાણ ઘટાડવા માટે બાળરોગીએ અને એના વડીલોએ આરોગ્યના કેટલાક મુદ્દાઓ જાળ-વવાના છે: (૧) રોગીના નખ વધવા ન દેવા. (૨) દસ્ત કર્યા બાદ વતી હાથ બરાબર ધોવા. આપણા શાસ્ત્રમાં શૌચ બાદ ત્રણ વખત માટી વતી હાથ સાફ કરવાનો આદેશ છે તે સાર્થ છે. જમવા બેસતાં અગાઉ પણ સાબુ કે માટી વતી હાથ સાફ કરવા. (૩) રોગીને પથારીમાં એકલો સુવાડવો અને ચપોચપ ચડ્ડી પહેરાવવી. (૪) સૂતી વખતે પહેરેલાં કપડાં, પથારીની ચાદર ને ઓઢવાના ચોરસા ખળખળતા ઊના પાણીમાં બાફ્યાં બાદ ધોવાં. (૫) જમીન પર પડેલાં રમકડાં કે ખાવાનું બાળકને મોંમાં મૂકવા ન દેવાં. રમકડાંને અવાર-નવાર ગરમ પાણીમાં નાખી સાફ કરવાં. (૬) નહાતી વખતે રોગીએ ઊભાઊભા નહાવું, બેસવું નહિ. (૭) ખોરાકમાં ગળપણવાળા પદાર્થો ઓછા આપવા. ગળ્યા પદાર્થો ખાવાથી કૃમિની વૃદ્ધિ થાય છે.

તંતુકૃમિનો ચેપ જેટલો સામાન્ય છે એટલો જ હઠીલો છે. આથી એનો ઉપચાર સવિશેષ ધ્યાન અને ચોક્કસાઇ માગે છે.

ગુદાની ખણજ મટાડવા ગુદાની આસપાસ હાઇડ્રાજરી ઍમોનીએટેડ મલમ લગાડવો. આ મલમ ઝેરી હોઈ ઈંડાં માટે પણ નાશ-કારક નીવડે છે. ખણજ માટે બીજો ઉપાય મીઠાના પાણીની ઍનીમા દેવાનો છે. એક પાઈન્ટ પાણીમાં એક ઔંસ મીઠાના પ્રમાણવાળા પ્રવાહીની, બાળક માટે બેથી ચાર ઔંસ અને મોટેરાં માટે ચારથી છ ઔંસ પ્રમાણની ઍનીમા રોજ રાતના આપવી.

દવામાં જેન્સન વાયોલેટની ગોળી અસરકારક છે. પુખ્ત વયના માણસે ખાધા પહેલાં બબ્બે ગોળી દિવસમાં ત્રણ વાર આઠ દિવસ સુધી લેવી. હૃદય, યકૃત ને મૂત્રપિંડના ઉગ્ર રોગીએ આ દવા ન વાપરવી.

બીજી દવા ડાયફેનન(બી. ડી. એચ. કંપની)ની ગોળી છે. પુખ્ત વયના માનવીએ ભોજન પહેલાં દિવસમાં ત્રણ વાર આની બબ્બે ગોળી અઠવાડિયા સુધી લેવાની છે. દોઢ વર્ષના બાળક માટે ૦। ગોળી, ૧॥ થી ૧૦ વર્ષના બાળક માટે ૦॥ ગોળી અને ૧૦ વર્ષ ઉપરાંતની વય માટે ૧ ગોળી દિવસમાં ત્રણ વાર આપવી. દવાનો કોર્સ પૂરો થયા બાદ જુલાબ લેવો. કરમિયા માટે ઉપયોગી એન્ટાસીલ ગોળી પણ તંતુકૃમિના નાશ માટે વપરાય છે.

હૂક-વર્મ

ઍન્કીલોસ્ટોમા (Ankylostoma : Hookworm) : હૂક વર્મ નામે ઓળખાતા આ કૃમિ હૂકવર્મ-વ્યાધિ આણે છે. આ વ્યાધિ મુ-ખ્યત્વે ઉષ્ણપ્રદેશનો હોવા છતાં શીતપ્રદેશોમાં ખીણોનાં ગરમ અને અસ્વચ્છ સ્થાનોમાં કામ કરતા લોકો પણ એનાથી પીડાય છે. ભૌ-ગોલિક રીતે દુનિયાના પાંચે ખંડોમાં એ વ્યાપક છે. અનુમાનવામાં આવ્યું છે કે દુનિયાની ચોથા ભાગની વસતિ એનાથી પીડાય છે. નૉર્મન સ્ટૉલનું કથન છે કે પાકિસ્તાન સાથે ભારતમાં ૨૦ કરોડ ૫૦ લાખ માણસો એનાથી પીડાય છે. આ હૂક-વર્મનો વ્યાધિ જમાના-જૂનો હશે. એનું પહેલવહેલું વર્ણન ઈ. ૧૯૪૮માં લખાયું છે, પણ એનું કારણ અજાણ રહ્યું હતું. હૂક-વર્મ જંતુ પ્રથમવાર ૧૭૮૨ અને ૧૭૮૯માં શોધાયું, પણ ૧૮૮૩માં ડુબીનીએ એનું વર્ણન કર્યું.

માનવીમાં વ્યાધિ આણનારા હૂક-વર્મ બે પ્રકારનાં છે: (૧) ઍ-ન્કિલૉસ્ટોમા ડુયોડેનલ અને (૨) નિકેટર અમેરિકનસ. બીજા કરતાં પહેલો કૃમિ યજમાનને વધારે નુકસાન અને બીજા કોઈ પણ કૃમિ કરતાં વધારે આરોગ્યહાનિ પહોંચાડે છે.

હૂક-વર્મ નળી આકારના અને ગુલાબી રંગના હોય છે. નર ૧/૩ ઇંચ અને માદા ૧/૨ ઇંચ લાંબી હોય છે. દોરા જેવા એમના શરીરમાં આ-વેલા ઘંટ જેવા મોંમાં અંકોડા (hook) ઘાટના ચાર દાંત ઉપર અને બે નાના દાંત નીચે હોય છે. આ દાંત વતી તે આંતરડાંની આંતર-ત્વચાને વળગે છે, ત્યાંથી લોહી ચૂસે છે ને આંતરત્વચાને ખાઇ જાય છે, અને પછી ત્યાંથી છૂટી બીજા સ્થળે વળગે છે. ખવાઈ ગએલી આં-તરત્વચામાં ચાંદું પડે છે.

માદા બહુ ફળદ્રુપ છે. રોજના વીસથી ત્રીસ હજાર ઈંડાં તે મૂકે છે, જે યજમાનનાં આંતરડાંમાં રહી થોડો વિકાસ પામે છે. બાકીનો વિકાસ પામવા કાજે એને હવા, ભીનાશ અને ગરમી જોઇએ છે, જે દસ્ત વાટે આંતરડાંમાંથી બહાર નીકળ્યા બાદ ધરતી પર મળે છે. પાંદડાંથી ઢંકાએલી ભીની જમીન આ ઇંડાંને વિકાસ માટે માફક છે.

ચેપ લાગ્યા પછી સાતથી દસ અઠવાડિયે રોગીના દસ્તમાં ઇંડાં દેખાય છે. ગામડાંના લોકો મોટા ભાગે ખુલ્લામાં મળત્યાગ માટે જાય છે. ભીની અને ઉષ્ણ ધરતી પર અડતાલીસ કલાક ઇંડાં રહ્યા બાદ એમાંથી ઈયળ (larvæ) બને છે. ઈયળ એ હૂક-વર્મનું અપરિપક્વ પણ ક્રિયાશીલ રૂપ છે. ઈયળો જમીનની ઉપર કે અંદર પંદર અઠવાડિયાં સુધી જીવતી રહે છે.

પગરખાં વિના ઉઘાડા પગે ફરનારને આ કૃમિનો ચેપ લાગે છે.ગરીબાઇ કે ટેવને લીધે ઘણાખરા ગ્રામવાસીઓ ઉઘાડા પગે જ ફરતા હોય છે. એમને કાંઇ ઓછો ખયાલ હોય છે કે જમીનમાં વસતા કૃમિઓ એમના પગ કોચી શરીરમાં ઘૂસવાના છે? પણ બને છે એવું, કે પાનીની ચામડી કોરીને આ ઈયળો શરીરમાં પ્રવેશે છે. પાનીમાં ચીરા કે કાપા પડ્યા હોય તો તો ઈયળનો પ્રવેશ સુલભ બને છે; ને ઉઘાડા પગે ફરનારના પગે ચીરા પડ્યા વિના તો રહેતા જ નથી. પાની ઉપરાંત ઘૂંટી, પોંચા ને હાથની ચામડી વાટે પણ ઈયળો શરીરમાં પ્રવેશે છે.

પાની કે હાથની ચામડીને ચોંટેલી આ ઈયળો શરીરમાં પેસવાની અદ્‌ભુત તાકાત ધરાવે છે. ચામડી ભેદી ઈયળો શિરાઓમાં જાય છે. ત્યાંથી લોહીના પ્રવાહમાં તણાતી રહી હૃદયમાં, હૃદયમાંથી ફેફસાંમાં અને ત્યાંથી લોહીની દીવાલો ભેદીને શ્વાસનળીઓમાં જાય છે. અહીંથી ગળામાં જઇ અન્નનળી વાટે હોજરીમાં જાય છે. હોજરીનો જઠરરસ એમને ઈજા પહોંચાડી શકતો નથી. હોજરીમાંથી આંતરડાંમાં જઈ ઈયળો પુખ્ત બની ઇંડાં મૂકે છે.

દસ્ત વાટે બહાર નીકળેલાં આ ઇંડાંથી પાણી, શાકભાજી ને ફળો દૂષિત બને છે. કાચાં શાકભાજી અને ધોયા વિનાનાં ફળો ખાવાથી ઇંડાં મોં વાટે આંતરડાંમાં જાય છે. એક વાર આંતરડાંમાં અડ્ડો જમાવ્યા પછી વધારેમાં વધારે છ વર્ષ સુધી હૂક-વર્મ ત્યાં વસે છે.

ચેપ લાગ્યાને દસથી વીસ અઠવાડિયાં બાદ રોગનાં ચિહ્નો દેખા દે છે. પણ આનો આધાર કૃમિની સંખ્યા અને એમના વસવાટની મર્યાદા પર અવલંબે છે. વળી જ્યાં લગી રોગીનું પોષણ પૂરતું અને સારું હોય ત્યાં સુધી આ કૃમિની પીડા ઊભી થતી નથી, કારણકે યજમાનના પોષણમાંથી કૃમિને ખોરાક મળી રહે છે. પણ કમનસીબીની વાત તો એ છે કે અપૂરતું પોષણ પામતા ગરીબ લોકો જ આ કૃમિના ચેપના ભોગ બને છે; અને જ્યાં યજમાનને જ પૂરતું ખાવાનું ન મળતું હોય ત્યાં પરોપજીવી કૃમિઓની ભૂખ તો શી રીતે સંતોષાય? એટલે છેવટે યજમાનના શરીરની ખરાબી ઊભી થાય છે.

કૃમિ લોહી ચૂસતા હોવાથી હૂકવર્મ-રોગનું મુખ્ય ચિહ્ન રક્તક્ષય છે. પણ આ સ્થિતિ આહારમાં પ્રોટીન અને લોહનું અપૂરતું પોષણ પામતા ગરીબ માણસોમાં ખસૂસ દેખાય છે. મંદ ચેપમાં રક્તક્ષય સાધારણ હોય છે. બીજાં ચિહ્નોમાં પેટમાં મામૂલી પીડા અને બેચેની રહે છે. આવા રોગીઓને આરામ થયા વિના માંદગીનો ખયાલ પણ આવતો નથી. કૃમિ નાશ પામ્યા પછી જ એમને તંદુરસ્તીમાં પડેલા તફાવતનો ખયાલ આવે છે. સમધારણ ચેપ વખતે રક્તક્ષય વધારે હોય છે. વધારામાં ગરમાઈ બળવાનાં, પેટમાં ભરાવો હોવાનાં, વાયુ ઘોળાવાનાં ને પીડાનાં ચિહ્નો હોય છે. તાવ, સાંધાઓમાં દુખાવો, બેચેની અને આળસ વધારાનાં ચિહ્નો છે. વળી ચાલતાં હાંફ અને હૃદયના થડકારા પણ થાય છે. ઉગ્ર ચેપમાં અતિશય રક્તક્ષય હોય છે. આના કારણે આંખનાં નીચલાં પોપચાંની અંદરની બાજુ અને જીભ ધોળાં પડી જાય છે. ભૂખનાશ કે માટી ખાવાની ઇચ્છા હોય છે. ઝાડા કે બંધકોશ અને નાનાં છોકરાંમાં પેટનો ફુગાવો થાય છે. આગળ વધેલા રોગમાં હાથપગ અને મોં પર પાણીના સોજા આવે છે. આવી સ્થિતિમાં સગર્ભા સ્ત્રીને કસુવાવડ થાય છે. આવા રોગીઓ ઉદાસી, બેદરકાર અને શૂન્યમનસ્ક બને છે. પાનીમાં જે સ્થાનેથી ઈયળોએ શરીરમાં પ્રવેશ કર્યો હોય ત્યાં સાધારણ સોજાની સ્થિતિ થાય છે. એમાં ચૂંટ અને બળતરા થાય છે. પગમાં આ સ્થાન મોટા ભાગે આંગળાંઓની વચમાં, આંગળીની ધાર કે ટેરવાં પર હોય છે.

આવાં દેખીતાં ચિહ્નો સિવાય પણ વ્યક્તિમાં હૂક-વર્મ હોઈ શકે છે અને તે દસ્તમાં ઇંડાંની તપાસથી જ નક્કી થાય છે, લૅબોરેટરીમાં કારણકે ઇંડાં એટલાં તો સૂક્ષ્મ હોય છે કે તે નરી આંખે તો દેખાતાં જ નથી. આવા રોગી ચેપના વાહક કહેવાય છે. કૃમિમુક્ત બન્યા બાદ જ એમને પોતાની માંદગીનો ખયાલ આવે છે.

ભારતનો એક ભીષણ વ્યાપક રોગ

ભારતવાસીઓના મોટા ભાગમાં અનારોગ્ય ને શારીરિક પીડાઓ આણનાર આ નાનકડો હૂક-વર્મ જ છે. રોગીનાં લોહી ને પોષણ એ ચૂસી લે છે. આના કારણે ગામડાંમાં દૂબળાં, ફિક્કાં, સોજાએલાં બુદ્ધિમંદ અને અશક્ત માનવીઓ નજરે પડે છે. આ દુર્દશા હટાવવા કાજે જનતામાં આરોગ્યનું શિક્ષણ ફેલાવું જોઇએ. (અનુ. પૃ. ૩૦મે)

સુભાષિત

· અનુષ્ટુપ ·

पूर्वजन्मकृतं कर्म तद्दैवमिति कथ्यते ।
तस्मात्पुरुषकारेण यत्नं कुर्यादतन्द्रितः ॥

(અનુવાદ)

પૂર્વજન્મે કર્યું કર્મ એ જ દૈવ ગણાય છે;
પ્રયત્ન પુરુષાર્થીએ સંતત કરવા ઘટે.

[વિવરણ: 'દૈવ મિથ્યા થતું નથી;આપણે ગમેતેટલાં ફાંફાં મારીએ,પણ પ્રારબ્ધમાંલખ્યું હોય તે જ થાય'એવી,કપાળે હાથ દઇને બેસવાની નિરાશાભરી ને નિષ્ક્રિય વૃત્તિ આપણા મોટા ભાગના લોકોમાં જોવામાં આવે છે; પણ એ તો આપણી પૂર્વજન્મની ફિલસૂફીનો અધૂરો અને અવળો અર્થ છે.સુભાષિતકાર આપણને સમજાવે છે કે 'દૈવ' અથવા 'પ્રારબ્ધ'એ બીજું કશું નહિ, પણ આપણે પોતે જ પૂર્વજન્મમાં કરેલાં કર્મનું ફળ છે. એ સૂત્રને વધારે વિશદ કરીને સમજીએ તો પૂર્વજન્મ એટલે વર્તમાનના જન્મ પહેલાંનો સર્વ ભૂતકાળ; આ ચાલુ જીવન પહેલાંનો જન્મ તે જ પૂર્વજન્મ એમ નહિ, પરંતુ આ જીવનમાં પણ ક્ષણેક્ષણે વર્તમાન વહી જઈને જે ભૂતકાળ બને છે તે પણ પૂર્વજીવન જ છે. જીવન તો સદાને માટે સંયુક્ત અને શાશ્વત છે. કાળમાં કાંઈ વચ્ચે દીવાલો ભરીને ખંડ કે વિભાગ પાડી શકાતા નથી. એટલે વર્તમાન જીવનની પણ જે ક્ષણો વહી જાય છે તે સમસ્ત વર્તમાનમાં પણ આપણે સતત કાર્યરત રહેવું ઘટે. તો જ તે ભૂતકાળનું 'દૈવ' બનીને ભવિષ્યનું ભાતું બનવાનું છે. વસ્તુતઃ દૈવ એ આપણા જ પુરુષાર્થનું ફળ છે, અને એ સતત કર્યા કરતા રહેવાથી જ 'દૈવ' અને 'પ્રારબ્ધ'નો પુંજ વધતો રહેવાનો છે. આજનું કાર્ય એ જ આપણો આવતી કાલનો ભોગવટો છે.]

ભારતીય સંસ્કૃતિના પુરસ્કર્તા કુલપતિ• કઝિન્સ ના ઘડતરકાળનાં સંસ્મરણો [૯]

કળાની પ્રવૃત્તિ અને યુરોપનો પ્રવાસ

અધાર પહોંચ્યા પછી તેમણે સાંસ્કૃતિક અન્વેષણની તપસીલ કરવા કેટલાક ક્રમવાર પ્રશ્નોનાં વિગતવાર પત્રક છપાવી ૬૦૦ પ્રતો પોસ્ટમાં રવાના કરી. મહિનાઓ વીત્યા પછી મોઢાની વાતો કરનારા એક ટેકેદારનું પોસ્ટકાર્ડ માત્ર મળ્યું, તેમાં આ જવાબોમાંથી એકેડેમીનો વિચાર ઠીક પ્રગતિ કરે છે એવી લાગણી બતાવી હતી. બીજે ક્યાંયથી જવાબ નહોતો. સર આશુતોષ મુખરજી દિવંગત થયા પછી એકેડેમીની ભાવનાને વીસે વર્ષે એક તેલુગુ નેતા ડી. વિશ્વેશ્વરરાવે ઇ. ૧૯૪૯-૫૦માં સરકારી યોજનામાં તેને નવો અવતાર આપ્યો.

ડૉ. કઝિન્સ ભારતીય કલા-સાહિત્યના ઉદ્‌ગમ માટે અથાગ પરિશ્રમ ને દોડાદોડી કરતા હતા તે દરમ્યાન શ્રીમતી માર્ગરેટ બેઠાં રહ્યાં નહોતાં. ઈ. ૧૯૨૧ની ચૂંટણી વખતે તેમની મહેનતથી જ રાજસભાઓમાં સ્ત્રીઓને કાયદેસર મતાધિકાર મળી ચૂક્યો હતો. શ્રી બેસાંટની સંમતિ લઈ તેમણે અધારથી નારીપ્રવૃત્તિ શરૂ કરી. બધે જ પ્રસિદ્ધ વક્તાઓએ ગંભીરપણે આ પ્રશ્નને ભાષણોમાં વધાવી લીધો. બ્રિટિશ ભારત ઉપરાંત દેશી રાજ્યોમાં પણ સ્ત્રીઓના અધિકારોને સંમતિ મળી. એક વાર ચીંગલપુટ જિલ્લાના કલેક્ટર મિ. ગૅલેટિસ અને કેટલાક બીજા મહેમાનો સાથે ભોજન ચાલતું હતું તેવામાં અચાનક કલેક્ટરે પૂછ્યું, 'શ્રીમતી કઝિન્સ, તમે મૅજિસ્ટ્રેટ બનશો?' ઈ. ૧૯૨૨ની ૧૬મી ઑક્ટોબરે પુછાએલો આવો પ્રશ્ન ભારતના ઇતિહાસમાં પહેલવહેલો હતો. એમણે ઉમેર્યું કે સ્ત્રીઓને બીજી પદવીઓ તો આપવામાં આવે છે, પરંતુ ન્યાયપંચમાં પણ ઘણી વાર સ્ત્રીઓના મુકદમા વખતે સ્ત્રીઓની જરૂર રહે છે. જોકે આ રિવાજ શરૂ કરવાને સરકારની રજા તો માગવી જ પડશે.

અને ઈ. ૧૯૨૩ની ૧૯મી ફેબ્રુઆરીએ શ્રીમતી કઝિન્સનો જન્મદિવસ હતો, અને સાથે તેમનું 'ભારતીય નારીનું અભ્યુત્થાન' (The Awakening of Indian Womanhood) પ્રસિદ્ધ થયું, બરાબર તે જ દિવસે, કોર્ટમાં તેઓ એક નિવૃત્ત બ્રાહ્મણ મૅજિસ્ટ્રેટ, એક અબ્રાહ્મણ, એક ખ્રિસ્તી અને એક મુસ્લિમ ગૃહસ્થની સાથે ન્યાયપંચમાં જોડાયાં. એ પ્રસંગને ઐતિહાસિક ગણીને કોર્ટના વકીલોએ ફૂલહાર તથા ભાષણોથી વધાવ્યો. તેઓ ગામડાંમાં જતાં અને લોકોના સંસારી ઝગડાનું રૂબરૂ વાત કરી સમાધાન કરાવી દેતાં. તેમણે દેશમાં ચારે તરફ ફરી મોટાં નગરોનાં મંડળો અને સભ્યોની સાથે સંપર્ક સાધ્યો. એ જ વર્ષમાં આયર્લંડને પ્રજાસત્તાક મળ્યું. ગુરુદેવ ટાગોરે ભરચોમાસામાં ફરી તેમને મુલાકાત આપી. પ્રસિદ્ધ વાયોલિનિસ્ટ લીઓપોલ્ડ પ્રેઝિસ્લાવ મદ્રાસ આવતાં અધારમાં મેળાવડો થયો તેમાં શ્રીમતી માર્ગરેટે તેમને પિયાનોમાં અદ્‌ભુત સાથ આપ્યો, અને શ્રી બેસાંટે બીજે દિવસે કહ્યું, 'તમારાથી હું ઘણું ગૌરવ પામી. કાલે તમારી સંગીતકળાથી સરકાર અને અધારનો સંબંધ નિકટનો બન્યો છે.'

જગન્મોહન ચિત્રાલય

એ વિશે તો ડૉ. કઝિન્સની જ નોંધ જોઇએ: '૧૯૨૪ના ઉનાળાની રજામાં કૂર્ગના જૂના વિદ્યાર્થીઓને મળવા જતાં મેં મ્હૈસૂરનું પાટનગર જોવાની મુરાદ કરી. મારા ત્રણ વિદ્યાર્થીઓના દાદા મારા યજમાન હતા. હું ત્યાં ગયો એવો મહારાજાના સેક્રેટરીનો પત્ર આવ્યો કે બીજે દિવસે સાંજે મારે ગ્રીષ્મવિહારમાં તેમને મળવું. અણધાર્યું રાજ્યનિમંત્રણ મળતાં કૂર્ગ જવાનું મુલતવી રાખ્યું. વખત થતાં ખાનગી મંત્રી શ્રી મીરઝાં મહમદ ઇસ્માઈલ આવી ઊભા. એમણે મને શહેર ફરતા સુંદર રાજ્યમાર્ગો ઉપર તેમજ ચામુંડી હિલ ઉપર ફેરવ્યો. ટેકરી પરથી વાઈસરૉયો તથા ગવર્નરોના મુકામો માટે બંધાતું એક સુંદર મકાન મને બતાવી શ્રી મીરઝાંએ મારું માર્ગદર્શન માગ્યું કે તેની અંદરનાં શણગાર-સુશોભન કેવાં કરવાં કે જેથી મહેમાનો ત્યાં હોય નહિ તે વખતે ત્યાં કળાનું એક સુંદર ચિત્રધામ બની રહે અને તેમાં ભારતની કળાકૃતિઓ પણ હોય.

આહા! એ તો મારા મનમાં ઘોળાઈ રહેલી એક યોજનાનો જ વિષય હતો કે એકાદ અતિથિગૃહમાં બુદ્ધ, રાજપૂત અને મુઘલ કળાની સાથે આજના ભારતીય કળાપ્રવાહો રજૂ કરતા સંગ્રહોની સજાવટ કરવાનું મારા હાથમાં આવે. બહારથી ઊતરી આવેલા વિચિત્ર સંસ્કૃતિપ્રવાહોની માયાજાળમાંથી મુક્ત કરીને ભારતની ઉત્કૃષ્ટ કળા પ્રતિની સત્યસર્જકવફાદારી (true creative allegiance) તરફ તેના આત્માને અભિમુખ કરવાના વિચારે હું એક શાંત સમાધિમાં મસ્ત થઈ ગયો.

કળા પ્રતિ મારી લગની જાણીને શ્રી મીરઝાં બપોરના મને મહારાજાના દાદા રહેતા હતા તે જગન્મોહન મહેલ બતાવવા લઈ ગયા. બીજા રાજમહેલોની જેમ ત્યાં પુરાણી કલાકારીગરીની વસ્તુઓ, ઘડિયાળો, પલંગો, ચિત્રો, ફોટોગ્રાફો, ધાતુકામ, વસ્ત્રો વગેરે અસ્તવ્યસ્ત સંઘરી રાખ્યું હતું. આ બધી વેરવિખેરને ગોઠવીને એક કલાત્મક વ્યવસ્થા ત્યાં લાવી શકાય એમ મેં સૂચવ્યું, એટલે શ્રી મીરઝાંએ મને આમંત્રણ આપ્યું કે મારી સગવડે મારે મહારાજાના મહેમાન બનીને મ્હૈસૂર આવવું અને એ મહેલનું નવવિધાન કરવું.

ગ્રીષ્મભવનમાં મહારાજા શ્રી કૃષ્ણકુમાર વુડિયર સાથે મુલાકાત થતાં તેમણે મને ભારતીય કલાના મિત્ર તરીકે આવકાર્યો અને પોતે પણ કલા સંબંધી વાતો કરી; છતાં પૂછ્યું કે મારી ભાવના પ્રમાણે મ્હૈસૂર અનુકૂળ થશે ખરું? શ્રી મીરઝાંએ તો મને ખાતરી આપી કે મારી વાતોથી ભારતીય કળાનો મહારાજાને રસ લાગ્યો છે. એથી મારી નાની યોજના જતી કરી દીધી. શહેરની વચ્ચોવચ્ચ જ્યાં હજારો લોકોની નજર પડે એવા કેન્દ્રસ્થાને ભારતીય કળાનું કેન્દ્ર ઉપજાવવું શું ખોટું? મારું અંતર હા પાડી ગયું. દીવાનની આ સૂચનામાં જાહેર હિત માટેનો તેમનો સુંદર પક્ષપાત હું સમજી શક્યો.

ત્યાંનું કામ હાથમાં લેતાં પહેલાં મારે બૅંગલોર એક બીજા પ્રદર્શનની સજાવટ માટે જવું પડ્યું. ત્યાં કે. વી. વ્યંકટપ્પા નામના શ્રી અવનીન્દ્રનાથ ઠાકુરના એક તરુણ શિષ્યનાં સુંદર ચિત્રો હતાં. તેમાંથી ચાર મહારાજાએ પોતા માટે ખરીદીને મને નવા ચિત્રાલય માટે સોંપ્યાં. એ પછી મ્હૈસૂરની મારી પહેલી સાદી મુલાકાતમાં પણ નવો પલટો થયો. મ્હૈસૂર યુનિવર્સિટીએ મને કળા અને વાઙ્‌મય ઉપર છ વ્યાખ્યાનો (જે પૈકી બે ખાસ ભારતીય કળા ઉપર) આપવાનું નિમંત્રણ આપ્યું. બૅંગલોરનું પ્રદર્શન યુનિવર્સિટી હૉલમાં યોજ્યું અને લોકો માટે ઘણા દિવસ સુધી ખુલ્લું રાખ્યું. તે સાથે શ્રીમતી કઝિન્સને પણ સંગીત ઉપર બે વ્યાખ્યાનો સોંપાયાં. એ બધા દિવસો શહેર અને યુનિવર્સિટી માટે નોંધપાત્ર બની ગયા.

પ્રદર્શન પૂરું થયું ત્યારે નામદાર મહારાજાએ તેમાંથી સોળ ચિત્રો ખરીદી લઈ નવા ચિત્રાલય માટે મને સોંપ્યાં. ત્યાંના વિશાળ ખંડોમાં ગોઠવવાને મારી પાસે માત્ર બે ડઝન જેટલાં ચિત્રો હતાં તેમાં એ ઉમેરો ઠીક થયો. એ સમય પૂરતા સૂચિપત્રમાં માત્ર ૫૪ કૃતિઓ નોંધાઈ. મને પૂરી સત્તા મળી હતી કે ખરી કળાકૃતિને જ નવી રચનામાં સ્થાન

આપવું. એમાં પછી લાગણીવેડા ન જોઇએ. મહેલનો ખેરીચો બધો એક બાજુના ખંડમાં ભંડી દીધો. એથી તે બધાની વિચિત્ર અસરોમાંથી બચી નીકળતાં સારાં ચિત્રો અને પ્રતિમાઓની ખૂબી બહાર આવી. દસ દિવસની હેરવણી ફેરવણી, ખડેખડે દોડાદોડ, કામ કરનારાઓને રંગે ચડાવવા, આઘુંપાછું કરી યોગ્ય મેળ લાવવો વગેરે સાથે મારી જવાબદારીનું ભાન રાખવું. એમ કરતાં આખરે વ્યવસ્થિત રૂપ આવ્યું. અને પછી તો ધારણા કરતાં યે અનેકગણો વિકાસ ત્યાં થતો રહ્યો અને હજારોની સંખ્યામાં માણસો તેનો લાભ મેળવી શક્યાં.

ચિત્રશાળાની સ્થાપના પછી એવા સંજોગો આવતા ગયા કે જેથી એક વાર આયર્લેંડ જવાની અમારી ઇચ્છા એક જ વર્ષમાં ફલિત થવા પામી. છેલ્લાં દસ વર્ષમાં ત્યાં બળવો, આંતરવિગ્રહ અને અમારા કેટલાક જૂના સાથીઓએ પાર્લામેન્ટ સાથે કરેલા બિનસંતોષકારક સમાધાન(unsatisfactory peace)થયાં હતાં. અમારી જૂજ આવકમાંથી ત્યાં જવાની ઇચ્છા પૂરી થવી શક્ય નહોતી, એટલે અમે બંનેએ પહેલાંની પ્રાર્થનાઓ ફરીથીકરી કે ઓ ઈશ્વર, ચિત્ર બદલો, ચમત્કાર દાખવો!

પણ મ્હેસૂરની ચિત્રશાળા ચમત્કાર નહોતો. એ કામ માટે મારો પ્રેમ હતો. મને માત્ર પ્રવાસખર્ચો મળતાં, સરસ આતિથ્ય અને આશ્રય મળતાં. મ્હેસૂરના ભારતપ્રસિદ્ધ દશેરા પર્વની એ વર્ષે ઉજવણી થઇ ત્યારે મ્હેસૂરના બેંડમાસ્તર મિ. ઑટો શ્મિટ(Otto Schmidt) સાથે સંઘવાદનની એક યોજના વિચારવા શ્રીમતી કઝિન્સને પણ આમંત્રણ મળ્યું, જેમાં તેમણે પિયાનોનો સાથ આપવો એવું ઠર્યું હતું. મહારાજાને હરેક પ્રકારના સંગીતનો વ્યાપક શોખ હતો. તેમના ઉદ્યાનમાં કર્ણાટકી, હિંદુસ્તાની અને યુરોપી બેંડો તેમજ શરણાઇઓ, મૃદંગો અને વીણાના વાદકોના તથા બીજાં વાદ્યોના નિષ્ણાતોના મેળાવડા થતા. શ્રીમતી માર્ગેરેટનું રીહર્સલ સાંભળીને મહારાજાએ તેમનું એકલાંનું વાદન સાંભળવા મહેલ પર બોલાવ્યાં. ત્યાં એક મોટા ખંડમાં જરા ઊંચી કરેલી વ્યાસપીઠ ઉપર મોટો સ્ટીનવે ગ્રાન્ડ પિયાનો હતો. તેના પર બેસી શ્રીમતી કઝિન્સ જરા હાથ અજમાવતાં હતાં ત્યાં પિયાનોથી જરા ઊંચો એક સુંદર કુમાર આવ્યો. મહેલના કોઇ અફસરનો પુત્ર હશે એમ ધારી શ્રીમતીએ તેને સ્મિત કરી આવકાર આપ્યો. એણે ખૂબ રસથી સાંભળ્યું. પછી કહ્યું, 'કૃપા કરી ફરી વગાડોને!' એ પૂરું થતાં 'આભાર' કહી તે ચાલ્યો ગયો. એ કોણ હતું એમ એક પાસવાનને પૂછ્યું તો કહ્યું, 'એ હતા કુમાર જય, મહારાજાના યુવરાજ પુત્ર ને ભવિષ્યના મહારાજા.'

મહારાજાની મુલાકાત વખતે ખંડ ભરાઇ જશે એમ અમે માન્યું હતું, પણ પિયાનોના મંચ નજીક એક બે ખુરસીઓ જ નંખાઈ. બે પાસવાનો સાથે મહારાજા આવ્યા અને વગાડનારના હાથ દેખાય એમ જરા ખુરસી ખેંચીને મને બાજુ પર બેસવા કહ્યું. પાસવાનો દૂર આછા પ્રકાશમાં ઊભા રહ્યા. તેમણે પસંદ કરેલો ગીતક્રમ એક કલાકનો હતો. શ્રીમતી માર્ગેરેટ તે દિવસે પૂરબહારમાં હતાં. પ્રેક્ષકવર્ગમાં એક જ જણ—રાજા-સંત, પંડિત, સંગીત અને કળાનો જ્ઞાતા, માનવપ્રેમી. તેણે કલાકારના કૌશલની, સ્મૃતિની અને બીજા ગુણોની, ગીતના અંતરો વચ્ચે હળવેથી વિવેચના કરી. છેવટે તેમણે ધન્યવાદ આપ્યા તેમાં ઉપચાર નહોતો. તે પોતે સંગીતવેત્તા હતા અને બંને ગોળાર્ધમાં બુદ્ધિમાન કલાનિષ્ણાત તરીકે સુપ્રસિદ્ધ હતા. તે પાછી જગન્મોહન મહેલમાં સંગીતનો મહાસમારંભ થયો ત્યારે માર્ગેરેટ એક સંગીતકાર મટી સંગીતસ્વરૂપ બની ગયાં હતાં. છેલ્લે મહારાજાએ કહ્યું, 'શ્રીમતી કઝિન્સથી સર્વકોઈ પ્રસન્ન થયું છે.'

અમે દશેરાના તહેવારમાં ચારે તરફ ભાગ લીધો. એ દિવસોમાં મહારાજા રાજ્યાધિકાર બાજુ રાખી ચામુંડાના ભક્ત બની ઉપવાસ કરતા ને હજામત મોકૂફ રાખતા. અમે મોંઘેરાં ભોજનો પામ્યાં. મેં એ પર્વોનું જ્ઞાન મેળવવા મહેલમાંથી મળ્યા તેટલા ગ્રંથો વાંચ્યા અને મ્હેસૂરમાં દશેરા નામનું મારું પુસ્તક રાજ્યાશ્રયે પ્રસિદ્ધ થયું.

દશેરા પછીના દિવસોમાં ગ્રેટા જ્યારે ઉત્તર ભારતમાં નારીસમુદ્ધાર માટે પ્રવાસ કરી રહ્યાં હતાં ત્યારે એક રજિસ્ટર્ડ કવર મને મળ્યું. તેમાં મહારાજાના ટૂંકા પત્ર સાથે રૂ. ૧૦૦૦નો ચેક 'તમે રાજ્યની સેવા કરી તેની કદરમાં' હતો. મેં ગ્રેટાને તાર કર્યો: 'ચમત્કાર થયો છે. યુરોપ જવા તૈયારી કરો (Miracle happened. Prepare for Europe).' રાજ્યની આ મદદ અને મારી થોડી બચતમાંથી યુરોપ, બ્રિટન અને આયર્લેંડના પ્રવાસનું ભાડુંભથ્થું મળી ગયું હતું.

પણ હવે તો કળા અમારી પાછળ પડી હતી. ૧૯૨૫માં ગ્વાલિયર મહારાજાના હુકમથી રાજ્યના ડિરેક્ટર ઑવ આર્કિટેક્ચર સાથે નવી મોટરમાં ૯૦ માઈલ જંગલમાં માળવાની વાઘગુફાઓ તરફ અમે ખેંચાઈ ગયાં. ભારતીય કળાનું જે વાતાવરણ મેં છૂટું મૂક્યું હતું તે આ રીતે અવનવી કામગીરી પર મને ભરડો દઈ ફેરવવા લાગ્યું. લંડનની ઈન્ડિયા સોસાએટીના સાથમાં ગ્વાલિયર રાજ્ય તરફથી આ ગુફાનાં ચિત્રોનું જે સુંદર પુસ્તક પ્રકટ થવાની તૈયારીમાં હતું તેના આમુખ માટે બે બોલ લખવાનું આ નિમંત્રણ હતું. એક લેખ થયો તેના નૈસર્ગિક સંયોગો વિશેનો અને બીજો તેના સૌન્દર્યપ્રકારનો. અહીં વાઘ નદીના કાંઠાની પાષાણટેકરીઓમાં નવ ગુફાઓ અજન્તાની બૌદ્ધ કલાથી અનુપ્રાણિત રચના અને ઉચ્ચ કોટિના ચિત્રશણગારથી સમૃદ્ધ બની છે. ત્યાંથી નીકળી સાંચીના બૌદ્ધ સ્તૂપની ૩૫૦ ફૂટની પ્રદક્ષિણા કરી. લખનૌમાં ભરાએલું કલાપ્રદર્શન જોયું. ભારતના બીજા પ્રદેશોની જેમ ત્યાં પણ સુરુચિપૂર્ણ રચનાઓનો અભાવ જોયો. કોઈ પણ જાતની સંબંધપરંપરા વગર યદ્વાતદ્વા ચિત્રો ગમે તેવા ઊંચા અંતરે મુકાયાં હતાં. ત્યાં ભારતનાં ચિત્ર તથા સ્થાપત્ય ઉપર મૅજિક લૅન્ટર્ન(ચિત્રદીપ)ની સહાયથી વ્યાખ્યાનો આપ્યાં.

અને અધાર પહોંચ્યાં ત્યાં તો શ્રીમતી બેસાંટનો એક પત્ર આવ્યો જેથી તો ખરેખર કલા પીછો પકડી રહી હતી તેનું ભાન થયું. બીજે જ દિવસે રશિયન ચિત્રકાર નિકોલસ રોરિક પોતાનાં મિત્ર માદામ બ્લાવાટ્સ્કીની યાદમાં પોતાનું એક ચિત્ર ભેટ આપવા આવવાના હતા, અને શ્રીમતી બેસાંટ પ્રવાસે જઈ રહ્યાં હતાં તેથી તેમનું સ્વાગત કરવાનું મને સોંપ્યું હતું. એ મહાન ચિત્રકાર એ વખતે પચાસની વયે પહોંચ્યા હતા, પણ તેમનામાં એક પ્રકારનું સૌને માન ઊપજે એવું ભવ્ય ગાંભીર્ય હતું. સફાચટ મસ્તક નીચે ઠીક છણેલી અણીદાર દાઢી અને બદામ ઘાટની આંખો મૉન્ગોલિયન માતૃપક્ષ સૂચવતી હતી. પિતૃપક્ષે તે સ્વીડનથી રશિયામાં ઊંચા પ્રકારની સંસ્કૃતિ લાવનાર પિતૃ રૂરૂકના સીધા વંશજ હતા.

જાન્યુઆરીની ૧૮મીએ મુખ્ય ભવનમાં માદામ બ્લાવાટ્સ્કીને માનભરી અંજલિ આપતાં થોડાં વચનો કહી તેમણે 'સંદેશવાહક' (Messenger) નામનું ચિત્ર ભેટ ધર્યું. એથી એમણે એવી આશા વ્યક્ત કરી કે વિદ્યાના વિભુનું દ્વાર ખોલવાનું તેમનું કાર્ય અમર રહે અને 'બ્લાવાટ્સ્કી મ્યૂઝિયમ' તરીકે એક ચિત્રાલય બને.

શ્રીમતી બેસાંટે વળી બીજી એક કલાસેવાની તક આપી. સર આશુતોષે કલકત્તા યુનિવર્સિટીમાં સ્થાપેલાં કમલા વ્યાખ્યાનની પહેલી વાર્ષિક શ્રેણીમાં તેમણે એક ફિલસૂફી ઉપર અને એક કલા ઉપર ભાષણ આપવાનું સ્વીકાર્યું હતું. આ બીજા વ્યાખ્યાન માટે ઐતિહાસિકતા અને કૃતિકૌશલના ક્ષેત્રે ઘણી તૈયારીની જરૂર હતી. અગાઉ જણાવેલાં પ્રદર્શનોમાંનાં કેટલાંક ચિત્રો અને બંગાળની નવજાગૃતિ સાથે તેમનો

નહિ જેવો પરિચય હતો. મને તો લોકોએ કલાનો દૂત ઠરાવી અઘારને ખૂબ પ્રસિદ્ધિ આપી હતી, એટલે બીજા વ્યાખ્યાન માટે તેમણે મને બોલાવ્યો. મેં મારી પાસે હતાં તેટલાં પુસ્તકો અને અઘારના પુસ્તક-સંગ્રહમાંથી મળ્યાં તે ભેગાં કરી તેમના કાર્યાલયની ખુરસી પર ખડકી દીધાં. કોઇ અગત્યના કેસ ઉપર મહેનત કરતા ધારાશાસ્ત્રીની ચીવટથી લાગટ ચાર દિવસ સુધી તેમણે પ્રમાણભૂત ભાગો જોઈ લીધા. પરિણામે વિવેચકો અને અભ્યાસીઓએ એ વ્યાખ્યાનને અતીવ માહિતીપૂર્ણ તરીકે આવકાર્યું.'

બે વિશ્વયુદ્ધ વચ્ચેના સમયમાં યુરોપ અને અમેરિકા

૧૯૨૫ની ૨૮મી માર્ચે કઝિન્સ દંપતીએ મદ્રાસ છોડયું. ઈટલી, ફ્રાંસ, હૉલંડ, બધે ખૂબ ઘૂમ્યાં, કલાસંગ્રહો જોયા, નવીજૂની મુલાકાતો સંભાળી, નાટકો-ઑપેરા જોયાં, થીઑસાફી મંડળો દ્વારા વ્યાખ્યાનો કર્યાં. ઈંગ્લંડમાં જૂના સાથી સર પેથિક લૉરેન્સ અને મિસિસ લૉરેન્સ મોટે હોદ્દે પહોંચ્યાં હતાં. તેમને મળી, વેલ્સમાં થોડું રોકાણ કરી બંને ડબ્લિન પહોંચ્યાં. ત્યાં જૂના સાથીઓ રાજકીય સ્પર્ધા અને દ્વેષોથી મુક્ત થઈ ધોળા વાળ પામી ચૂક્યા હતા. ડૉ. ડગ્લાસ હાઈડનું 'દોરડાને ચડતો વળ' (Twisting of the Rope) નાટક પચ્ચીસ વર્ષ પહેલાંનો સંસ્કાર પર ચડેલો વળ ઉકેલી રહ્યું હતું. નાટક ચાલુ હતું તે દરમ્યાન હાઈડ જે ખાસ બેઠકમાં હતા ત્યાં જઈ તેમને મળતાં કઝિન્સ દંપતીને તેમણે ઓળખ્યાં. આયર્લંડમાં સ્વતંત્ર હક્કો ધરાવતી સ્વતંત્ર નારીઓનાં સ્ફુરાયમાન વ્યાખ્યાનો સાંભળી શ્રીમતી કઝિન્સને રોમાંચ થયો.

ડૉ. કઝિન્સ દ વેલેરાને મળવા ગયા. તે ભવિષ્ય તરફ ગતિમાન હતા. તેમને ખાતરી હતી કે એક દિવસ પોતે અવશ્ય સત્તા પર આવશે અને તે પ્રમાણે ૨૦ વર્ષ સુધી તેમણે એ સત્તા ટકાવી.

૧૯મી ઑગસ્ટે સ્ટીમર 'બર્કનહેડ' પર સવાર થયાં ત્યારે પ્રવાસમાં એક અપૂર્વ અને નવીન પ્રકારની યુનિવર્સિટીની યોજના તેમના મનમાં ઘોળાતી હતી. પણ અઘાર પહોંચ્યા પછી જાણ્યું કે હૉલંડમાં ઓમેન નામના સ્થળે વિશ્વવિદ્યાલયની સ્થાપના થઇ ચૂકી છે. સને ૧૯૨૨માં બ્રહ્મવિદ્યા-આશ્રમના મૂળ કાર્યકર્તા તરીકે તેમના નામનો ત્યાં ઉલ્લેખ થયો હતો.

યુરોપથી આવ્યા પછીનાં શ્રીમતી કઝિન્સનાં ત્રણ વર્ષો ખૂબ જ પ્રવૃત્તિથી ભરચક બની ગયાં હતાં. અખિલ ભારતીય મહિલા પરિષદનું સર્જન થયું. પહેલું સંમેલન પૂનામાં થયું. વડોદરાનાં મહારાણી પ્રમુખ થયાં. દાર્જિલિંગ, કાશ્મીર વગેરે પ્રદેશોના પ્રવાસો કર્યા. અમરનાથ સુધીની યાત્રા કરી અને શિવનું અધ્યાત્મદર્શન કર્યું. દિલ્હીમાં વાઇસરૉય-બાનુ સાથે ચા લીધી.

ઈ. ૧૯૨૬માં છદ્દુ કૃષ્ણમૂર્તિ 'વિશ્વગુરુ' તરીકે બહાર આવ્યા. થીઑસૉફીનું જ્યૂબિલી વર્ષ ઊજવાયું તે વખતે તેમણે આવાં વચનો કહ્યાં: 'જેમને દિલસોજીની જરૂર છે, જેમને સુખની વાંછના છે, જેમને મુક્તિ જોઇએ છે, જેમને સર્વકાંઈમાં સુખ પ્રાપ્ત કરવું છે તેમને માટે હું આવ્યો છું. સંહાર નહિ પણ સુધારો કરવા હું આવ્યો છું. વિનાશ નહિ પણ નિર્માણ કરવા આવ્યો છું.' આવું તે બોલ્યા તે વખતે કઝિન્સ દંપતી મંચની નજીકમાં જ હતાં. તેમનાં વચનો સાંભળી સૌના ઉપર કોઇ ભક્તિભાવનું મૌન ફેલાઇ ગયું અને તેનો ભાર પડી ગયો.

'મારી અંગત લાગણી એ વખતે અદ્ધર રાખેલા નિર્ણયની હતી. 'આવે છે, આવે છે' એ વાત તો વર્ષોથી ઘૂંટાતી હતી. પણ એવી રીતે તૈયાર રાખેલી સૃષ્ટિમાં તે સરળતાથી ગોઠવાશે કે કેમ તેનો મને સંદેહ હતો. જૂની પ્રતિમાઓનું ખંડન કરવાની વૃત્તિનાં નિશાન મેં તેનામાં જોયાં હતાં. અને પોતાની સર્જેલી ભ્રમજાળનો પોતે જ ક્યારે ધ્વંસ કરશે તે કોણ જાણે? પણ ગ્રેટા ઉપર જુદી જ અસર થઈ હતી. તે તો અર્ધસ્વપ્ન સમાધિભરી મસ્તીમાં આવી ગયાં. તેમણે ગુરુનો સ્વીકાર કરી લીધો હતો. હું તેમના ઉપદેશનો પૂર્ણ પ્રભાવ જોવાને રાહ જોતો રહ્યો.'

ઈ. ૧૯૨૭માં પ્રસિદ્ધ સંગીતવેત્તા લીઓપોલ્ડ સ્ટોકોવ્સ્કી બ્રહ્મવિદ્યા વિશે વધુ જ્ઞાન પામવા અઘાર આવ્યા. ભવિષ્યમાં વૉલ્ટ ડિઝનીની રંગસ્વરભરી 'ફૅન્ટેસિયા' ફિલ્મમાં તેમની પ્રતિભા ઝળકી ઊઠી.

બ્રહ્મવિદ્યાશ્રમમાં નિવાસી સભ્યો ૩૮ હતાં. કેટલાંક વ્યાખ્યાતા અને શ્રોતા બંને હતાં. ઑસ્ટ્રેલિયા, સિંહલ, ડેન્માર્ક, ઈંગ્લંડ, હૉલંડ, ભારત, ઈરાન, ઈટલી, મેક્સિકો, સ્કૉટલંડ, દક્ષિણ આફ્રિકા, યુનાઇટેડ સ્ટેટ્સ વગેરે વિવિધ દેશોથી એ સૌ આવેલાં હતાં. સામાન્ય ભાષા અંગ્રેજી હતી. આશ્રમનું સંખ્યાબળ જૂજ હોવા છતાં આ એક આદર્શ સંઘ હતો. તેની અસર સંબંધ ધરાવતા સંઘોમાં ઠેઠ ચીન, ફિનલૅંડ અને ચીલી સુધી પહોંચી હતી. ૧૯૨૮માં વિશ્વ પરની આર્થિક ભીંસ, કેળવણીમાં ક્રાન્તિ વગેરે કારણોથી સંખ્યા ઘટી ગઈ. મારે ફરી યુરોપ અને અમેરિકા જવાનું થયું, તે વખતે તો સંખ્યા એટલી જૂજ બની ગઇ કે સારો વખત આવે ત્યાં સુધી સંસ્થાને મુલતવી કરવાનું શ્રી બેસાંટે ઠરાવ્યું.'

આ વખતના યુરોપ-પ્રવાસમાં અનેક સ્થળોએ તેમણે ભારતીય શિલ્પ અને ચિત્રકળા પર દીપચિત્રો સાથે વ્યાખ્યાનો આપી યુરોપની પ્રજાને પહેલી જ વાર ભારતીય કળાના કાવ્યત્વ અને અધ્યાત્મપ્રીતિનો પોતાની સુમધુર રોચક અંગ્રેજી ભાષામાં પરિચય આપ્યો અને ભારતીય કલાકારોના કૌશલ માટે માન ઉપજાવ્યું. લંડનમાં પ્રદર્શન ગોઠવ્યું તે સાથે વ્યાખ્યાનો પણ આપ્યાં. ત્યાં લૉરેન્સ બિનિયન ચુપચુપ બધાં ચિત્રો જોઇ ગયા અને આનંદ વ્યક્ત કરતા વિદાય થયા. છેવટને દિવસે ચિત્રો ઉતારવા માંડયાં હતાં ત્યાં એક શ્રદ્ધાવાન મનુષ્યે એ ઉતારેલાં ચિત્રો ફરી જોવા માગ્યાં અને પછી પૂછ્યું, 'ક્રિસ્ટમસ અંક માટે તેમાંનાં કોઇ ચિત્રો આપી શકાય કે નહિ?' એ મુલાકાતી બીજું કોઇ નહિ પણ સુપ્રસિદ્ધ કલાવિવેચક આર. એચ. વિલેન્સ્કી હતા! અઠવાડિયા પછી ઇલસ્ટ્રેટેડ લંડન ન્યૂસના સંપાદકે તેમને તેડાવ્યા અને પરિણામે અડધો ડઝન ભારતીય ચિત્રો યોગ્યરીતે પ્રસિદ્ધ થયાં અને ભારતીય કલાને ઘટતી પ્રકીર્તિ પ્રાપ્ત થઈ.

ફરી પાછા તેઓ જીનિવા ગયા. 'ત્યાં પેડ્રેવ્સ્કીનો સંગીતજલસો સાંભળી ગ્રેટાને તે કોઇ દેવદૂત સમા ભાસ્યા. એમની વાત સાંભળી મેં તે પરથી કલાકારની પ્રશંસામાં કવિતા લખીને પોસ્ટ કરી. બહારથી પાછા આવીએ છીએ ત્યાં ટેબલ પર તાર હતો. ધડકતે હૈયે મેં તે વાંચ્યો અને ગ્રેટાએ નૃત્યની ફૂદડી મારી અને ગુંજન કર્યું, 'ઓહ જિમ! પેડ્રેવ્સ્કીની સાથે ભોજન!' પાછળથી મેં જાણ્યું કે મારી કવિતા પહોંચી તે પેડ્રેવ્સ્કીએ ચૂપચાપ વાંચી, ફરી વાંચી ને કુટુંબને બતાવી: 'આમને આપણે કાલે જમવાનું નોતરું આપીએ જ.' વળી તેમણે શી રીતે તર્ક બાંધ્યો તે કોણ જાણે, પણ ઉમેર્યું, 'જેણે આવી કવિતા લખી તેની પત્ની સરસ બાઈ હશે. તે પણ આવે જ.'' (ચાલુ) **રવિશંકર રાવળ**

દંભી તરીકે ઓળખાવા કરતાં પાપી તરીકે ઓળખાવું સારું.
માછલી અને મહેમાન ત્રણ દિવસ પછી ગંધાવા માંડે છે.
ઉદ્યમ એ સંપત્તિનો જમણો હાથ છે, કરકસર એ ડાબો.
ગેરવાજબીપણે કરેલો નફો એ ખોટ બરાબર છે.

શૌર્ય અને સાહસ તથા પ્રેમ અને માનવતાની સાગરકથા



સાગરસાવજ દેવો ધાધલ



લેખક 'સુકાની'

ભાગ ચોથો

ખંડ ૧ : વિજયી કાફલો

સવારનાં સૂર્યકિરણો દરિયાનાં મોજાં ઉપર રૂપાનો ઢાળ ચમકાવતાં હતાં. દરિયો હળવા હિલોળા લેતો હતો. પવનની રમતિયાળ લહેરો સામે ફૂમતાદાર સાગરતરંગો ગેલ કરતા હતા.

અહીં એવી એકૂકેય નિશાની ન હતી કે હજુ ગઇ સવારે જ આ જગ્યાએ દારુણ ઝપાઝપી થઈ હતી અને સેંકડો માણસોનાં લોહી રેડાયાં હતાં; બબ્બે વહાણનાં જખમી બદન ગરક થયાં હતાં; મુણસમાર શારમીનોએ અહીં ભંડારો ઊજવ્યો હતો. અને આજે, અહીં કશું મળવાનું નથી એ જાણી ગયાં હોય એમ, એ મઘરાંઓ પણ અલોપ થઈ ગયાં હતાં.

દુનિયાની દરેક ભાષામાં કવિઓએ સાગર ઉપર કાવ્યો રચ્યાં છે. પણ મોટે ભાગે એમણે કિનારા ઉપર ઊભીને જ સાગરને જોયો છે. કવિઓને એમાં હિલોળતી મસ્તી દેખાઇ છે; એના ઉપર ઝબકતી ચાંદનીમાં એમણે પ્રેમી યુગલની નાવડી ચલાવી છે; એના ઉપર વહેતા પવનની લહેરોમાં એમણે સંગીત કલ્પ્યું છે; એની ક્ષિતિજની પેલે પાર સુન્દર, શાન્ત, એકાન્ત સ્વર્ગ કલ્પ્યું છે. આજે અહીં આબાદ એવો જ કાવ્યપ્રેરક સાગર હતો. એના પટ ઉપર વડજુંગ, 'અરબન' અને 'રાવળનાથ' હળવા દોલ લેતાં હતાં. ચીની જુંગના ભંડકમાંથી દરિયાનાં પાણી આખી રાત ઉલેચાતાં રહ્યાં હતાં; એના જખમો ઉપર કામચલાઉ મલમપટ્ટા થયા હતા; એનામાં વેગથી હંકારાવાની તાકાત નહોતી, એટલે આખા કાફલાની ગતિ ધીમી રાખવાની હતી. 'રાવળનાથ' પણ ધાધલના કહેવાથી સુલગ્બા હેરિયું કરવા જતું હતું.

ચીનીઓ ઉપરના વિજયના સમાચાર લઇ એક ઓરાંગ લાઉતની નાવડી પહેલેથી રવાના થઈ ગઈ હતી. જખમ ચાટતા કાફલાની વળતી સફર છએક દહાડા લંબાવાની હતી. દરમ્યાન ધાધલે મેઘસુવર્ણો અને મધુગંધો પાસેથી બાતમી કઢાવવા માંડી. મેઘસુવર્ણો સહજ જવાબ આપે એમ ન હતું; પરંતુ ધાધલની ક્રૂર સતામણી સામે મધુગંધો ટકી ન શક્યો. એની પાસેથી ભરપૂર બાતમી મળી.

મધુગંધો ફૂટચો છે એ વાતની મેઘસુવર્ણોને ખબર ન હતી. એણે એકવાર ધાધલને ચીની જુંગના નાખવા વિષે, એટલે મધુગંધો વિષે સવાલ પણ પૂછી જોયો હતો, પણ જવાબમાં ધાધલે કહ્યું હતું કે પોતાના જ ચાંચિયાઓને હાથે એનું મોત થયું હતું!

ધાધલે સુપર્વો પાસે એક લાંબો અહેવાલ જાવીમાં લખાવ્યો અને બીજી ઓરાંગ નાવડી દ્વારા તે બલીલિંગમાં ભદ્રશીલોને મોકલાવી દીધો. મેઘસુવર્ણોની દગાબાજીની ખબર કરવા એક જુદો અહેવાલ પરમેશ્વરીને આપવા એક અલગ નાવડી પણ રવાના થઇ ગઈ.

ખંડ ૨ : મહાનુષ્ઠાન

કાકુલ અને ધાધલ ચીનીઓ સામે ઊપડી ગયા તે જ સવારે અલકનંદાએ સશસ્ત્ર સૈનિકો સાથે દરબારગઢ ઉપર છાપો માર્યો અને મહાઅમાત્ય વસુપ્રાસોનાં માણસોને અટકમાં મુકાવી દીધાં. બંને ટાપુની સામાન્ય વસતિનાં આબાલવૃદ્ધ તો પરમેશ્વરીનાં ભક્ત હતાં, પણ કુચીલ ટાપુ ઉપરના દરબારગઢમાં વસુપ્રાસોની આણ ફરતી હતી. અલકનંદાને અંતરમાંથી ક્યારનું લાગી રહ્યું હતું કે વસુપ્રાસો ચીની ચાંચિયાઓનો મિત્ર હતો, એટલે જ એ ચાંચિયાઓને શિક્ષા કરવાને બદલે એનો પક્ષ સબળ બનાવી રહ્યો હતો. એ ચીની ચાંચિયાઓની હવે અલકનંદાને જડ ઉખેડી નાખવી હતી. ચીનીઓ સુલગ્બા ઉપર ચડાઈ કરવાની હિંમત કરે એ વાતે તો બળતામાં ઘી રેડ્યું હતું. એટલે એ વસુપ્રાસોને પણ જરૂર પડે તો જેર કરવા હવે તૈયાર થઈ હતી અને એ દિશાના પ્રથમ પગલા તરીકે એણે બંને ટાપુઓમાંથી વસુપ્રાસોનાં માણસોને વીણવા માંડ્યાં હતાં. ચમ્પકમ્ એને આ કાર્યમાં જબ્બર સાથ આપી રહી હતી. દરમ્યાન ટાપુઓના છૂપા બુરજો તોપોથી સજ્જ થઇ ગયા હતા. જો કાકુલ ને ધાધલનાં પિરાહુઓ મહાત થઈ જાય ને ચીનીઓ ટાપુને આંબી લે, તો તે સામે નંદાએ આખરની ઘડી સુધી લડી લેવાનો નિશ્ચય કર્યો હતો. સુલગ્બાવાસીઓ પરમેશ્વરીને ફરી આઝાદ અને હથિયારબંધ ફરતી જોઇને ઉત્સાહમાં આવી ગયા. આ એમની પરિચિત પુરાણી 'નાવિકનંદા' હતી; રંગમહેલમાં રાચતી મેના નહિ, પણ દરિયો ધુણાવતી રાજાવલી (બાજપંખી) હતી!

બલીનો કાફલો વિદાય થવાને આઠમે દહાડે વિજયના સમાચાર લઇ ઓરાંગ નાવડી આવી પહોંચી. પરમેશ્વરીએ ઉત્સવ મનાવ્યો. બ્રાહ્મણોને દાન આપ્યાં. બીજે દિવસે ચંડી-મંદિરમાં મહાપૂજાનું અનુષ્ઠાન કરવાનો હુકમ આપ્યો. મહાનુષ્ઠાન એટલે બલીઓનો અદ્ભુત ઉત્સવ. એ અનુષ્ઠાનની ચાર પ્રક્રિયા હતી: એક અન્નકૂટ, બીજી બલીહોમ, ત્રીજી લગૅાગ અને ચોથી અતિ ગુપ્ત પ્રક્રિયા, તે આવાહન.

અન્નકૂટ માટે આગલી રાતથી જ બેટવાસી સ્ત્રીઓ વ્યસ્ત બની ગઈ. ભાતભાતની વાનગીઓ તૈયાર થવા લાગી. મુખ્ય તો જાતજાતના ભાત, શાકપાન, કંદમૂળ, મત્સ્ય, માંસ વગેરેની, કલામય કથરોટમાં રંગોળી જેવી પૂરણી: પહેલાં અન્ન, પછી ફળફૂલ, ઉપર પર્ણપુષ્પ. એમાં રંગ અને આકારની એવી રચના થતી કે કથરોટમાં ભડક રંગના પુંજ દેખાતા. કઇ કથરોટ વધારે સુંદર બને છે એ માટે સ્ત્રીઓમાં સરસાસરસી થતી. કથરોટ પણ વાંસ અને નેતરની રંગરંગની ગૂંથણીથી કલાવન્તોનો હાથ દેખાડતી હતી. ઉપર મંદિરનાં શિખર અને ગોપુરમના આકારનાં ઢાંકણાં મૂકવામાં આવતાં.

સૂર્યોદય થતાં જ નાનાવિધ શણગાર સજી સ્ત્રીઓ અન્નકૂટ લાવવા માંડી. પગથી માથા સુધી શુભ્ર વસ્ત્રોમાં બિરાજેલા ઈદા બાગુસ (ઈદા એટલે આ; બાગુસ, ઉત્તમ પુરુષ=બ્રાહ્મણો) કથરોટોને મંત્રપૂત કરી મંદિરના ચોકમાં ગોઠવવા લાગ્યા. કોઈકોઈ કથરોટો ઉપાડવાને તો બે-ચાર સેવકો જોઇએ એટલી એ મોટી હતી; તો કોઈ કેવળ કમળદળ જેવડી હતી. પરંતુ અહીં નાનાંમોટાંની સરસાઈ ન હતી, પણ રંગકળા

અને કારીગરીની સરસાઈ હતી. દરેક કથરોટ ઉપર નાનકડું છત્ર ધરવામાં આવ્યું હતું. જરી અને રેશમથી માંડી કાગળ અને પાંદડાંનાં છત્રો બહાર ચોગાનમાં વેચાતાં હતાં.

અને ચોગાનમાં તો મેળો જામ્યો હતો. ખાનપાનની હાટડીઓ મંડાઈ ગઈ હતી. ક્યાંક વાદ્ય, ક્યાંક નૃત્ય, ક્યાંક ગાયન, ક્યાંક કુસ્તી ક્યાંક જાદુ, ક્યાંક જ્યોતિષ, ક્યાંક દોરાધાગા ને અનેક ઠેકાણે કુક્કુટ-યુદ્ધ! કૂકડાઓ લડાવવા એ તો બાલીઓનો અતિપ્રિય વ્યાસંગ છે.

બપોરે બલિહોમ થયો. શક્તિની પૂજા ને પશુહોમ એ ભારતમાં અને ભારત સમા આ બલીમાં પ્રાગૈતિહાસિક કાળથી સાથે ચાલ્યાં આવ્યાં છે. મધ્યાહ્ન પછી પ્રસાદ વહેંચાયો. આખા ગામે અન્નકૂટ ભર્યો હતો અને આખું ગામ એ પ્રસાદ પામ્યું. સાંજે શક્તિના સૌમ્ય સ્વરૂપની આરતી થઈ અને ત્યાર બાદ બે પ્રહર માટે મંદિરનાં દ્વાર બંધ થયાં. એ સૌમ્ય સ્વરૂપ ફરી પ્રાતઃકાળ સુધી દેખાવાનું ન હતું.

રાત્રે ચોગાનમાં ઊભા કરેલા રંગમંચ ઉપર 'લગૅાગ'–નાટ્યમ્ થયું! બલીઓનું 'લગૅાગ' એ પ્રાચીન ભારતનું, ખુદ ભરતમુનિએ જેના નિયમો બાંધ્યા છે ને 'અભિનયદર્પણે' જેની મુદ્રાઓ વર્ણવી છે, શ્રી ચિદમ્બરમ્‌ના કોવિલ ઉપર જે અમર કળાએ કોતર્યુ છે ને જે આજે માત્ર દક્ષિણ ભારતમાં જ શુદ્ધ સ્વરૂપે જીવન્ત છે એવું ભરત નાટ્યમ્; અને અંદર બારોબાર કથકલીનું મિશ્રણ.

આમાં સ્ત્રીઓ અને પુરુષો બંને કલાધર બને છે. વિદ્યાધરીઓ સામાન્ય રીતે આઠથી ચૌદેક વર્ષની કન્યાઓ જ હોય છે. લાંબા કાળની સખત તાલીમ પછી 'લગૅાગ'ની વિદ્યાધરી બનાય છે. લગૅાગ કે ભરતનાટ્યમ્ સાંગોપાંગ ને શાસ્ત્રોક્તરીતે રંગ ઉપર ઉતારી શકનાર વિદ્યાધરીને તોલે આવે એવું નાટ્યકલાના જગતમાં બીજું કોઈ નથી!

ઠેઠ મોડી રાત્રે લગૅાગ સમાપ્ત થયું. પ્રેક્ષકો જાણે નંદનવનમાંથી પાછા અવનિ ઉપર આવતા હોય એમ ચૂપચાપ વીખરાઈ ગયા.

હવે આવાહન થવાનું હતું. એ ગુપ્ત હતું. માત્ર ત્રિબંશી (ત્રિવંશી–ત્રૈવર્ણિક-દ્વિજ), અને તે પણ આમંત્રિતોને જ એનાં દર્શનની છૂટ હતી.

ખંડ ૩ : ભૂવાની ભવિષ્યવાણી

ગર્ભમંદિર સામેની ચિત્સભા હજારો દીવાથી ઝળહળી રહી હતી. સભાને બંને પડખે શ્વેત વસ્ત્રધારી ઇદા બાગુસો (બ્રાહ્મણો) બેઠા હતા. એમની આંખો ધ્યાનબદ્ધ હતી; હોઠ જપ કરતા હતા.

મુખ્ય દ્વાર પાસે આમંત્રિત સ્ત્રી-પુરુષો નીરવ બેઠાં હતાં. ગર્ભમંદિરનાં દ્વાર સામે માટીની એક ભાતીગળ કથરોટમાં અંગારા ઝગતા હતા. એમાંથી ઊઠતો ઘાટો ધૂપ વાતાવરણને સૌરભથી ભરી રહ્યો હતો. ગર્ભમંદિરનાં રૂપાનાં કમાડ બંધ હતાં. જ્યોતિષીએ ઠરાવેલી આવાહનની ઘડી, પળ અને વિપળની વાટ જોવાતી હતી. બહાર ચોકમાં એક પેદન્દ (પંડિત) આકાશમાં નક્ષત્રો તાકી રહ્યો હતો. એના હાથમાં ગૅાગ (ઝાલર) હતો. આખરે ચોકમાંથી એક ઘેરો ઊંડો રણકો ઊઠ્યો. મંદિરમાં સૌ જાત સંકોરીને બેઠાં. ઈદા બાગુસોએ જપ બંધ કર્યો. મંદિરની પ્રદક્ષિણામાંથી નૂપુર-મેખલાનો ઝણકાર ઊઠ્યો ને સાત 'લગૅાગ' વિદ્યાધરીઓએ નાટ્યમ્ કરતાં સભામંડપમાં પ્રવેશ કર્યો. મંદિરદ્વારને એક પડખે અર્ધચન્દ્રાકારે અંગ ભાંગીને તે ઊભી રહી. દરેકની ભુજલતા માથા પર ઊંચી કરેલી હતી; હાથમાં ગૅાગરૅાગ (કાંસ્ય-કુંજી)ની જોડી હતી.

બહારથી ગૅાગ ઉપર બીજો રણકો ઊઠ્યો. વિદ્યાધરીઓ કમરમાંથી નીચી વળી ને ચૌદ કુંજીઓમાંથી એક જ રણકાએ પ્રતિશબ્દ પાડ્યો. ગર્ભગંદિરનાં દ્વાર ઊઘડી ગયાં. મહાશક્તિનું સુંદર, માતૃસ્વરૂપ, સૌમ્ય મુખ હવે ન હતું. એને વિકરાળ મહોરું પહેરાવ્યું હતું. છૂટા વાળ, માથે રત્નજડિત મુકુટ, લાલઘૂમ આંખો, લોહિયાળ મુખ, બહાર લટકતી લાંબી રાતી જીભ! આ હતી રંગદા! 'લેયાક'ની મહેશ્વરી.

લેયાક એટલે ચૂડેલ. એના મુખમાંથી ભડકા ઊઠે છે; એ જીવતા માણસનું લોહી ચૂસે છે; કોઈ વાર એ સામાન્ય સ્ત્રીનું શરીર ધારી કામ્પૅાગ(ગામ)માં વસે છે અને રાત્રે સૂતાં માનવીઓનું લોહી પીએ છે; એ લેયાક. અને એની મહેશ્વરી તે રંગદા! મધ્યાહ્નના બલિહોમથી જાણે હજી તૃપ્ત ન થઈ હોય એમ એણે લોહિયાળ જીભ બહાર કાઢી હતી.

દ્વાર ઊઘડતાં જ ભૂવો પણ દેખાયો. ગોરો વાન, ખભા સુધી ઝૂલતા વાંકડિયા વાળ, કપાળે સિન્દૂર, હાથમાં બલોયાં, પગમાં ઝાંઝર અને ગળામાં રાતાં ફૂલની માળ. એણે અંગાર ભરેલી કથરોટ સામે આસન જમાવ્યું અને બેઠા ભેળો એ સ્તબ્ધ બની ગયો. એણે અંગાર ઉપર ત્રાટક માંડ્યું. એની પછવાડે વિદ્યાધરીઓ ખડી થઈ ગઈ ને નાટ્યમ્‌ની અદાથી નૂપુર તથા મેખલાથી તાલબદ્ધ મધુર રણકાર શરૂ કર્યો. આસ્તેઆસ્તે ભૂવો પથ્થર જેવો નિશ્ચેષ્ટ અને સ્થિતભાવ બની ગયો.

થોડી વારે ઓચિંતો એ ઊભો થઇ ગયો અને કમરે બે હાથ મૂકી સ્ત્રીની છટાથી પ્રેક્ષકો તરફ ફર્યો. એનો દેખાવ ઉગ્ર હતો; એના અંગમાં રંગદાનો આવેશ આવ્યો હતો; હવે એ રંગદા હતો. એના મુખમાંથી

બલીની ચાતુર્વર્ણ્યવ્યવસ્થા

આજે વિક્રમના એકવીસમાં સૈકામાં પણ બલીદ્વીપ પ્રાચીન ચાર વર્ણની પ્રણાલી સાચવી રહ્યો છે. આ વ્યવસ્થા બે હજાર વર્ષ પૂર્વે ત્યાં આર્ય સંસ્થાન વસ્યાં ત્યારથી ચાલી આવે છે.

અગ્નિ-એશિયાના દેશોના પ્રાચીન ઇતિહાસ પર હજુ ભારતીય વિદ્વાનોનું જોઈએ તેટલું ધ્યાન ખેંચાયું નથી, પરંતુ કદાચ એક દહાડો એમ દેખાડી શકાશે કે નિદાન વાલ્મીકિ-રામાયણનો ઇતિહાસ ભારતની સરજમીન ઉપર નહિ પરંતુ અગ્નિ-એશિયામાં મૂર્ત થયો હતો, અને ભગવાન રામચન્દ્ર જોકે અયોધ્યાના ઇક્ષ્વાકુ વંશના રઘુકુલના રાજવી હતા પરંતુ વનવાસમાં સીતાહરણ પછીના બનાવો અગ્નિ-એશિયામાં બન્યા હતા. આજે આ વિષે હાલ 'કદાચ' શબ્દ વાપરવો પડે છે, પણ એ તો જોઇતાં સાહિત્યસાધનોના અભાવે જ. મહર્ષિ વાલ્મીકિનું અગ્નિ-એશિયાનું જ્ઞાન બહુ જ ઝીણવટભર્યું ને અદ્‌ભુત હતું, અને રામાયણકાળે જાવા, સુમાત્રા, બલી અને એ બાજુના અસંખ્ય દ્વીપોમાં સાત ક્ષત્રિય રાજ્યો હતાં–'સપ્તરાજ્યોપશોભિતમ્!' પુરાણોના વામનાવતારના પ્રેરક બલીએ જ આ અદ્‌ભુત 'બલી' દ્વીપનું નામ આપ્યું લાગે છે. વામનપુરાણ જ નહિ, પરંતુ જ્યાંજ્યાં બલીનાં આખ્યાન આવે છે એ ધ્યાનપૂર્વક વાંચી જવાથી આ વાત તરફ ધ્યાન જાય છે. વિષુવવૃત્તની નીચેના પાતાલમાં બલી બંધાયો; વામને એને ત્યાં સુધી ચાંપ્યો એ ઇતિહાસ જ છે, માત્ર જરા બીજા વેષમાં.

ગજમદા એ અગ્નિ-એશિયાની જીવતી તવારીખમાંનું એક ધન્ય નામ છે. કાવી ભાષામાં (જાવાની એ સંસ્કૃત જેવી ભાષામાં) લખાએલો પુરાણ-ગ્રન્થ 'નગરકૃતાગમ' એને 'જલધિમંત્રી' કહે છે અને એના સમુદ્ર ઉપરના દિગ્વિજયને વિગતવાર વર્ણવે છે. ત્રિભુવન-ઉત્તુંગિનીનું બિરુદ પામેલી રાણી વિષ્ણુવર્ધિનીનો એ મહામંત્રી અને 'જલધિમંત્રી' હતો. આ શબ્દ મારો બનાવેલો નથી, 'નગરકૃતાગમ'માં જ 'જલધિમંત્રી' શબ્દ આવે છે.

—'સુકાની'

શબ્દો બહાર પડવા માંડ્યા. એ અવાજ એનો ન હતો, એ તો રંગદા બોલતી હતી. લોકોએ કેવી અર્ચના કરી હતી, કેવા અપરાધ કર્યા હતા એનો હિસાબ રંગદા માગતી હતી. એકાએક રંગદાને ક્રોધ ચડ્યો.

ભૂવાનું શરીર કંપવા લાગ્યું. એની આંખો વધારે લાલ થઈ ગઈ. એને મોંએ ફીણ આવી ગયાં. એની હથેલીઓ મુઠ્ઠી વાળી ગઈ. એના હોઠ બિડાઇ ગયા. એની છાતી ધમણ પેઠે હાંફવા લાગી.

અને ભૂવાની એ પ્રત્યેક અંગભંગિ તથા પ્રત્યેક ભાવાવેશ, પાછળ ઊભેલી પ્રત્યેક વિદ્યાધરીમાં નાટ્ય રૂપે આવિર્ભાવ પામવા લાગ્યો.

રંગદા પૂછતી હતી: કોણે ધર્મદાન કર્યાં? કોણે હોમહવન કર્યાં? કોણે અનુષ્ઠાન કરાવ્યાં? કોણે પૂજાઅર્ચા કરી? કોણે બ્રાહ્મણો જમાડ્યા? કોણે વ્રત-ઉપવાસ કર્યાં? કોણે જપજાપ કરાવ્યા? લોકો આનો જવાબ મનમાં ને મનમાં આપતાં થીજી ગયા. આ તો રૌદ્રપ્રકૃતિ રંગદા! એ આગ વર્ષાવે, પ્રલય આણે, મરકી ફેલાવે! મનમાં ને મનમાં સૌ હોમહવન, દાનજપ, અનુષ્ઠાન, બ્રહ્મભોજન વગેરેની માનતાઓ લેવા લાગ્યાં. ફરી ભૂવાનું શરીર શિથિલ બની ગયું; એનો ચહેરો સૌમ્ય બની ગયો. એના શરીરમાં હવે બારાંગનો આવેશ આવ્યો હતો.

બારાંગ દેવીસત્વ છે. એણે રંગદાને વીનવવા માંડી. લોકો મનમાં ને મનમાં જે શુભ કાર્યની પ્રતિજ્ઞા લેતા હતા આબાદ એ જ વાત બારાંગ કહી રહ્યો હતો. એ રંગદાની ક્ષમા માગતો હતો. એની વિનવણીથી રંગદા શાન્ત થઇ. ભૂવાના મોં પર સ્મિત આવ્યું. એના હાથની મુઠ્ઠી છૂટી થઇ ગઇ. એના સ્નાયુઓ ઢીલા પડ્યા. એની આંખોમાં પ્રસન્નતા આવી, અવાજ ઓછો કરડો થયો ને એણે લોકોને ક્ષમા આપી!

અને આ બધા ભાવો નાટ્ય-નન્દિનીઓ અંગભંગથી તાદૃશ પ્રકટ કર્યા કરતી હતી.

ભૂવાએ ફરી આસન લીધું અને વિદ્યાધરીઓએ એની ચોતરફ ફૂદડી લેતાં નૃત્ય આરંભ્યું. પછી એક પછી એક વીરાસન વાળીને ભૂવા સામે બેસતી ગઇ અને અર્ધચન્દ્રાકાર રચી દીધો.

આવાહનનો અર્ધો કાંડ અહીં પૂરો થયો. હજુ રંગદાનો આવેશ ગયો ન હતો. પણ એ પ્રસન્ન રંગદા હતી. ભૂવો ધ્યાનસ્થ થઇ ગયો એટલે પ્રત્યેક નંદિની ધ્યાનાવસ્થ થઈ ગઈ. ભૂવાની પાંપણ ફડફડી ને એણે આંખ ઉઘાડી. સગડીના અંગાર પર ફરી એણે ત્રાટક માંડ્યું.

એક નંદિની સભામંડપ વચ્ચે આવી બેઠી. કોઇને કંઈ પણ પ્રશ્ન પૂછવો હોય તો રંગદા એનો ઉત્તર આપવા કૃપાવંત થઇ હતી.

ઘણાએ પ્રશ્નો પૂછ્યા: ધન વિષે, જમીન વિષે, આરોગ્ય વિષે, સંતાન વિષે, સંસારનાં સુખદુ:ખ વિષે, એમ અનેક પ્રશ્ન પુછાયા. પ્રશ્ન પૂછનાર સભા વચ્ચે બેઠેલી નંદિનીની પડખેના આસન પર બેસે. પ્રશ્ન હળવેથી નન્દિનીના કાનમાં પૂછે. નંદિની કેવળ ભૂવાના કપાળના યોગ-બિન્દુ ઉપર ત્રાટક માંડે. અને અણબોલ્યા પ્રશ્નનો ભૂવો જવાબ દે! જવાબ કાવી (બલીની પ્રાચીન) ભાષામાં આપે અને શ્લોકબદ્ધ આપે. નંદિનીને મોંએ એનો મતલબ સાંભળી પૂછનાર હર્ષમાં કે વિષાદમાં સભામંડપની બહાર નીકળી જાય. જતાં પહેલાં પાસે કંઇ ભેટ મૂકી જાય.

ઓચિંતાં દ્વાર વચ્ચે પરમેશ્વરી આવી ઊભાં, અને દરેક શ્રોતાજને વાંકા વળી ભૂમિ પર માથું અડાડ્યું. અને સૌ મંડપ બહાર નીકળી ગયાં.

પરમેશ્વરીએ ભૂમિસાત્ મસ્તક અડાડી રંગદાને પ્રણિપાત કર્યા. પછી વચલે આસને આવી બેઠી. નંદિનીએ પ્રશ્ન સાંભળવા પુષ્પખચિત માથું નીચું કર્યું. પ્રશ્ન સાંભળી એણે ભૂવાના લલાટ વચ્ચે ત્રાટક કર્યું.

થોડી વારે ભૂવાએ જવાબ આપ્યો: 'જ્યારે રજાવલી (બાજપક્ષી) પાંખો સંકેલી રાખે છે ત્યારે દિવસ અસ્ત પામે છે અને ધુવડ પોતાની પાંખો વિસ્તારી નિર્દોષ પંખીઓનો સંહાર કરે છે. ઓ રજાવલી! તારી પાંખોએ હવે પૂરતો આરામ લીધો છે. ધુવડ ને ભેરવ હવે પરાસ્ત થશે.'

ધુવડ અને ભેરવ એ ચીની ચાંચિયાઓ. એનો નાશ થવો જ જોઇએ એવી સ્વયમ્ રંગદાની આજ્ઞા છે એમ અલકનન્દાને અર્થ સમજાયો. એ પ્રસન્નમુખે ઊભી થઇ. પરમેશ્વરી સાથે આવેલી ચમ્પકમે પણ પ્રશ્ન પૂછ્યો. જવાબ શુદ્ધ સંસ્કૃતમાં આવ્યો:

અસ્તંગતોઽયમરવિન્દવનૈકબન્ધુર્
ભાસ્વાન્ ન લંઘયતિ કોઽપિ વિધિપ્રણીતમ્;
હે ચક્ર! ધૈર્યમવલમ્બ્ય, વિમુંચ શોકં
ધીરાસ્તરન્તિ વિપદં ન તુ દીનચિત્તા:.

[નીલકમળના વનનો એકમાત્ર મિત્ર, આ તેજસ્વી સૂર્ય પણ અસ્ત થઈ ગયો. વિધાતાએ જે નક્કી કર્યું હોય એને કોણ ઓળંગી શકે છે? પણ હે ચક્રવાકી! ધૈર્યનું અવલમ્બન કરીને શોક કરવો તજી દે. વિપત્તિ-સાગરને ધીર માનવી જ તરી જાય છે, દીન ચિત્તવાળાં નહિ!]

ચમ્પકમની કાકુલ ઉપરની પ્રીતિએ એની સલામતી માટે એને ચિંતાતુર બનાવી દીધી હતી. ભૂવાના જવાબે એને આશ્વાસન આપ્યું.

ખંડ ૪: બલીનો ચોર

'રાવળનાથ'ના રાણીવાસમાં ખાનગી મંત્રણા ચાલતી હતી. અલકનંદા ને એનાં થોડાં વિશ્વાસુ માણસો અવાક્ બની દેવા ધાધલની વાત સાંભળતાં હતાં. ગજમદોએ સોંપેલું કામ ધાધલે પાર પાડ્યું હતું. અલકનંદાના મનમાં એના પિતાને થએલા અન્યાયની જે આગ જળી રહી હતી, તે આજે એ બુઝાવતો હતો. એની કથા કોઈ કિસ્સાકહાણી-માંથી ઉપજાવી કાઢી હોય એવી અદ્ભુત અને ખયાલી લાગતી હતી. પરમેશ્વરી ધાધલનો શબ્દેશબ્દ એકધ્યાને સાંભળી રહી હતી.

થોડા બલી શબ્દો

ચાતુર્વર્ણ્ય વ્યવસ્થાના જીવન્ત અવશેષ આજ સુધી સાચવી રાખનાર બલીઓ બ્રાહ્મણ માટે બે શબ્દ વાપરે છે. સામાન્ય બ્રાહ્મણ તે ઈદા વાગુસ (વાગીશ), અને વિદ્વાન કર્મઠ બ્રાહ્મણ તે પેદન્દ (પંડિત). ક્ષત્રિય તે શો'કર્ત્તા; ઉત્તમ સ્થાને ક્ષત્રિયનું સમ્બોધન 'દેવ!' ને નાનેરો તે અનક, અગુંગ! વૈશ્યમાત્ર ગુસ્તી.

ક્ષત્રિયનો આવાસ તે 'પુરી'. બ્રાહ્મણ, ક્ષત્રિય ને વૈશ્ય તે ત્રિબંશી (ત્રિવંશી) 'હાં જી' કહેવું હોય તો બાંગ્લામાં 'આગ્ગે' એટલે 'આજ્ઞા' અર્થાત્ 'જી, શી આજ્ઞા છે' એમ કહે છે. બલી-માં ઈન્ગ્ગેહ કહે છે. 'અમાત્ય' શબ્દ બલી છે અને પંચાયત માટે 'વિશ્વસ્તૂ પંચક્રમ્' શબ્દ પણ બલી છે.

મોટા ભાઈ તે 'બલી'; મોટી બહેન તે અમ્બોક્ (અમ્બા—અક્કા), ને દાદી કે નાની તે 'દાદોં'! ગામનો પટેલ તે 'પબેંકલ' અથવા 'પુંગવ', ને બાપાને 'આજી' કહે છે. પરંતુ અતિ મોટેરો તે તો 'બાપા'(—જેમ કે બાપા સુકર્ણો).

'હેવાયા' માટે સંસ્કૃત અભ્યસ્તનું બલી અપભ્રંશ 'બ્યાસા' થયું છે; ને 'ઓત્તારી!' કહેવું હોય તો 'માસા' કહે છે. આજે પણ કચ્છીમાં 'માસા' શબ્દ બલીસંપર્કના તાજા ભૂતકાળમાંથી એ જ અર્થમાં ઊતરી આવ્યો છે, અને 'જાુસાં' મલૈમાંથી! આ બે કચ્છી શબ્દો નાખવાઓની બોલીમાં ડગલે ને પગલે જડી આવે છે, અને એમના બાપદાદાના વખતનો જાવાસાગરનો પરિચય દેખાડે છે. —'સુકાની'

બલીમાં મયકબાહુઓએ બળવો કર્યો ત્યારે પરમેશ્વરીના પિતા ઇન્દ્રસુવર્ણો બલી અરમારના સરખેલ અને જલધિમંત્રી હતા; અને મયંકબાહુ કુળોમાં સૌથી વધારે પ્રતિષ્ઠાવાન તથા સત્તાશાળી અષ્ટકુલરાજન્. બળવો થયો એ વખતે એમની અરમાર મલક્કાના મયંક બાહુ સામે જ લડી રહી હતી. એ જ એમની રાજભક્તિની સાખ પૂરવાને બસ હતું. છતાં એના પર બળવાખોરોને મદદ આપવાનો આરોપ કેમ મુકાયો? કારણ બંડખોરોના સંજાતમાંથી જે હથિયારો પકડાયાં તે બલીનાં અરમારી હથિયારો હતાં. એટલે ઇન્દ્રસુવર્ણો બળવાખોરોનો મિત્ર હતો એ વિષે કોઇ શંકા ન રહી. મંત્રીમંડળમાં એના મિત્રો હતા છતાં એમણે પણ આ સબૂત જોઈને એના દેહાન્તદંડમાં સંમતિ આપી.

મંત્રીમંડળ તરફથી આ સજા ફરમાવવામાં આવી ત્યારે ઇન્દ્રસુવર્ણોની એકની એક પુત્રીએ પોતાની સખી પટ્ટકુંવરી વૈજયન્તી પાસે પિતાના જીવનની ભિક્ષા માગી. વૈજયન્તીએ મહારાજને ખૂબ આગ્રહ કર્યો. એક તો સ્ત્રીહઠ, પાછો બાલહઠ, અને તેમાં પણ ભાવી સિંહાસન પર બેસનાર વૈજયન્તીનો હઠ. મહારાજા જીવનદાન આપવા તૈયાર થયા. તે વખતે મંત્રીમંડળ પાસે ઇન્દ્રસુવર્ણોની વિરુદ્ધ એક વિશેષ સાક્ષી પડી. એ સાક્ષી પૂરનારનો દરજ્જો, એનો ઇન્દ્રસુવર્ણો સાથેનો ગાઢ સંબંધ, અને એણે રાજભક્ત તરીકે ખાધેલા આકરા શપથ, એ બધાંથી મહારાજા લાચાર બની ગયા. એમને ઇન્દ્રસુવર્ણોના અપરાધ વિષે કોઈ શક ન રહ્યો. વૈજયન્તી કુંવરીનું મન સાચવવા એમણે ઇન્દ્રસુવર્ણોને જાતે જ અનશન કરી દેહ પાડવાની અનુજ્ઞા આપી.

બળવાખોરો પાસેથી મળેલી અરમારી સંજાત(હથિયારો)માં ખુદ ઇન્દ્રસુવર્ણોની પોતાની કિરિસ (કટારી) મળી હતી, જે મહારાજાએ આખરી પુરાવા રૂપે સ્વીકારી હતી. ધાધલે આંગળી ચીંધીને કહ્યું, અને એ ખતરનાક કિરિસ આજે ફરી પરમેશ્વરીની કમર ઉપર ઝબકે છે.

ધાધલની વાત અલકનંદા એકાગ્રતાથી સાંભળી રહી હતી. એના મુખ ઉપર અનેક ભાવો સરતા જતા હતા. એ કારમા પ્રસંગો એની આંખ સામે તાદૃશ થતા જતા હતા. એનો નીચલો હોઠ દાંતથી દબાઇ રહ્યો હતો. ધાધલના છેલ્લા શબ્દોથી એની આંખો ભીની થઇ ગઇ; પણ આંસુ ન ખર્યું! ધાધલે વાત ચાલુ રાખી:

–અને એ છેવટની સાખ પુરાવનાર, એ છેવટનો પુરાવો રજૂ કરનાર ઇન્દ્રસુવર્ણોની જીવનદોર ઉપર કટાર ચલાવનાર તે એનો જ ભાઈ–સાવકો પણ ભાઇ આ મેઘસુવર્ણો, જે અહીં વસુમામોને નામે વિચરે છે.

અલકનંદાનું માથું ઊંચું થઈ ગયું. એના હોઠ સહજ ઊઘડી ગયા. એની આંખો વિકસી ગઈ. એ ધાધલના ચહેરા સામે તાકી રહી. એનું મુખ લાલચોળ થઈ ગયું. પણ ધાધલ હજુ બોલતો હતો અને પરમેશ્વરીને કહી રહ્યો હતો: પરમેશ્વરી, તારા બાપનો વધ મહારાજાએ નથી કરાવ્યો. એનો ખૂની એનો પોતાનો ભાઇ છે. એને મયંકબાહુ કુળના અગ્રેસર થવું હતું; એને અષ્ટકુલરાજન્ થવું હતું; એને ઇન્દ્રસુવર્ણોની સંપત્તિ જોઈતી હતી. એણે જ પોતાના હસ્તકની અરમારી સંજાત બંડખોરોને આપી હતી. એણે ઇન્દ્રસુવર્ણોની કિરિસ બળવાખોર નેતાને આપીને કહ્યું હતું કે ઇન્દ્રસુવર્ણો આ બંડમાં સંમત છે તેની આ નિશાની!

ઈન્દ્રસુવર્ણોનો નિકાલ લાવી એણે અલકનંદાને બલીમાંથી દૂર હઠાવવાનું તરકટ રચ્યું. બાલસુલભ આવેશવાળી અલકનંદાના દિલમાં પિતાના મૃત્યુ ને બદનામીથી જે હુતાશણી સળગતી હતી તેમાં એ ઘી રેડતો ગયો. બલી સામે બહારવટું ખેલવાનો ખયાલ એણે જ અલકનંદાના દિલમાં પ્રકટાવ્યો, અને અલકનંદાને નામે એ પોતે જ બહારવટે ચડ્યો.

મહારાજાને આ દગલબાજ મેઘસુવર્ણોની રાજભક્તિ પ્રત્યે અંધ શ્રદ્ધા છે. જેણે રાજભક્તિને ખાતર મોટા ભાઇની પરવાહ ન કરી એની ભક્તિ અદ્‌ભુત હોવી જ જોઇએ એમ મહારાજાને લાગે છે. મંત્રીમંડળ મેઘસુવર્ણોનું ભક્ત છે; ખુદ ભદ્રશીલો એનો ભક્ત છે. માત્ર સાચી વાત શી હોવી જોઇએ એનો એક જ જણને કંઈક ખયાલ છે: તે ગજમદો! અલકનંદાના પિતાનો એ સરનૌકાપતિ! ઇન્દ્રસુવર્ણોની પડખોપડખ ગજમદોએ અનેક દરિયા ખેડ્યા હતા. એ પોતાનો માલમી ઇલ્મ ઇન્દ્રસુવર્ણો પાસે જ શીખ્યો છે. ઇન્દ્રસુવર્ણોની સંપૂર્ણ નિર્દોષતામાં આજ સુધી એને વિશ્વાસ છે. અલકનંદાને કોઇએ ભરમાવી છે એની એને પૂરી ખાતરી છે. તેથી જ એની અરમારે આજ સુધી અલકનંદા પર હુમલો નથી કર્યો. અને ગજમદોને પૂરો શક છે કે જેણે અલકનંદાને ભરમાવી છે એણે જ એના પિતા સામે સાખ પુરાવી હશે. એ માનવી કોણ હોવો જોઈએ એનું પણ ગજમદોએ અનુમાન કરી લીધું હતું.

પણ મહારાજાના જેના પર ચારે હાથ હોય, જે રાજભક્તિની પ્રતિમા સમો લેખાતો હોય, જેના હાથમાં બલીનું અર્ધું વહાણવટું હોય અને જેના વિષે ખુદ ભદ્રશીલો જેવો ચતુર નૌકાધિકારી શ્રદ્ધા રાખતો હોય, એની સામે ગજમદોના બલી અધિકારીઓ ફાવે એમ ન હતું.

જ્યારે ગજમદોને કુમાર અમિતશીલોએ અમારા વિષે ખબર કર્યા અને અમારાં સાચાંખોટાં વખાણ પહોંચાડ્યાં, ત્યારે એણે પોતાના ભેદુઓ દ્વારા અમારો જાવાસાગરમાંનો પુરાણો ઇતિહાસ ખોળાવ્યો અને અલકનંદાને નામે ચાલતા બહારવટાનો ભેદ અમારે હાથે ઉકેલાવવાનો નિર્ણય કર્યો. અમારે નાયરકુંવરીઓની ખોળ તો કાઢવી જ હતી. ગજમદોએ જ અમને કહ્યું કે આ બંને વાતોનો ઉકેલ એક છે.

અને અલકનંદા, ધાધલે કહ્યું: આજે એ બહારવટિયાને પકડી અમે સુલંબોની પરમેશ્વરીને સોંપીએ છીએ.

બે હથિયારબંધ બડિયાતોએ મેઘસુવર્ણોને રાણીવાસમાં હાજર કર્યો. સુલંબોવાસીઓ દિઙ્મૂઢ બની જોઈ રહ્યા. એમની સામે સુલંબોનો ખુદ મહાઅમાત્ય વસુમામો મુશ્કેટાટ બાંધેલો ઊભો હતો!

અલકનંદા ઊભી થઈ ગઈ. એનું શરીર સોટા જેવું ઋજુ અને આયત્ત બની ગયું. એની હડપચી ઊંચી થઈ ગઈ. એની આંખોમાંથી તણખા ઝરવા લાગ્યા. એના હાથનાં આંગળાં કિરિસની મૂઠ ઉપર ચોંટી ગયાં. રજાવલીએ પાંખ ઉઘાડી દીધી. એ શકરાબાજ બની ગઈ!

પરમેશ્વરી બોલી, 'મોટા ભાઈની પિતૃહત્યા કરનાર માટે લેચાકુના લોકમાં અધોગતિ લખી છે. મારે કાકાની હત્યા કરી એના નર્કના ભાગી નથી થવું. એ 'રાવળનાથ'નો કેદી છે. એને હું બાપા ધાધલને હવાલે કરું છું!'

બાપા ધાધલ! બલીમાં અતિગૌરવશાળી સંબોધન પરમેશ્વરીએ ધાધલ માટે વાપર્યું હતું! ધાધલને ઇશારે કેદી ફરી લંડકમાં પુરાઈ ગયો.

છીપનાં મોતી

નામ માટે કામ નહિ, જીવનકલાની સાચી રીત તો છે આ: કામ દ્વારા નામ!
હારથી હારે નહિ ને જીતથી જીતાય નહિ, એ જ ખરો વીર!
માયા અને મોહ પાપનાં માબાપ છે.
પ્રેમ દિલ જોશે, મોહ દેહ!
નાથાલાલ દત્તાણી

પચ્ચીસ વર્ષ પહેલાં



પોષ ૧૯૮૮
અંક ૯૭

આજથી પચ્ચીસ વર્ષ પહેલાં, ઈ. ૧૯૩૨માં જ્યારે સ્વાતંત્ર્યની લડત ચાલતી હતી ત્યારે દેશના વિદ્યાર્થીઓને, તરુણોને કદેશીને 'મિજલસ'ના તંત્રીલેખમાં લખાએલાં વચનો જેટલાં સાચાં હતાં તેટલાં જ તે, આજે સ્વાતંત્ર્ય મળ્યા પછી પણ સમયોચિત લાગે છે; તે આ સામેના ત્રીજા કૉલમમાં ચોકઠામાં ઉતાર્યા છે.

અમેરિકાનાં ગગનચુંબી બાંધકામો પર, સેંકડો ફીટ ઊંચે અવકાશમાં, વેંતભરના પાટિયા ઉપર હથેલીમાં જીવ રાખીને કામ કરતા કામગારો, જાણે મોતનાએકબંધો હોય તેમ, મૃત્યુની સાથે ખભેખભા મિલાવીને ઈંચ ને સેકંડની ગણતરી પર જિંદગી લટકાવી જે બેફિકરાઈથી જીવન ગાળે છે તેનો એક સાચો કિસ્સો એ અંકમાં આપ્યો હતો. તેનો સંક્ષેપ:

"એવખતેહું એક છાપાનો ખબરપત્રી હતો. બિલી એ વેળા ન્યૂ યૉર્કનો મૅનહટન બ્રિજ બાંધવામાં જિંદગીનું હમેશનું જોખમ ખેડનારા કોડીબંધ લોખંડી કામગારોમાંનો એક હતો.

બિલી 'અણીચૂકયો' હતો. પુલ પર કામ કરતાં જીવલેણ અકસ્માતમાંથી તે એક વાર છટકી ગએલો. પુલના લોખંડી મિનારાની ટોચેથી કોઇએબેદરકારીની એક પકડ પડતી મૂકી. એ બરાબર બિલીના માથામાં વાગી. તરત જ તે સમતોલપણું ખોઈ બેઠો. આધાર માટે જે કાંઈ હાથ આવે તે પકડવા તેણે ઝાવું નાખ્યું. ભાગ્યવશાત્ એકપાટિયું તેના હાથમાં આવ્યું. તેણે તેની આસપાસ હાથના આંકડા ભીડયા પણ પાટિયાએ તેને ટકવી રાખવાની ના પાડી અને બિલી તથા પાટિયા બંનેએ ધરેરાટ કરતી ૧૩૫ફીટ નીચે વહેતી નદી તરફ સફર શરૂ કરી.

બાંધકામ પર એકેય આદમી એવો નહોતો કે જેણે બિલીને જીવતો જોવાની આશા રાખી હોય. પણ બિલીએ એ સૌની શંકા ખોટી પાડી. જે પળે બિલી અને પાટિયું ધુબ્બાંગ કરતાં પાણીમાં પડયાં તેની બીજી જ પળે બંને તરવા માંડયાં ને કિનારા ભણી ચાલી નીકળ્યાં. તે કિનારે પહોંચી શકે એટલી શક્તિ તો ક્યાંથી રહી હોય? પણ તેને લેવા એક બોટ ઉતારવામાં આવી અને તેને કાંઠે આણી દવાખાનામાં મોકલાવ્યો.

આ અકસ્માતની ખબર અમારા છાપાની ઑફિસમાં આવી. તેને મળી તેના પરાક્રમની વાત મેળવવાનું કામ મને સુપરત થયું. પણ બીજી જ સવારે મેં બિલીને તે જ પુલ પર કામે ચડી ગએલો જોયો! પકડે તેની ખોપરી તોડી નાખી હતી, તેના માથા પર જમણી બાજુના અર્ધા ક્ષેત્રફળમાં મલમપટ્ટાનો શણગાર હતો, છતાં જે ઠેલ પરથી તે આગલે દિવસે પડી ગયો હતો તે જ ઠેલ પર ઊભોઊભો તે દાંત દેખાય તેટલું તિરસ્કારભર્યું હસતો હતો!

મૃત્યુના મુખમાંથી પાછો આવવા છતાં બિલીના મોંએથી આ પ્રસંગનું કશું દિલ થડકાવનારું બયાન કે અકસ્માતની ભીષણતાનું વર્ણન કેમ ન નીકળ્યાં તેનો વિચાર કરતાં મેં ચોમેર નજર નાખી, તો મને ખરી હકીકત સમજાવા માંડી. તેને કે તેની સાથે તે લોખંડી પુલ પર કામ કરતા બીજા માણસોને આમ મૃત્યુની લગોલગ જઇ આવવામાં કંઇ નવાઇ જેવું ન હતું. એ જોખમભરેલી દુનિયામાં તો એ સૌ વારંવાર મૃત્યુ સામે ભટકાતા—બજારમાં જેમ માણસો અથડાય છે તેમ!

પુલની કમાન પર, ધરતીથી લગભગ સવા ત્રણ સો ફીટ ઊંચે જવું એ મારે માટે તો આકાશમાં ઊડવા જેવું હતું. પણ ત્યાં એ મિનારાઓની ટોચ પર જે કોડીબંધ કામગારો કામ કરતા હતા એ તો લટકતાં દોરડાંના બનાવેલા ઝૂલતા પુલો પર, જાણે જમીન પર જ ચાલતા હોય નહિ તેટલી બેદરકારીથી આંટા મારતા હતા! એ ઊંચાઇએ પવન તેમનાં કપડાં ધજાઓની જેમ ફફડાવતો હતો, અને કોઈકોઇ વાર તો એવા આંચકાથી વાતો હતો કે સમતોલપણું જાળવી રાખવા માટે તેઓને પવનની સામે વાંકા વળી જવું પડતું. અને એમાં જો પડયા તો ફક્ત સવા ત્રણસો ફીટનો ભુસ્કો! પણ એ બધાનો તેઓને મન કાંઇ હિસાબ જ નહોતો. દૂરદૂરની ભઠ્ઠીમાંથી તાજા લાલધૂમ ખીલા અવકાશમાં ફેંકાતા અને તે એ કામગારો ઠેલ પર ઊભાઊભા ડોલમાં ઝીલી લેતા. માંડમાંડ આઠ ઇંચ પહોળા પાટિયા પર તેમને આવજા કરવાની હતી; એટલે એમાં જરાક લથડયા કે છેલ્લી બાકીના જ રામરામ. એવા અકસ્માતોમાંથી બચી જનારા બિલી જેવા ભાગ્યશાળી તો કોક જ નીવડે.

ફરીમેંબિલી તરફતાકીને નજરનાખી. 'આ—આ કરવાની તમારી હિંમત કેમ ચાલે છે?

આજનો ધર્મ

'દેશનાં ઘણાં દુઃખોનું એક મોટું કારણ દારિદ્રય અને બેકારી છે. આ આફત સામે ટકી રહેવાને કરકસર અને સ્વાશ્રય અતિ સિદ્ધ અને મહત્ત્વના મંત્રો છે. તમે કેટલું કમાઓ છો કે વાપરો છો તે નહિ, પણ તમે કેટલું બચાવો છો તે પરથી તમારા પાયા કેવા દૃઢ છે તે જાણી શકશો. વિદ્યાર્થીજીવન માટે તો આ વિચાર એક જીવનતરણી થઈ પડે. તમારાં કપડાંમાં, તમારાં પુસ્તકોમાં, તમારા ખોરાકમાં જેટલો બચાવ, જેટલી કરકસર તમે કરી શકો એટલા તમારા કુટુંબ તથા દેશને સીધી કે આડી રીતે શક્તિસંચયમાં તમે મદદગાર બનો છો.

તમે જરૂર પૂરતી જ ખરીદી કરજો, અને ખરીદી પણ ઘણી જ વિચારપૂર્વક તથા ઊંચી પસંદગીવાળી કરજો. દેશની આફત વખતે તમારાં થીગડાં મારેલાં કપડાંથી શરમાશો નહિ. કપડાંનો ભભકો મારનાર જ ચારિત્ર્યવાળો હોય એવી ભ્રમણાનો ત્યાગ કરજો. સાદાઈની ખુદાઇ સમજજો ને જીવનમાં ઉતારજો.

તમારા જીવનની શક્તિઓની પણ કરકસર કરજો. વિદ્યાર્થીકાળે જ જેઓ કંઇક ઉપયોગી જનસેવા કે ઉદ્યોગ શીખ્યા હોય છે તેઓ જ આગળના જીવનમાં ખરેખરા જનસેવક અને લોકનેતા બની શકયા છે. તમારા જીવનની કરકસરમાં આ ચાર મુદ્દા બરાબર સાચવજો: (૧) કમાણીઆપે એવોઉદ્યોગ શીખજો; (૨) તમારી ખરીદીઓ વિચારપૂર્વક કરજો; (૩) તમારી કમાણીનો લાભ ઘણાને મળે એવી રીતે વાપરજો; (૪) આફત કે સંકટ વખતે કામ લાગે એટલી સંપત્તિ અને સાધન સંઘરજો.

આખી પ્રજાની ઉન્નતિ માટે કરકસર, સ્વાશ્રય ને પરોપકારબુદ્ધિ એ ત્રણ ગુણોની આ સમયે ખરી જરૂરત છે. તેની ખિલવણી માટે દરેકેદરેક ચારિત્ર્યશાળી વિદ્યાર્થીએ અનેયુવકે પોતાનો દૃષ્ટાંત આપવા જેવી લાયકાત મેળવવી એ જ આજનો પરમ ધર્મ દેખાય છે.'

'એમાં કંઈ જ નથી. અમને તો મહાવરો પડી ગયો છે. પતન અને જોખમ એ તો આ ધંધાનાં જ અંગો છે; અને અમારાં તો એ હાડમાં ઊતરી ગયાં છે. ઊલટું, આખો દહાડો જમીન પર જ રહેવાની કામગીરી અમને જો હવે મળેતો અમારામાંની ઘણાખરાની સ્થિતિ જળ વગરની માછલી જેવી થાય! હું ઘરડો થાઉં ને જો માંદો પડીને પથારીમાં હું મરીશ તો તો હું અવગતિયો જ થઈશ. આ ધંધામાં ઘણાખરા જાયછે તેમ મારે પણ 'પહેર્યે પગરખે'

મગધ

એ ખરું છે કે મગધને વ્રાત્યદેશ કહેલો છે ને પ્રાચીન શાસ્ત્રગ્રન્થોમાં મગધયાત્રાનો નિષેધ છે. આજે પણ ગંગાને ઉત્તર કાંઠે વસતા મિથિલાવાસીઓ પર્વણીની કો તિથિએ ગંગાને દક્ષિણ આરે જઈને મગધઘાટે ગંગાસ્નાન કરતા નથી. છતાં મગધનો ઇતિહાસમહિમા અજબ બ્રહ્મવર્ણો ને ક્ષાત્રવર્ણો છે. ભૂગોળનો કોઈક જ પ્રાંત મગધ સમો કીર્તિવંત હશે. બુદ્ધ ને મહાવીર સમા મહાન ધર્મસ્થાપકો મગધને ખોળે થયા. બુદ્ધ ભગવાનને બોધિસત્વ ત્યાં સાંપડયું; મહાવીર પ્રભુનું નિર્વાણતીર્થ ત્યાં છે. એમની ધર્મમહાસભાઓ મગધમાં ભરાતી. નાલંદ, વિક્રમશિલા, વિહાર ને ઉદંતપુરી સમી શારદાપીઠો મગધના જ એક પ્રાંતમાં હતી. પતંજલિ, વરરુચિ, પિંગલાચાર્ય ને આર્યભટ્ટ સમા મન વાણી કવિતા ને ગગનમંડળના સંયમસિદ્ધરાજો મગધદેહે થઈ ગયા. આર્યાવર્તનો છેલ્લો અશ્વમેધ યજ્ઞ પુષ્યમિત્રે મગધમાં કીધો. ચંદ્રગુપ્ત, બિંદુસાર, અશોકદેવ, સમુદ્રગુપ્ત ને ધર્મપાળ સમા ચક્રવર્તીઓ મગધસિંહાસને હતા. સેંકડો બિસ્માર્કને ગજવે ઘાલે એવા, રાજશેતરંજના અવતાર સમા, અર્થશાસ્ત્રના સ્વામી, મહૌજસ વિષ્ણુગુપ્ત મગધરાજના મહામંત્રી હતા. મગધરાજનું સેનાદળ સાંભળીને સિકંદરના જગજ્જેતા યોધરાજોએ સતલજ ઓળંગી ગંગાપ્રદેશમાં જવાની ના પાડી, ને સ્વેચ્છા વિરુદ્ધ સિકન્દરને પાછો વાળ્યો. ગ્રીસના, મિસરના, સિંહલદ્વીપના, સુવર્ણભૂમિના એલચીઓ મગધરાજસભાને શોભાવતા. પંચટેકરીના હૈયામાં વસેલું રાજગૃહ, ને ત્રિવેણીને તીર્થઘાટે વસેલું પાટલીપુત્ર મગધની પાટનગરીઓ હતી. ગ્રીસ ને પર્સિપોલિસ, સૂપા ને બાગ્રીલોનના રાજમહેલોને ઝંખવે એવા પાટલીપુત્રના રાજપ્રાસાદો હતા એમ પ્રત્યક્ષ પેખનાર ગ્રીક સજ્જન મેગૅસ્થિનિસ કહે છે. કંદહાર, કાબુલ, હેરાત આજે ભારતીય સામ્રાજ્યમાં નથી; ત્યારે મગધના મૌર્યને આધીન હતાં. આજે નથી એટએટલું આર્યાવર્તનું ચક્રવર્તિત્વ મગધરાજને બાવીસસો વર્ષ પૂર્વે હતું. મગધનાથ મૌર્યોની મુકુટકલગીમાં સરસ્વતીનો મોર હતો, ને બૌદ્ધોનો પ્રત્યેક વિહાર ત્યારે શારદામંદિર હતો. પાટલીપુત્રમાં ત્રીસ પુરજનોની નગરપરિષદ હતી. દુનિયાનું પ્રથમ વસતિપત્રકખાતું મગધની એ પાટનગરીમાં સ્થપાયું હતું. મુઘલ મહારાજાઓ શાહજાદાઓને સૂબાગીરીએ મોકલતા એ જાણે મૌર્ય મહારાજોના કુંવરોનું અનુકરણ હતું. સીરિયા ઓળંગી નીલને કાંઠે એપિરસની સમુદ્રનગરી ને સિકંદરના મેકિડોનિયા દેશમાં, ત્રિવિષ્ટપની પેલી પાર ને સુવર્ણભૂમિ ને સિંહલદ્વીપમાં,–એમ ત્રિખંડમાં મગધના ધર્મસામ્રાજ્યનો ધર્મધ્વજ ફરફરતો. મગધનો રાજચંપો નાનકડો હતો પણ એના ઉત્કટ પરિમળ સાગર ઊતરી ગિરિરાજ ઓળંગી પૃથ્વીના ચોખૂટમાં ઊડતા. —કવિ નાનાલાલ

અહીં અદ્ધરથી જ ચાલી નીકળવું છે. અમે મરતા નથી પણ મરી "જઇએ" છીએ.'

અને ખરેખર, બિલીની વાતમાં જરા યે અતિશયોક્તિ કે ડંફાસ નહોતી. આવો કપરો જીવનખેલ ખેલનારા માણસને ઘડપણ આવવાનો વખત જ ક્યાંથી રહે?

'તમારા આ કામમાં પડીને ઘડપણ સુધી પહોંચે એવા કેટલાક?' મેં બિલીને પ્રશ્ન કર્યો.

'ઝાઝા નહિ.' તેણે કહ્યું: 'આવા બધા જ પુલ અને આજના જમાનાના દરેક ગગનચુંબી સ્કાઈસ્કેપર મકાનના પથ્થરો એક, બે અને કોઈ વાર તો છ છ લોખંડી મનુષ્યના લોહીથી સંધાયા છે. કોઈ મકાન પર ક્યાંક રાતો આંક દેખાય તો જાણજો કે એ મકાન એટલે પહોંચ્યું ત્યારે એક કામગાર પોતે પડી જવાથી અથવા ગોતા પર કંઈક પડવાથી મરી ગએલો. દર અકસ્માતે એવો એક રાતો આંક મકાનપર ઉમેરાય છે, ને એ કામ પૂરું થાય ત્યારે એવા થોડાક ભાઇબંધોને સદાને માટે તે કામ પર રહેવા દઇ બાકીના લોખંડી કામગારો બીજે કામે ચડે છે. પણ આ કંઁ હું અમારી બહાદુરીનાં બણગાં નથી ફૂંકતો. કામ કરતી વેળા અમે કાળજી તો બહુ રાખીએ છીએ. અમારી જિંદગીની અમને કિંમત છે. પણ અકસ્માતને કેં લેવા જવા પડે છે?'

'પણ મને લાગે છે કે જીવલેણ અકસ્માતમાંથી તમારી જેમ બચી જનારા પણ હશે જ.'


'ઘણા. કેટલાકને તો મેં નજરે જોએલા. એક પૅટ હતો પૅટ. એ પૅટ એકવાર એક ડેલ પર ઊંઘી ગએલો. સાચ્ચેસાચ! ઊંઘી ગએલો! આઠ ઇંચ પહોળું પાટિયું, એની બે ય બાજુ બીજું કંઈ નહિ, ને એના પર ઊંઘી ગએલો! સ્વપ્નું આવે કે પડખું ફેરે તો—ભમ્મ કરતોકને બસ્સો ફીટનો ભુસ્કો! અને એ પણ હું પડચો તેવી મજાની કુમાશદાર નદીમાં નહિ એ તો મિનારા પર કામ કરતો હતો, એટલે યાર્ડમાં જ ખાબકત. પછી એમાં કાંઈ બાકી રહે તેવું નહોતું.

મિનારા જ્યારે બંધાઇને બહુ ઊંચે પહોંચે ત્યારે પછી કામગારો બપોરના નાસ્તા માટે નીચે ઊતરતા નથી. એ વખતે તો નીચે આવવું ને ઉપર જવું એ તો એક લાંબી મુસાફરી થઇ પડે. એટલે અમે અમારા ભાતાના ડબરા લઇને જ સવારે દાદરા ચડીએ ને બપોરની વ્હિસલ વાગે કે ત્યાં ડેલ પરજ બેસીને ડબરા ઉઘાડીએ.


ઉપર આકાશ, નીચે મકાનોનાં નાનાંનાનાં દેખાતાં છાપરાં કે હોડીઓ, અને આજુબાજુ કંઈ નહિ, એવી જગ્યાએ એ નાસ્તા કરવાની કંઈ ઑર મજા પડે છે. શહેરમાં લોકોને ગરમીથી અકળામણ થતું હોય ત્યારે અમારી આસપાસ ઠંડો મધુર પવન સુસવાટા કરતો હોય ને મિનારા પરની ડેલો મજાના હીંચકા ખાતી હોય, એ વખતે બપોરની એ રજામાં ભાતું ખાઇ રહ્યા પછી અર્ધે સ્વર્ગે હીંચકતો કામગાર દુનિયાભરમાં સૌથી સંતોષી અને સુખી મનુષ્ય છે.

મને લાગે છે કે એવા જ સ્વર્ગીય સુખમાં ગુલતાન બનેલો પૅટ ભાતાનો ડબરો લઇને એક ડેલ પર ઘોડો પલાંગી ખાવા બેઠો. ખાઇ પરવારીને તેણે ડબરો ડેલ પર જરા આઘે મૂક્યો. ને પછી? આઠ ઇંચના એ પાટિયા પર સૂઈ શકાય એમ તમે માની શકો, તો તે એ ડેલ પર જ લાંબો થયો. અને—અને પરમેશ્વરના સમ, ઊંઘી પણ ગયો!

ઊંઘમાં ને ઊંઘમાં તેણે પગ ફેરવ્યો. ભાતા-



←ડાબી બાજુ: ઊંચાં-નીચાં મોજાંની ગતિ ડોલાવે તેમ વાંકુંચૂંકું ડોલતું વહાણ. જમણી બાજુ: વહાણને તળિયે ગાયરોસ્કોપ મૂકવાથી મોજાંના લોઢ સામે સ્થિર રહીને ચાલ્યું જતું જહાજ.



ના ડબરાને લાત વાગતાં તે ઠેલ પરથી ગબડ્યો ત્યારે જ અમને ખબર પડી કે ભાઈ ઘોરે છે! ડબરો તો ખણણણ કરતો નીચે ગયો. પહેલાં તો અમે ધાર્યું કે હમણાં એ બેઠો થશે ને ડબરો પડી ગયો તે માટે કોક બીજા ઉપર ખીજ ઉતારી ગાળો ભાંડશે. પણ એવું કાંઈ બન્યું નહિ. એ તો એક હાથ ને એક પગ અવકાશમાં લટકતા રાખી નસકોરાં ઘરડતો હતો.

'ઈશ્વરની સોગન એ ઊંઘી જ ગયો લાગે છે!' એક કામગાર ચમકીને બોલી ઊઠ્યો. બીજો વળી તેને બૂમ મારવા જતો હતો; પણ તેણે વિચાર બદલ્યો. બૂમથી તે જાગે તો ખરો, પણ જાગે ત્યારે જાણે પથારીમાં જ છું એમ સમજીને પડખું ફેરવે તો!—સલામ આલેકુમ! અમે સૌ વિચારમાં પડ્યા કે હવે શું થાય? અમે તો બહુ જ ગભરાઈ ગયા. એક મિનિટ તો બધા ગંભીર શાંતિમાં પડી ગયા. જૅકે ખિસ્સામાંથી ઘડિયાળ કાઢી. જોયું તો એકમાં બે જ મિનિટ કમ! તેના કપાળ પર કરચલીઓ પડી. 'બે મિનિટ, અને પેલી બુઢ્ઢી વ્હિસલ બરાડી ઊઠશે. એટલે તરત જ ભોગ મળવાના! વ્હિસલ સાંભળીને એ ઝબકીને જાગશે અને એમે ય—બિચારો ખલાસ થવાનો!'

જૅકનું કહેવું સાચું હતું. એક વાગ્યાની વ્હિસલ પૅટીને કામ પર ચડાવવાને બદલે સ્વર્ગમાં પહોંચાડી દે એ વધારે બનવા જોગ હતું. ક્ષણભરમાં નિર્ણય કરી જૅક અને હું નિસરણી પર ચડ્યા અને પૅટીની પાસે પહોંચ્યા. ટાવરથી બાર જ ફીટ દૂર, સૂર્યના પ્રકાશમાં, નાના બાળકની પેઠે પૅટી ઊંઘતો હતો. અત્યારે પણ તેનો વિચાર આવતાં હું જાણે ઠંડોગાર થઈ જાઉં છું. પૅટીનું આયુષ્ય હવે બહુબહુ તો સાઠ સેકંડ બાકી રહ્યું હતું. તે કેમ લંબાવવું?

એક જ માણસ પૅટી પાસે જઈ શકે તેટલી જગ્યા હતી; બીજાને તો બે ડગલાં દૂર રહી મદદ આપી શકાશે તો આપીશ એટલું જ આશ્વાસન લેવાનું હતું. જૅક આગળ ચાલ્યો ને હું પાછળ. એ ચાલતો નહોતો. પગની ધ્રુજારીથી પણ પૅટી જાગી જાય તો! ઠેલ પર ઘોડો પલાંગી તે હાથ વતી હળવેહળવે આગળ વધ્યો. મેં પણ એમ જ કર્યું.

જૅક પૅટી પાસે પહોંચે અને તેનો કૉલર પકડી લે તે પહેલાં વ્હિસલ વાગે તો? પાંચદસ સેકંડની જ વાત હતી. હવે તો તેનો હાથ પૅટીના કૉલરથી બેજ વેંત દૂર હતો. એ..પકડ્યો!


પણ ત્યાં તો વજ્રના હૃદયવાળી વ્હિસલ વાગી. અને અમે ધાર્યું હતું તેમ ખરેખર પૅટી ઝબક્યો ને સફાળો બેઠો થયો. બેઠો તો થયો, પણ ઊંઘમાંથી અચાનક જાગવાથી સ્થિર ન રહી શક્યો. સમતોલપણું ખોઈ બેઠો અને બાજુએ નમ્યો. ઠેલને બાઝવાનો તેણે પ્રયત્ન કર્યો, પણ એક હાથ સરી ગયો. બીજે હાથે ફક્ત કોર જ પકડાઈ અને આખો લપસી ગયો! અરધી સેકંડ તો આંગળીને આધારે એ લટકી રહ્યો. તેણે ચીસ પાડી! બધાએ ચીસો પાડી! પણ જૅકે મોં ઉઘાડ્યું નહિ. તેણે ઠેલને પગના આંકડા ભરાવી પૅટીનું બાવડું ઝાલ્યું અને પૅટી એક હાથનાં આંગળાં ઠેલની કોર પર ને બીજે હાથ જૅકના હાથમાં, એમ હવામાં લટકી રહ્યો! બંને એકબીજાને અને ઠેલને વળગી રહ્યા.

પણ પહેલવાની બદનવાળા પૅટીનું વજન એક હાથે આમ કેટલીક ઘડી જૅકથી ઝીલી શકાય? પહેલાં તો મને શું કરવું એ સૂઝ્યું નહિ. પણ તરત ભાન આવ્યું. 'જરા ધીરજ રાખજે; હું આવું છું. જૅક!' કહીને હું જૅકને ટપી પેલી બાજુ ગયો ને ઠેલની કોરને બાઝી રહેલો પૅટીનો હાથ પકડ્યો; અને પછી બંનેએ થઈ તેને સીંચી લીધો. પરસેવે રેબઝેબ થઈને ઘડીક વાર ઠેલ પર અમે બેઠા. જાણે તારનાં દોરડાં પર બેઠેલી ત્રણ ચકલીઓ! અને પછી જરા નિરાંતવા થયા એટલે કામે ચડ્યા.


મને નડેલા અકસ્માત કરતાં આ કંઈક સારી વાત થઈ, નહિ?' કહી બિલી એ ઠેલરૂપી ઝૂલતા પુલ પર પોતાના કામે ચાલ્યો ગયો.

મૉસ્ક્રિવટો બિલી સાથેનું આ મારું પહેલું—અને છેલ્લું ઓળખાણ. એની વાત સાંભળી લઈ હું મારા છાપાની ઑફિસમાં ગયો ને અકસ્માતનો અહેવાલ લખી કાઢ્યો. ને થોડા દિવસમાં તો એ બધું હું ભૂલી ગયો.

એક દિવસ અચાનક ન્યૂ યૉર્કના એક છાપામાં પાંચ લીટીનો નીચે પ્રમાણે તાર હતો:



ઉપર: ગાયરોસ્કોપની આકૃતિ.
જમણીબાજુ: સાડા બાર ટનનો એ પ્રચંડ ભમરડો ગાયરોસ્કોપ.



'ॐ' એ સંજ્ઞાનો ઉચ્ચાર 'ઓમ્' કરવામાં આવે છે. એ 'अ', 'उ' ને 'म्' એમ ત્રણ અક્ષરનો બનેલો છે. 'एकमेवाद्वितीयम ।'=એક જ તત્ત્વ છે, બીજું નથી; અર્થાત્ પરમાત્મા સિવાય અન્ય કંઈ છે જ નહિ, એવી હિંદુઓની મૂળ માન્યતા છે. એ પરમાત્માની પ્રાર્થના ગૂઢાકાર ॐથી કરવામાં આવે છે. એ અક્ષર સર્વ પ્રાર્થના ને ધર્મવચનના આરંભમાં વપરાય છે, અને એવો પવિત્ર છે કે કોઈથી સંભળાય નહિ એવી રીતે તે બોલવો જોઈએ. આ નાની સંજ્ઞા હિંદુ ત્રિમૂર્તિ––બ્રહ્મા-વિષ્ણુ-શિવનું મૂર્તિમંત સ્વરૂપ મનાય છે. અથી ઈશ્વરનાં 'વિરાટ', 'અગ્નિ', 'વિશ્વ', આદિ નામો જણાય છે; ઉથી ઈશ્વરનાં 'હિરણ્યગર્ભ', 'વાયુ', 'તેજસ' આદિ નામો જણાય છે; મ્થી ઈશ્વરના 'ઈશ્વર', 'આદિત્ય', 'પ્રાજ્ઞ' આદિ નામો જણાય છે.

'વિરાટ'=વિવિધ જગતનો પ્રકાશ: 'અગ્નિ'=જ્ઞાનસ્વરૂપ સર્વવ્યાપી ઈશ્વર; 'વિશ્વ'=જગતને સમાવનાર; 'હિરણ્યગર્ભ'=સ્વયંપ્રકાશ ને પ્રકાશક; 'વાયુ'=અત્યંત બળવાન ને જગતને ધારણ કરનાર; 'તેજસ્'=સ્વયંપ્રકાશસ્વરૂપ; 'ઈશ્વર'=જગત્કર્તા; 'આદિત્ય'=અવિનાશી; 'પ્રાજ્ઞ'= સર્વજ્ઞ જ્ઞાનસ્વરૂપ ઈશ્વર. આ ॐકારનો અર્થ થયો. હિંદુ શાસ્ત્રનું તાત્ત્વિક સ્વરૂપ 'ગાયત્રી' મંત્ર છે, અને એ મંત્રનું ટૂંકું રૂપ ॐ છે.

—જેહાંગીર માણેકજી દેસાઈ

'જીવલેણ અકસ્માત! વિલિયમ ટી. રાયન, ઉર્ફે મૅારિક્વટો બિલી મિડલવેસ્ટના એક પુલ પર કામ કરતાં બે મોટાં બીમ વચ્ચે આવી જવાથી અકસ્માતથી કચડાઇ મરણ પામ્યો છે.'

બિલીને અભિલાષા હતી તેમ તે 'પહેર્યે પગરખે જ' ચાલ્યો ગયો!''

વહાણોને ડોલતાં થંભાવી સ્થિર રાખનારી કરામત 'ગાયરોસ્કોપ'ની સમજ આપતી એક સચિત્ર નોંધ પણ એ અંકમાંથી આ સાથે ઉતારવા જેવી છે. તે ઉપરાંત 'માધુકરી'માં અવતારેલો સ્વ. કવિ નાનાલાલનો 'મગધ' વિષેનો, તથા શ્રી જહાંગીર દેસાઈનો ૐ વિષેનો, એમ બે નાના લેખ પણ રસદાયક હોઈ આ વિભાગમાં જુદાં ચોકઠાંમાં ઉતાર્યા છે.

''સાગર પર સફર કરતાં વહાણોમાં ઘણાંને ફેર ચડે છે ને ઊલટી તથા બકારીથી તેઓ હેરાનપરેશાન થઈ જાય છે. પણ હવે વહાણને ડોલતાં થંભાવે એવી યુક્તિ શોધાઈ છે.

સામાન્યરીતે વહાણ સમુદ્રની સપાટી પર ઊભું હોય છે ત્યાં તેની એક બાજુ મોજું ચડે એટલે વહાણ સામી બાજુ ડોલે છે, અને મોજું બીજી બાજુ અથડાય ત્યારે આ તરફ ડોલે છે. એક જ મોજાથી વહાણ બહુબહુ તો પાંચ-છ ડિગ્રીથી વધુ ઊંચું કે નીચું જતું નથી. પણ વહાણ તો સતત ડોલે છે ને મોજાં અનિયમિતરીતે ઊછળ્યા જ કરે છે. અને વધુઓછા તોફાન પ્રમાણે મોજાં પાંત્રીસથી ચાલીસ ડિગ્રી સુધીના હિલોળા ખાય છે. આ હિલોળા ખાળવાનો પ્રારંભમાં જ ઉપાય કરવાથી તેને દાબી શકાય છે. તે માટે ગાયરોસ્કોપ નામનો નાનોસરખો ભમરડો ગમે તેવાં પ્રચંડ મોજાંના લોઢની અસરને પણ સાવ નિષ્ફળ કરી શકે છે.

સાથેનાં ચિત્રો પરથી તેના સિદ્ધાંતનો ખ્યાલ આવશે. ભમરડાનું મોટું ગોળ પૈડું AB ધરીની આસપાસ, દોરેલા તીરની દિશામાં ગોળ ફરે છે. જ્યારે મોજાંના દબાણને લીધે વહાણ એક બાજુ–ધારો કે ડાબી બાજુ ડોલવા જાય છે ને K પર નીચેની બાજુ દબાણ થઇને L આગળ પૈડું ઊંચે જાય છે ત્યારે ભમરડાના નિયમ મુજબ તેની ધરી આ ગતિના કાટખૂણે ફરવા માંડે છે; એટલે કે એ ધરી વાચકના તરફ ફરવા માંડે છે. A છેડો આપણી તરફ આગળ ધસી આવે છે ને B પાછળ જાય છે, જેથી વહાણને ડોલાવનારી મોજાંની શક્તિ હરાઈ જાય છે. જેવું મોજું વહાણ નીચેથી પસાર થાય છે ને તેનું બળ અવળું ફરે છે તેવું જ ભમરડા પર આવતું બળ પણ ઊલટાઈ જાય છે અને ભમરડાની ટોચ પાછી ફરે છે. આથી ફરી વાર વહાણને મોજાંની સામેનું બળ અગાઉની જેમ લાગે છે, જેથી મોજાંનું બળ નાશ પામે છે.

આ ગાયરોસ્કોપ ભમરડાની ગતિ પર અંકુશ રાખનાર નાનો ભમરડો પણ એ જ યુક્તિ પર રચવામાં આવે છે. તે એવો નાજુક ચેતનવંત હોય છે કે જરા પણ ઝોલો આવે કે તેને દાબી દે છે. સીધા ઊભેલા વહાણને સહેજ પણ ઝોક લાગે કે તરત જ વિદ્યુત્પ્રવાહ (ઇલેક્ટ્રિક સર્કિટ) બંધ થઈ જાય છે, જેને લીધે એક મોટર ચાલુ થાય છે. આ મોટર નાના ભમરડાને એવી રીતે ફેરવે છે કે તેના દાંતા વડે તે પેલા રાક્ષસી ભમરડાને આગળપાછળ ધકેલે છે.''

અને છેલ્લે, ગણિતની એક જ્ઞાનલીલા:

''આપેલી રકમને કઈ રકમ વડે ભાગી શકાશે તે શોધી કાઢવાની સહેલી ચાવીઓ:

(૧) આપેલી રકમને છેડે બેકી સંખ્યા હોય તો બે વડે ભાગી શકાય. (૨) રકમના બધા આંકડાઓના સરવાળાને ત્રણ વડે ભાગી શકાય તો મૂળ રકમને ત્રણ વડે ભાગી શકાય. (૩) રકમના છેલ્લા આંકડાને ચાર વડે ભાગી શકાય તો આખી રકમને ચાર વડે ભાગી શકાય. (૪) આપેલી રકમના છેલ્લા આંકડાને પાંચ વડે ભાગી શકાય તો આખી રકમને પાંચ વડે ભાગી શકાય. (૫) રકમનો છેલ્લો આંકડો બેકી હોય અને રકમના બધા આંકડાઓના સરવાળાને ત્રણ વડે ભાગી શકાય તો તે આખી રકમને છ વડે ભાગી શકાય. (૬) રકમના છેલ્લા ત્રણ આંકડાને આઠ વડે ભાગી શકાય તો આખી રકમને આઠ વડે ભાગી શકાય. (૭) રકમના બધા આંકડાઓના સરવાળાને નવ વડે ભાગી શકાય તો આખી રકમને નવ વડે ભાગી શકાય. (૮) આપેલી રકમમાં એકી જગ્યાએ આવેલા આંકડાઓના અને બેકી જગ્યાએ આવેલા આંકડાઓના સરવાળાની બાદબાકી કરતાં શૂન્ય વધે, અથવા ૧૧ વડે ભાગી શકાય એવી રકમ વધે, તો આપેલી રકમને ૧૧ વડે ભાગી શકાય. દા. તરીકે ૬૧૨૭માં ૬+૨ અને ૧+૭ની બાદબાકી કરતાં શેષ શૂન્ય વધી માટે ૧૧ વડે ભાગી શકાય. (૯) ઉપરની આઠ રીતો અજમાવતાં એમ માલૂમ પડે કે આપેલી રકમ બે કે તેથી વધુ રકમોથી ભાગી શકાય તેમ છે, તો ભાગી શકે તેવી રકમોમાંથી સગવડ પડે તેટલી રકમોનો ગુણાકાર કરી ગુણાકાર વડે જ પરભાર્યો ભાગાકાર કરવો. દાખલા તરીકે ૧૭૧૬ને ત્રણ વડે તેમજ ચાર વડે ભાગી શકાય તેમ છે; માટે ત્રણ ચોક બાર, એટલે પરભાર્યો બાર વડે જ ભાગાકાર કરવો.

ઉપરની કલમો માધ્યમિક શાળાઓમાં ચાલતાં ગણિતોમાં આપેલી હોય છે, પરંતુ તે પ્રાથમિક શાળાનાં ગણિતોમાં આપી હોતી નથી; એટલે જ્યારે વિદ્યાર્થી ગુણાકાર ભાગાકાર શીખે છે ત્યારે તેને આ રીતો સમજાવવામાં આવતી નથી. પછી માધ્યમિક શાળામાં દાખલ થતાં તેના હાથમાં મોટું ગણિત આવે છે, પણ તેમાં તો વચમાંથી જ કપાડવામાં આવે છે એટલે આ રીતો વિદ્યાર્થીઓનો મોટો ભાગ જાણવા પામતો નથી.''

લવિંગિયાંની લૂમ

'અલ્યા તું અત્યારથી જુઠ્ઠું બોલતાં શીખ્યો? તારી ઉંમરે તો હું કદી જુઠ્ઠું બોલતો નહિ.'

'તો, ક્યારથી શરુ કર્યું?'

'હું તને બતાવી દઇશ કે આ ઘરમાં કોની સત્તા ચાલે છે.' ટેબલ નીચેથી તેણે તેણીને કહ્યું.

મનુ: દોસ્ત, તું થીએટરમાં કામ કરે છે, તો આજના ખેલની બે ટિકિટ ના લાવી આપે?

કનું: જરૂર; અને તું બૅંકમાં કામ કરે છે, તો પાંચપાંચની બે નોટ મને લાવી આપને!

મોટરના ઍક્સિડન્ટ પછી ઘાયલ થએલા તેના માલિકને બાજુના ઘરમાં લઇ જવામાં આવ્યો; ત્યાં થોડી જ વાર પછી એક ચબરાક જુવાને આવી બારણાની ઘંટડી દબાવી. તે ઉઘાડવા આવેલા ઘરધણીને તેણે પૂછ્યું, 'હમણાં જેમને ઍક્સિડન્ટ થયો તેમને હું મળી શકું?'

'ના ભાઈ; હજી તો એ પૂરા ભાનમાં પણ નથી આવ્યા.'

'તો તો વધુ સારું; મારે તેમને બીજી મોટર જ વેચવી છે!'

ટાઈપિસ્ટ તરીકે નોકર રહેવા આવેલી શકુંતલાએ પોતાના ઇન્ટરવ્યૂને અંતે મૅનેજર આગળ પોતાની હોશિયારી દાખવતાં વિશેષમાં કહ્યું, 'અને મેં શબ્દરચના હરીફાઇઓના ઉકેલમાં પણ ઘણાં ઇનામ મેળવ્યાં છે.'

'પણ અમારે તો ઑફિસના સમયમાં ચબરાકી બતાવનારની જરૂર છે.' મેનેજરે કહ્યું.

'તે, મેં એ ઉકેલ ઑફિસના સમય દરમ્યાન જ શોધેલા.' શકુંતલાએ બાફ્યું.

કોઈ ખેડૂતની નોકરડી વધારાનું માખણ કોઇ ગાંધીને ત્યાં અવારનવાર વેચી જતી. એક વાર માખણ વેચીને તે પાછી ફરતી હતી ત્યાં ગાંધીએ કહ્યું: 'બાઈ, ગયે વખતે તો તારું દીધેલું માખણ ઓછું ઊતર્યું હતું.'

'એ તો નવાઇની વાત કહેવાય.' બાઈએ કહ્યું, 'જુઓ ને, મારે છોકરે રમતમાં કાટલાં ખોઈ નાંખ્યાં છે, એટલે મેં તમારી પાસેથી મંગાવેલી શેર ખાંડને ધડે એ તોળેલું.'






ગટનબર્ગ પછી બીબાં અને મુદ્રણની કલાને વિકસાવનારા જગતના વિખ્યાત મુદ્રકો–ડાબી બાજુથી (૧) ઇટાલીનો આલ્ડસ માનુશિયસ, જેણે આમ જનતા માટે સસ્તાં પુસ્તકો સાદી રોમન લિપિમાં છાપવાં શરૂ કર્યાં; (૨) અનેકવિધ રૂપનાં બીબાંનો સર્જક અને યુક્લિડના અદ્‌ભુત પુસ્તકનો મુદ્રક ઇટાલીનો એરહાર્ટ રૅટૉલ્ટ; (૩) ઇંગ્લંડનો આદિ મુદ્રક વિલિયમ કૅક્સ્ટન અને (૪) સુશોભિત સુવાચ્ય ગ્રંથોનો સર્જક કલાકાર વિલિયમ મૉરિસ.

મુદ્રણકલાનો વિકાસ (અનુ. પૃ. ૧૩થી) પ્રયોગ હતો. ચારસો જેટલાં ભૂમિતિનાં રેખાંકનો પણ એમાં હતાં. વેલમ પર છપાએલી આ ગ્રંથની એક નકલ બ્રિટિશ મ્યૂઝિયમમાં છે. ગણિત તેમજ ખગોળ-વિજ્ઞાનનાં પુસ્તકો છાપનારાઓમાં રૅટૉલ્ટ કદાચ સૌથી પહેલો હતો.

એ જમાનો નવસર્જનનો renaissanceનો હતો. ધર્મનું જકડનારું પ્રભુત્વ ઢીલું પડતું હતું, એટલે મુદ્રકો પણ ધર્મના કુંડાળામાંથી બહાર આવીને હવે નવાનવા વિષયો પરના ગ્રંથો લોકો સમક્ષ મૂકતા જતા હતા. ગણિત ને ખગોળશાસ્ત્ર ઉપરાંત કાવ્યો ને વાર્તાઓ જેવા હળવા સાહિત્ય તરફ પણ હવે દૃષ્ટિ મંડાઈ હતી.

ફ્રાન્સનું પહેલુંવહેલું છાપખાનું પારીસની સારબૉં વિદ્યાપીઠમાં ઈ. ૧૪૭૩માં સ્થાપ્યું, ને ત્યાં Letters of Gasparino of Bergamo નામનું પહેલું પુસ્તક છપાયું. ત્યાંનાં બીબાં, વધુ સાફ ને ઘાટદાર દેખાય છે.

અંગ્રેજી ભાષાનું પ્રથમ પુસ્તક ઇંગ્લંડમાં નહોતું છપાયું. વિલિયમ કૅક્સ્ટને એ બ્રુગ્સ ખાતે છાપેલું. અને એ પણ મૌલિક નહોતું, પણ ટ્રૉયના ઇતિહાસને લગતા એક ફ્રેંચ પુસ્તકનું ભાષાંતર હતું.

પણ આ કૅક્સ્ટન વિચક્ષણ માનવી હતો. એ કેવળ મુદ્રક નહોતો, સાહિત્યકાર હતો, અભિનેતા હતો, ને જાહેર જીવનમાં પણ ભાગ લેતો. શેક્સપીઅરે જેમ અંગ્રેજી વિચાર-ચિંતનની સર્વોચ્ચ ટોચ સર કરી હતી, તેમ આ કૅક્સ્ટને એ વિચાર-ચિંતનના એકેએક રંગને દુનિયાના દૂરદૂરના ખૂણા સુધી ફેલાવનારું સાધન વિકસાવ્યું. એ ખરેખર આમ જનતાનો મુદ્રક હતો. જોકે કારીગરીની દૃષ્ટિએ એનાં પ્રકાશનો યુરોપનાં પ્રકાશનો કરતાં ઊતરતી કોટિનાં હતા, પણ સામાન્ય માનવી માટે સમકાલીન સાહિત્ય સુપ્રાપ્ય કરાવવાની દૃષ્ટિએ એનું સ્થાન ઘણું ઊંચું હતું. ટ્રૉયના ઇતિહાસ ઉપરાંત ચૉસરની 'કૅન્ટર્બરી ટેઈલ્સ' નામની લોકપ્રિય વાર્તાઓ તેમજ ઈસપની નીતિકથાઓનાં એણે છાપેલાં પુસ્તકો વિખ્યાત છે. બીબાંમાં પણ એણે 'બ્લૅક લેટર' નામનાં ઘેરાં ને ઘાટીલાં જૂની ઢબનાં બીબાં બનાવેલાં. ઇંગ્લંડમાં પહેલવહેલાં રોમન લિપિનાં બીબાં દાખલ કરવાનું માન રિચાર્ડ પિન્સનને જાય છે.

આ પછી તો ઇંગ્લંડ તેમજ યુરોપના બીજા ભાગોમાં વધુ ને વધુ સંખ્યામાં ને અવનવા પ્રકારનાં મુદ્રણો થતાં ગયાં હતાં. કાગળ, બીબાં, રંગ, કાષ્ઠકોતરણી વગેરેના નવાનવા પ્રયોગો વડે આ કલાનો ઉત્તરોત્તર વિકાસ થતો ગયો. આજે તો એ કલા ઉત્કૃષ્ટ વિજ્ઞાનનું રૂપ લઇને ચમત્કારિક પ્રગતિ દાખવી રહી છે, પણ એ પ્રારંભિક કાળમાં જે ખાસ કલાત્મક ને પ્રશિષ્ટ કામ થતું હતું એ જૂની પ્રણાલી પર આજે પણ કેટલાંક ખાનગી વ્યક્તિગત છાપખાનાં કામ કરી રહ્યાં છે, જેમાં હસ્તકળાના ગૌરવ ઉપરાંત ઉચ્ચ કલાત્મકતા એ મુખ્ય ધ્યેય હોય છે.

ઇંગ્લંડની આ વિશિષ્ટ કલાત્મક મુદ્રણકલામાં ફાળો આપનારાં એવાં છાપખાનાં(પ્રાઇવેટ પ્રેસ)માં 'ગોલ્ડન કૉકરેલ પ્રેસ', 'કેમ્સ-કૉટ પ્રેસ', 'ઇરેગ્ની પ્રેસ', 'વેલ પ્રેસ', 'ઍશેન્ડન પ્રેસ', 'નનસચ પ્રેસ', 'ડગ્ઝ પ્રેસ', 'ગ્રેગિનૉવ પ્રેસ' અને 'શેક્સપીઅર હેડ પ્રેસ' મુખ્ય છે. એના કામના નમૂના આંખને ઠારે એવા હોય છે ને આજે પણ દુનિયાભરના કલાત્મક મુદ્રણમાં પંકાય છે. એ પૈકી 'ગોલ્ડન કૉકરેલ પ્રેસ'ની સ્થાપના ૧૯૨૧માં એક નાનકડા ગામમાં થઇ હતી ને એ સ્થાપક, લેખક, મુદ્રક, કંપોઝિટર, બાઈન્ડર, કલાકાર વગેરેના સહકારને ધોરણે ચાલતું હતું.


'કેમ્સકૉટ પ્રેસ'ની પાછળ મહાન કલાકાર વિલિયમ મૉરિસ અને એમીલ વોકરનાં નામ ઝળકે છે. મૉરિસની પુત્રીએ લખ્યું છે કે એક વાર વૉકરે મુદ્રણકલા પર દીપચિત્રો દ્વારા ભાષણ આપ્યું. એથી પ્રેરાઇને મૉરિસે વૉકરને બીબાંના નવાનવા મરોડ સર્જવાનું સૂચવ્યું, ને એમાંથી આ છાપખાનું ૧૮૯૧માં ઊભું થયું. વિવિધ બીબાંના ને વિશિષ્ટ સુશોભનના પ્રયોગો અહીં થયા હતા. વાચનને કઈ રીતે સરળ, સહેલું, કષ્ટહીન ને રંજનકારી બનાવી શકાય એ માટેના આ પ્રેસના પ્રયોગો વિખ્યાત છે.

યુરોપની મુદ્રણકલાની સાથેસાથે પુસ્તકોની બાંધણીની કલા પણ ખૂબ વિકસી. જાડાં, લીસાં, ચકચકિત, રંગબેરંગી ચામડાનાં પૂઠાં, અને વિવિધ સુશોભનોવાળી કોતરણી ને સોનેરી અક્ષરોવાળાં નામ જોઇને મુગ્ધ થઈ જવાય.

હવે આપણે ભારતમાં મુદ્રણનું આગમન કેવી રીતે થયું તે જોઇએ.

બીજી વૈજ્ઞાનિક શોધોની જેમ મુદ્રણનું વિજ્ઞાન પણ આ દેશમાં પશ્ચિમમાંથી આવ્યું. એને લાવવાનું માન ભારતમાં પ્રથમ આવી વસેલા જેસ્યુઈટ પાદરીઓને ફાળે જાય છે. એ જ રીતે પૂર્વના દેશો—ભારત અને ચીનના જ્ઞાન-તત્ત્વજ્ઞાનનો પ્રથમ પરિચય કરનાર પણ જેસ્યુઈટ પાદરીઓ જ હતા. એમણે જ સૌપ્રથમ આ સંસ્કૃતિનો અભ્યાસ કર્યો ને વેદોનું પહેલું ભાષાંતર કરી એ પ્રત્યે પશ્ચિમના વિદ્વાનોનું ધ્યાન ખેંચ્યું.

વાસ્કો દ ગામાએ પશ્ચિમી સંસ્કૃતિનું પહેલું થાણું ગોવામાં નાખ્યું, એટલે મુદ્રણના આ પશ્ચિમી વિજ્ઞાનની પહેલી સ્થાપના પણ ત્યાં જ થઈ. ત્યાર પછી પોર્ટુગલને પગલે યુરોપના બીજા દેશોના સાહસિકો પણ અહીં આવવા લાગ્યા અને તેઓ પણ એમની સાથે એમના ધર્મપ્રચારના મુખ્ય સાધન રૂપ છાપખાનાં ખોલતા ગયા. આ દેશમાં સ્થપાએલાં એ શરૂનાં છાપખાનાંની ભાળ લઇએ તો દેખાઈ આવે છે કે એ બધાં આ દેશના સાગરકાંઠે આવેલાં શહેરોમાં જ વસ્યાં હતાં. સૌથી પહેલાં પશ્ચિમ કાંઠા પરના ગોવા, કોચીન, પુદુફાલ (કેપ કૉમૉરિનની સહેજ ઉત્તરે), વીપીકોટ્ટા (કેન્ગાનોરની દક્ષિણે) અને અંબલકોટ-(ત્રિચુરની દક્ષિણે)માં સ્થપામાં હતાં. એ પછીથી એમનો ફેલાવો પૂર્વ કાંઠે


Hye beginnet de voerrede auer dat boek der hemeliken apenbaringhe.

Ohannes een apostel vnde een ewangheliste. van dem heren cristo vth erwelet. vn auerulodich leff ghehad in siner leeff de. dat he an deme auet eten vp sine borst rastede Vnde eme do he by dem cruce stunde alleyn syn eghen moder beualh. Vn de als he wolde beutladet halden den here besse ghewopen to der vmmeuanghinghe der vntfrefchap vnde gaff eme to bewaren de iunc vrouwe. Vnde desser des hee nu vmme dat word ghades vnde vmme dat ghetuch Jhesu cristi in de insulen pathmos ward in dat ellent ghesant dar suluen van eme wart ghescheuen dat vorbewysede borch Apocalipsis. dat is der hemeliken apenbaringe. vp dat so in de anuanghe des boekes Genesis dat vnuorstarlike beghin wert vor ghemerket dat ock also dat vnuorstorlike ende borch der iuncvrouwe worde wedder ghegeuen in deme boke der hemeliken apenbaringe sprekende Jk bin alpha vn o. dat is de anuanck vnde dat ende. Desse is de Johannes de dat wyste vnde bekande er me tho neken den dach siner vthganynge va den liebam vnde he to samen repe in ephefo sine iunghere vnde ginck aff in de groue de stad sines grauens. vnde do he vulbrachte sin ghebet gaff he vp sinen geyst. vnde wart also vthwe bich van dem smerte des dodes. als wo ypl he

orummede is bekennet vader werltlicheit den vlepsches. Euer c. schycknge desser schriffte de wonynge dessen bokes. wert darumme van vns nicht dorch alle stück ergeleget vp dat de vnuorstanede worde gegeuen de begere de to versoken vnde den sokende de vrucht der arbeit vn gade de lon der mesterschap worde beholden. De voerrede heuet eyn ende Vnde heuet an dat boek der hemeliken apenbaringhe


Dat eerste Capittel

Ehemelike apenbaringhe Jhesu christi de eme god ghaf apenbar tho maken synen knechte de dynghe de dar moeten snellyken ghescheen vnde bede kunt dorch synem engell den he sande synem knechte Johanni. de dat gaf ghetuchnisse deme worde gades vnde de getuchnisse is su christi in alle den de he sach. He is salich de dat leset vnde de dat horet. dese worde der prophecie vn beholt de dynge de dar synt ghescreuen in der wente de tijt is na. Johannes den seuen kerken de dar synt in asya Gnade sy myt iw vn vrede van deme de dar is vn de dar was. vn de dar is tokamende. vn van den seuen geesten de dar synt in den angesichte sines trones. vn van iesu christo de dar is een getruwe getuch de erste gebaren der doden vn een vorste der koninge der erden. de vns leef heft gehat. vn wosschen vns van vnsen sunden in synem blode vn makede vns een ryke Dat is he makede vns konninge vn prester gade vn sine vader. Em sy glorie vn gebedinge in ewicheit

જર્મનીના કોલોન શહેરના હાઈનૂરિશ ક્વેન્ટેલે ઈ. ૧૪૭૮માં છાપેલા અને 'કોલોન બાઈબલ'ના નામથી ઓળખાતા બાઈબલના એક પાનાનો આ નમૂનો એ કાળની ઉત્કૃષ્ટ ને શોભનસમૃદ્ધ મુદ્રણકળાનું ઉદાહરણ છે. મથાળે કથાચિત્રો, અને ચોમેર વેલપત્તીના સુશોભન ઉપરાંત, વચ્ચેના લખાણમાં પ્રથમાક્ષરો માટે, તેમજ બે કૉલમની વચમાં પણ સુશોભનો માટે કોરી જગ્યા રાખવામાં આવતી, જે ગાળામાં હાથેથી રૂપસુંદર પ્રથમાક્ષરો તથા વેલબુટ્ટીઓ ચીતરાતાં. આ પાનાની ચોમેર ગોઠવેલી વેલોનું આલેખન જોકે વધારેપડતા ખૂણાખચકાવાળું અને બિનપ્રવાહી છે, પરંતુ સુશોભિત ગ્રન્થસર્જનના ઉત્તમ નમૂના તરીકે તો તેની ગણના થાય જ છે, જેનું અનુકરણ ત્યાર પછીના ઘણા મુદ્રકોએ કર્યું. ઇંગ્લંડના વિખ્યાત કલાકાર વિલિયમ મૉરિસે સર્જેલાં સુશોભિત પુસ્તકો (એક નમૂનો જુઓ સામેના પાને) પણ આની યાદ આપે છે. આના અનુસંધાનમાં આપણે ત્યાં રાજપૂત-મુઘલ કલાકારોએ કરેલી ગ્રંથચિત્રણાનું પણ સ્મરણ થાય છે, જેનો એક નમૂનો આ અંકની આર્ટપ્લેટ તરીકે આપ્યો છે.


ત્રાન્કુબાર, મદ્રાસ, ફૉર્ટ વિલિયમ, કલકત્તા તથા સીરામપુરમાં થયો, અને ઉત્તરોત્તર હિંદી ભાષાઓનું મુદ્રણ પણ અસ્તિત્વમાં આવતું ગયું. હિંદી મુદ્રણના આ પ્રારંભિક યુગનું છેલ્લું મથક મુંબાઈ બન્યું.

ઉપર કહ્યું તેમ ગોવામાં રોમન કૅથલિક પાદરીઓએ મુદ્રણકળાનો પ્રારંભ કર્યો બાદ એને ખરો વેગ ત્રાન્કુબાર ને સીરામપુરના પ્રૉટેસ્ટન્ટ પાદરીઓએ આપ્યો. ખ્રિસ્તી ધર્મનો પ્રચાર કરવા આવેલા આ પાદરીઓને ધાર્મિક પુસ્તકોની જરૂર સૌથી પહેલી જણાઈ. એટલે તેમણે આ દેશની ભાષાઓ અને લિપિઓનું જ્ઞાન મેળવીને દેશી ભાષામાં પુસ્તકો છાપનારાં છાપખાનાં ઊભાં કર્યાં તથા ધર્મજ્ઞાનની કૉલેજો સ્થાપી. પાદરીઓની સાથે છાપકામના કારીગરો તેમજ સાહિત્ય ને ફિલસૂફીના વિદ્વાનો પણ આવ્યા અને ધાર્મિક ગ્રંથોની સાથેસાથે ભારતની સંસ્કૃતિ, ઇતિહાસ, સાહિત્ય ને ફિલસૂફીનાં પુસ્તકો પણ છપાવા લાગ્યાં. એ રીતે આપણાં ઇતિહાસ ને સંસ્કૃતિને, આપણી ભૂગોળ ને સમાજજીવનને પ્રકાશમાં આણવાનો યશ પણ આ પરદેશીઓને ફાળે જાય છે. દૂર દૂર પરદેશમાં, સાવ અજાણ્યા મુલકમાં ને તદ્દન જુદી ભાષા બોલતા લોકોની વચ્ચે અનેકવિધ મુશ્કેલીઓ ને હાડમારી-



For I fynde that, of what somever condicion women ben in Grece, the women of this contre ben right good, wyse, playsant, humble, discrete, sober, chast, obedient to their husbondes, trewe, secrete, stedfast, ever besy, & never ydle, attemperat in spekyng, and vertuous in alle their werkis, or atte leste sholde be soo. For whiche causes so euydent my sayd lord as I suppose thoughte it was not of necessite to sette in his book the sayengis of his auctor socrates touchyng women. But for as moche as I had comandement of my sayd lord to correcte and amende where as I sholde fynde faulte, and other fynde I none sauf that he hath left out these dictes & sayngis of the women of Grece. Therfore in accomplisshing his comandement for as moche as I am not in certayn wheder it was in my lordis copye or not, or ellis peraventure that the wynde had blowe over the leef, at the tyme of translacion of his booke, I purpose to wryte tho same sayngis of that Greke Socrates, whiche wrote of the women of grece and nothyng of them of this Royame, whom I suppose he never knewe. For if he had I dar plainly saye that he wold haue reserved them inespecial in his sayd dictes. Alway not presumyng to put & sette them in my sayd lordes book, but in the ende aparte in the rehersayll of the werkis, humbly requiryng al them that shal rede this lytyl rehersayll that yf they fynde ony faulte tarette it to Socrates and not to me whiche wryteth as here after followeth.

Socrates sayde That women ben thapparaylles to cacche men, but they take none but them that wil be pure or els them that knowe hem not. And he sayde that ther is none so grete empeschement vnto a man



ઇંગ્લૅંડના બે વિખ્યાત મુદ્રકોની કૃતિઓના નમૂના–ડાબી બાજુ: ઈંગ્લૅંડના આદિ મુદ્રક વિલિયમ કૅક્સ્ટને કોતરેલાં જાણીતાં બીબાં 'બ્લૅક લેટર'માં ૧૪૭૭માં ઇંગ્લૅંડમાં સૌપ્રથમ છાપેલા ગ્રંથનું પાનું; જમણી બાજુ: ઈંગ્લૅંડના વિખ્યાત કલાકાર વિલિયમ મૉરિસે સર્જેલા શોભનમંડિત પુસ્તકનું પાનું.

ઓનો સામનો કરીને એમણે આ કામને આગળ ધપાવ્યું એ ખમીર ખરેખર અદ્ભુત હતું.

ભારતમાં પહેલવહેલું છાપખાનું ઈ. ૧૫૫૬ના સપ્ટેમ્બરની છઠ્ઠી તારીખે ગોવામાં સેન્ટ પૉલ કૉલેજમાં સ્પૅનિશ પાદરી જોઆન બુસ્તમેન્તેએ નાખ્યું, અને બીજે જ મહિને—ઑક્ટોબરની ૧૯મી તારીખે એમાંથી પોર્ટુગીઝ ભાષામાં Conclusos નામનું પુસ્તક છાપીને બહાર પાડયું. પણ એ પુસ્તક આજે મળતું નથી. એ પુસ્તક ફિલસૂફીનું હતું. કૉલેજના વિદ્યાર્થીઓ જાહેર ચર્ચા-વિવાદમાં એનો ઉપયોગ કરતા.

આ પછી બીજે વર્ષે ૧૫૫૭માં સંત ફ્રાન્સિસ ઝેવિયરનું લખેલું ખ્રિસ્તી ધર્મને લગતું એક બીજું પુસ્તક ત્યાં છપાયું. આ છાપકામમાં કૅથલિક પાદરી-કારીગરોની સાથેસાથે પોર્ટુગલમાં તાલીમ લઈ આવેલા કેટલાક હિંદીઓ પણ હતા એમ નોંધાયું છે, પણ એમનાં નામ મળતાં નથી. આ બીજા પોર્ટુગીઝ પુસ્તકનું તમીળ ભાષામાં થએલું ભાષાંતર પણ ૧૫૫૭માં ગોવામાં છપાએલું. એની એકમાત્ર નકલ આજે પારીસના રાષ્ટ્રીય ગ્રંથાલય 'બિબ્લિયોથાલ નાસ્યોનાલ'માં છે.


આ ફતેહથી પ્રેરાઇને ઈ. ૧૫૭૭માં કોચીનમાં અને ત્રિચુર પાસેના અંબલકોટ ગામમાં પણ છાપખાનાં સ્થપાયાં, અને એક જેસ્યુઈટ પાદરી જોહાન્સ ગૉન્સાલ્વીસે પહેલવહેલાં 'મલબારી બીબાં' તૈયાર કર્યાં, (એ વખતે મળયાળમ તેમજ તમીળ બંને લિપિનાં બીબાં 'મલબાર ટાઇપ'ના એક જ નામે ઓળખાતાં) અને ઈ. ૧૫૭૯ની ૧૪મી નવેમ્બરે સંવાદના રૂપમાં એક ધર્મપુસ્તક બહાર પાડયું. હિંદની ધરતી પર છપાએલું એ પહેલું હિંદી પુસ્તક હતું. અહીં છપાએલાં પુસ્તકોની એક યાદી આજે રોમમાં છે, પણ એમાંનું કોઈ પુસ્તક મળતું નથી. એનું એક કારણ એ પણ છે કે ટિપુ સુલતાને કરેલા મલબારના હલ્લામાં એણે સેન્ટ પૉલ કૉલેજ સુદ્ધાં બધાં હિંદુ તથા ખ્રિસ્તી સ્થાનકોને જલાવીને ખાક કરી નાખ્યાં હતાં.

શરૂઆતમાં તમીળ પુસ્તકો પણ મળયાળમ લિપિમાં જ છપાતાં. પણ તમીળ લોકો આ અક્ષરો વાંચી શકતા નહોતા, એટલે ઇગ્નેશિયસ એચમની નામના એક તમીળ પાદરી-કારીગરે લાકડાનાં તમીળ બીબાં બનાવ્યાં, ને એ વડે તમીળ-પોર્ટુગીઝ શબ્દકોષ છાપ્યો.

અંગ્રેજોએ પૉંડિચેરીની લૂટમાં એક છાપખાનું પણ કબજે કરેલું, તે એમણે મદ્રાસના વેપેરી ગામના ફ્રૅબ્રીશિયસ નામે તમીળ વિદ્વાનને આપ્યું. એમાંથી જ પાછળનું મશહૂર ડાયોસીસન પ્રેસ વિકસ્યું, જે આજ પણ મદ્રાસના વેપરી લત્તામાં હયાત છે!

અત્યાર સુધી મુદ્રણકળા ગોવાથી શરૂ થઈ કોચીન, ત્રિચુર અને ત્રાન્કબાર થઇ મદ્રાસ પહોંચી હતી. ત્યાંથી હવે તે કલકત્તા ગઈ, જ્યાં ભારતીય મુદ્રણકળાના પ્રારંભનો ઇતિહાસ સોનેરી અક્ષરે લખાયો:

નૅથૅનિયલ બ્રાસી હૅલહેડ નામના વિદ્વાને ઈસ્ટ ઇંડિયા કંપનીના અમલદારો માટે બંગાળી ભાષાના વ્યાકરણને લગતું એક પુસ્તક લખ્યું હતું, અને એમાંના અંગ્રેજી લખાણની સાથે ઉદાહરણ રૂપ ઉતારાએલા


Preclarissimus liber elementorum Euclidis perspi/
cacissimi: in artem Geometrie incipit quafoelicissime:

Punctus est cuius ps nō est. ¶ Linea est lōgitudo sine latitudine cui⁹ quidē ex/tremitates sūt duo pūcta. ¶ Linea recta ē ab vno pūcto ad aliū breuissima extē/sio i extremitates suas vtrūq3 eox recipiens. ¶ Superficies ē q̄ lōgitudinē z latitudinē tm̄ hz: cui⁹ termi quidē sūt linee. ¶ Superficies plana ē ab vna linea ad a/liā extēsio i extremitates suas recipiēs ¶ Angulus planus ē duarū linearu al/ternus contactus: quax expāsio ē sup sup/ficiē applicatioq3 nō directa. ¶ Quādo aūt angulum cōtinēt due linee recte rectiline⁹ angulus noiat. ¶ Qn̄ recta linea sup rectā steterit duoq3 anguli vtrobiq3 fuerit eqles: eox vterq3 rect⁹ erit ¶ Lineaq3 linee supstās ei cui supstat ppendicularis vocat. ¶ Angulus vo qui recto maior ē obtusus dicit. ¶ Angul⁹ vo minor recto acut⁹ appellat. ¶ Termin⁹ ē qd vniuscuiusq3 finis ē. ¶ Figura ē q̄ tmino vl termis cōtinet. ¶ Circul⁹ ē figura plana vna q̄dem li/nea cōtēta: q̄ circūferentia noiat: in cui⁹ medio pūct⁹ ē: a quo oēs linee recte ad circūferētiā exeūtes sibiinuice3 sūt equales. Et hic quidē pūct⁹ cētrū circuli dr̄. ¶ Diameter circuli ē linea recta que sup ei⁹ centx trāsiens extremitatesq3 suas circūferētie applicans circulū i duo media diuidit. ¶ Semicirculus ē figura plana dia/metro circuli z medietate circūferentie cōtenta. ¶ Portio circu/li ē figura plana recta linea z parte circūferētie cōtēta: semicircu/lo quidē aut maior aut minor. ¶ Rectilinee figure sūt q̄ rectis li/neis cōtinent quarū quedā trilatere q̄ trib⁹ rectis lineis. quedā quadrilatere q̄ q̄tuor rectis lineis. q̄dā mltilatere que pluribus q3 quatuor rectis lineis continent. ¶ Figurarū trilaterarū: alia est triangulus hūs tria latera equalia. Alia triangulus duo hūs eq̄lia latera. Alia triangulus triū inequalium laterū. Harz iterū alia est orthogoniū: vnū.s. rectum angulum habens. Alia ē ambligonium aliquem obtusum angulum habens. Alia est oxigonium: in qua tres anguli sunt acuti. ¶ Figurarū autē quadrilaterarz Alia est q̄dratum quod est equilaterū atq3 rectangulū. Alia est tetragon⁹ long⁹: q̄ est figura rectangula: sed equilatera non est. Alia est helmuayin: que est equilatera sed rectangula non est.

ઇટાલીના એરહાર્ટ રેડૉલ્ટે છાપેલા અને 'અદ્ભુત' ગણાએલા બહુરંગી છાપકામનો દુનિયાનો પહેલો નમૂનો : 'યુક્લિડની ભૂમિતિ'નું એક પાનું.

વિલ્કિન્સે એને પોતાના કામમાં સહાયક તરીકે રાખ્યો હતો ને એને અડી કોરવાનીતથાબીબાં ઢાળવાની તાલીમ આપી હતી. એ પંચાનન કર્મકારે પછી બીજા સાથીઓને તાલીમ આપી.

પણ આ પછી ૧૮મી સદીના અંત અને ૧૯મી સદીના આરંભનાં વર્ષોએ ભારતીય મુદ્રણના ઇતિહાસનું એક જ્વલંત પ્રકરણ આલેખ્યું. એ પ્રકરણ એટલે વિલિયમ કૅરીનું આ દેશમાં આગમન અને ભારતની વિવિધભાષાઓમાં મુદ્રણ માટેનો એનો પ્રચંડ પુરુષાર્થ.એના આ પુરુષાર્થની વાત રસમય અને થોડો વિસ્તાર માગી લેતી હોવાથી સ્વતંત્ર ચરિત્ર તરીકે આ અંકમાં અન્યત્ર આપીછે.

બંગાળમાં પ્રથમ સ્થપાએલાં સીરામપુર અને ફૉર્ટ વિલિયમ કૉલેજનાં છાપખાનાંઓને પગલેપગલે હવે કલકત્તામાં બીજાં સંખ્યાબંધ ખાનગી છાપખાનાં પણ સ્થપાવા લાગ્યાં. કલકત્તાનાં છાપખાનાંઓએ બંગાળી અને દેવનાગરી બંને લિપિનાં બીબાં પાડયાં.

બંગાળી લખાણ માટે બંગાળી બીબાંની જરૂર પડી. એણે એ વખતના એક અંગ્રેજ કર્મચારી અને સંસ્કૃતના મહાન વિદ્વાન ચાર્લ્સ વિલ્કિન્સને વિનતિ કરી. આ ચાર્લ્સ વિલ્કિન્સે પોતાના શૉખને ખાતર આ પહેલાં કેટલાક બંગાળી અક્ષરોનાં બીબાં તૈયાર કર્યાં હતાં, એટલે મિત્રની આ વિનતિએ એ કામમાં નવો ઉત્સાહ પૂર્યો; અને અસંખ્ય મુશ્કેલીઓ હોવા છતાં એણે જાતે જ એ પુસ્તક માટે જોઈતાં બધાં જ બંગાળી બીબાં ઢાળવાની લોખંડની અડીઓ કોતરીને તૈયાર કરી! આપણા પ્રાચીન સંસ્કૃત સાહિત્યના પુનરુદ્ધાર માટેનો વિલ્કિન્સનો પુરુષાર્થ તો જાણીતો છે જ, પણ બંગાળી મુદ્રણમાં પણ એણે આ રીતે પહેલ કરી હતી એ વાત કદાચ આ પહેલાં બહુ જાણીતી નથી.

એની સાથે એના આ પ્રયત્નમાં એક બંગાળી કારીગરનું નામ પણ જોડાએલું છે. એ નામ છે પંચાનન કર્મકાર. ધંધે એ લુહાર હતો.

કન્નડ ભાષાનું પ્રથમ પુસ્તક બેલારીના મિશન પ્રેસમાં ૧૮૩૩માં છપાયું : જૉન બન્યનના 'પિલ્ગ્રિમ્સ પ્રોગ્રેસ'નું ભાષાન્તર–'દેસંતરીય પ્રાયાનાવુ.' આમાં બધાં બીબાં કન્નડ નથી,તેલુગુ ને કન્નડ મિશ્રિત છે.

યુરોપી પાદરીઓએ મરાઠી ભાષામાં બાઈબલનાં ભાષાંતરો પ્રગટ કરેલાં. એ મરાઠી બીબાં પહેલવહેલાં લાટિન પુસ્તક 'હોર્ટીસ ઇન્ડીસીસ મલબારીસીસ'(૧૬૭૮)માં દેખાય છે.

એ પછી મુંબાઈમાં ૧૭૯૨માં શરૂ થએલું 'બૉમ્બે કુરીઅર' નામનું છાપું અંગ્રેજી, મરાઠી ને ગુજરાતી ભાષામાં છપાતું હતું. ઉપર્યુક્ત સર્વ પ્રકારનાં દેશી લિપિઓનાં આદિકાળનાં બીબાંમાં છપાએલાં પુસ્તકો ઉપર્યુક્ત કલકત્તા-પ્રદર્શનમાં મુકાયાં હતાં.

તદનુસાર પ્રારંભના ગુજરાતી મુદ્રણના નમૂના પણ ત્યાં જોવા મળ્યા : રૉબર્ટ ડ્રમંડનું 'ઈલસ્ટ્રેશન્સ ઑવ ધ ગ્રામૅટિકલ પાર્ટ્સ ઑવ ધ ગુજરાતી, મહારાષ્ટ્રા ઍન્ડ ઇંગ્લિશ લૅંગ્વેજિઝ.' મુંબાઈમાં કુરીઅર પ્રેસમાં ૧૮૦૮માં છપાએલા એ ગુજરાતીના પહેલવહેલા મુદ્રિત વ્યાકરણમાં ગુજરાતી શબ્દોના અંગ્રેજી અર્થો આપ્યા છે. બીજું હતું ઈસપની વાર્તાઓનું ગુજરાતી ભાષાંતર,–મુંબાઈના શિક્ષામંડળી પ્રેસમાં ૧૮૧૮માં છપાએલું. ત્રીજું હતું ૧૮૨૮માં લીથોગ્રાફીથી છપાએલું ગણિત અને ચોથું હતું એદલજી બરજોરજી પટેલનું 'સુરતની તવારીખ' –સુરતના અખબાર પ્રેસમાં ૧૮૩૩માં છપાએલું.

એમ મનાય છે કે હિંદીઓમાં છાપખાનું સ્થાપવાનો પહેલવહેલો વિચાર શિવાજી મહારાજને આવેલો; એમણે એક મુદ્રણયંત્ર મેળવ્યું હતું, જે ઈ. ૧૬૭૪માં એમણે ગુજરાતના ભીમજી પારેખને વેચી દીધું; ભીમજી પારેખે એક અંગ્રેજી નિષ્ણાતની મદદથી એ ચલાવ્યું.

મુંબાઈમાં પહેલવહેલું મુદ્રણ કોણે ને ક્યાં શરૂ કર્યું તેની ચોક્કસ માહિતી મળતી નથી. પણ એમ જણાય છે કે રૂસ્તમજી ખરસેતજી નામે પારસીએ ઈ. ૧૭૮૦માં પહેલવહેલું પંચાંગ છાપ્યું. પણ મુંબાઈમાં પહેલવહેલું પુસ્તક છપાયું હોય તો તે 'રીમાર્ક્સ ઍન્ડ રેફરન્સિસ ઑવ મિ. હેનરી ડર્યુરિંગ હિઝ ઇમ્પ્રિઝનમેન્ટ ઑવ ટુ ઍન્ડ હાફ઼ ઇયર્સ ઇન ટિપ્પુઝ જેઈલ વ્હેર્ફ્રૉમ હી એસ્કેપ્ડ'. એનાં ૧૬૪ પાનાં છે અને તે છપાયાની તારીખ ૧૭૯૩ છે.

ગુજરાતી બીબાં પહેલવહેલાં બહેરામજી જીજીભાઈ છાપગરે ઈ. ૧૭૯૭માં તૈયાર કર્યાં. આ છાપગર 'બૉમ્બે કુરીઅર'માં કામ કરતો. એ અખબારમાં ગુજરાતી લિપિમાં પણ જાહેરખબરો આવવા માંડી, તેથી ગુજરાતી બીબાંની જરૂર પડતાં એમણે ગુજરાતી બીબાં ઢાળવાનું શરૂ કર્યું. પરંતુ એ તો અખબારી મુદ્રણ. ગુજરાતી બીબાંમાં છપાએલું પહેલવહેલું પુસ્તક તો ઉપર જણાવેલું ડ્રમંડનું વ્યાકરણ જ છે.*

આજે જ્યારે મુદ્રણ-વિજ્ઞાન ચમત્કારિક પ્રગતિ સાધી રહ્યું છે, હાથ વડે કંપોઝ કરવાની ક્રિયાને બદલે ટાઇપરાઈટરની માફક ચાવીઓ દબાવતાં યંત્રો દ્વારા આપમેળે બીબાં ઢળાતાં તથા ગોઠવાતાં જાય છે, એટલું જ નહિ પણ લંડનમાં છેલ્લા આંતરરાષ્ટ્રીય મુદ્રણ-પ્રદર્શનમાં રજૂ થએલાં, ફોટોગ્રાફિક પદ્ધતિથી અક્ષરોની સીધી નેગેટિવ પાડીને બીબાંનું મુદ્રણ કરતાં ફોટોટાઈપ સેટિંગ યંત્રો તથા ઇલેક્ટ્રૉનિક બ્લૉક-મેકિંગ જેવી દિંગ કરી મૂકનાર ક્રિયાઓને ઉપજાવતાં યંત્રો જ્યારે આવતાં જાય છે, એવા આ યુગમાં મુદ્રણના પ્રારંભના દિવસોની આ વાતો, આપણને ગમે કે ન ગમે તોપણ, ઇતિહાસની દૃષ્ટિએ એનું મૂલ્ય ઘણું છે.

*ગુજરાતી મુદ્રણ વિષેનો એક વિગતવાર લેખ થોડાં વર્ષ પર 'કુમાર'ના તંત્રીએ હાલના અમદાવાદના 'ગુજરાત સમાચાર' પત્રના નવા મુદ્રણાલયના ઉદ્ઘાટન અંગે ખાસ પ્રકટ થએલી એ દૈનિકની પૂર્તિમાં આપેલો.

અનુસંધાન] **બદલો** [પૃષ્ઠ ૯થી

અવરોહ વધતો હતો, ઘટતો હતો. છેવટે ગિરિધારીએ કહ્યું, 'તું મારો દોસ્ત છે ને?'

'ના.' તુલસીએ મોટા અવાજે કહ્યું.

'તું મારો દુશ્મન છે?' 'ના.'

'ભલે; તું જે હો તે—તું મારી માને મળીશ? હું અહીંથી જ બારોબાર જતો રહીશ. મારું એટલું કામ કરીશ?' 'ના.'

વળી ત્રણે મૂક બની ગયાં. એકાએક આનંદી બોલી ઊઠી: 'ગિરિધારી! ચાલ આપણે ભાગી જઇએ.' અને તે રડવા લાગી.

ગિરિધારીએ તુલસીનો ખભો પકડ્યો. 'દોસ્ત! મને તારા પર વિશ્વાસ આવે છે. તારી સલાહ માનવાનું મન થાય છે. હું જાઉં છું, આનંદી! તું મારી સાથે આવે છે? તું મારી પડખે જ રહીશ? ભલે; અમે જઇએ છીએ. પણ તને કદી ય નહિ ભૂલીએ.'

'થોભ!' ચીસ પાડતો હોય એમ તુલસી બોલ્યો.

ગિરિધારી અને આનંદી થંભી ગયાં.

'તેં ખૂન શાથી કર્યું?'

'બીજા કોઇને એનું ખૂન ન કરવું પડે એટલે.'

'પણ કારણ શું? કારણ શું?'

'એ માણસ વિષયાંધ હતો, ભોરિંગ હતો, હેવાન હતો.'

'નાપાક!' તુલસી ગર્જી ઊઠ્યો. 'ભાગ! ભાગ! નહિ તો હું તને જાનથી મારી નાખીશ!'

ગિરિધારીની આંખો સળગી ઊઠી. તેનો હાથ પકડીને ઊભેલી આનંદી તેની આંગળીઓના હલનચલન માત્રથી તેના હૃદયની પારાવાર આગ સમજી ગઇ. 'નહિ! નહિ! ગિરિધારી!' તે બોલી ઊઠી. 'ચાલ, આપણે ચાલ્યાં જઇએ—દૂર, દૂર, દૂર.'

ગિરિધારીએ પોતાના પર કાબૂ મેળવી લીધો. સંજોગોના ખયાલે તે ઢીલો થઈ ગયો. બંને ધીમેધીમે ચાલ્યાં ગયાં.

સૂનમૂન ગુમસૂમ, તુલસી ત્યાં કેટલી ય વાર ઊભો રહ્યો. શરૂઆતમાં તો તેને ચારે બાજુ મકારા પ્રકાશ દેખાવા લાગ્યો. પછી અચાનક પશ્ચાત્તાપથી તેનું હૃદય ઘેરાઈ ગયું. તેને થયું: આ શું કર્યું મેં? મારા પિતાના ખૂનીને જ જવા દીધો? બદલો ન લીધો? કાયર! કાયર! અને તેણે ધ્રૂસકે ધ્રૂસકે રડવા માંડ્યું.

ઘણો વખત પસાર થઈ ગયો. પછી તે વિચારમાં ને વિચારમાં ધીમેધીમે ચાલતો ઘેર આવ્યો. ઘેર પોલીસ સબ-ઇન્સ્પેક્ટર તેની રાહ જોતો બેઠો હતો. પોતે ગિરિધારીને મળ્યો હતો એ વાત તુલસી તેને કહે તે પહેલાં જ સબ-ઇન્સ્પેક્ટરે અધીરાઈથી તેને પૂછ્યું, 'ક્યાં ગયા હતા તમે? હું તમારી જ રાહ જોતો હતો.'

'ક્યાં ય નહિ. ખાલી ફરવા નીકળ્યો હતો. હું પેલા—'

'અરે, હું અહીં વીસ મિનિટથી તમારી રાહ જોઉં છું.' 'કેમ?'

'પેલો ખૂની પકડાઈ ગયો?!'

'પકડાઈ ગયો!'

'હા—અરધા કલાક પહેલાં જ મેં તમને નહોતું કહ્યું કે અમને પાકે પાયે ખબર મળી હતી? ગામમાં આવવાના બધા જ રસ્તા પર અમે છુપાઇને બેસી ગયા હતા. પણ મારો બેટો નીકળ્યો હોશિયાર. અમને વટાવીને ક્યારે ગયો તેની ખબર જ ન પડી. પણ પાપનો ઘડો ફૂટ્યા વગર રહે ખરો? એ અને એની રખાત ગામ તરફથી પાછાં ફરી નાસી જતાં ત્યાં અમારા હાથમાં ઝડપાઈ ગયાં!'

'પણ—' તુલસી બોલવા ગયો.

'મારી વાત તો સાંભળો!' સબ-ઇન્સ્પેક્ટરે ઝપાટાબંધ કહ્યું, 'પકડાયો ત્યારે ધમપછાડા તો ખૂબ કર્યા, પણ અમારી આગળ ચાલે ખરું? ચૉકીએ બેસાડ્યો છે અને પોલીસ વાનની રાહ જોઇએ છીએ. પકડ્યો ત્યારનો મોટે મોટેથી બબડ્યા કરે છે ને હસ્યા કરે છે: 'પેલા બદમાશે ફસાવ્યો મને—બદમાશ! હાહાહાહાહા! મારી સાથે લડવાની તો હિંમત નહોતી, એટલે મને ખોટું બોલી આ બાજુ મોકલ્યો! હાહાહાહાહા! મને એક વખત છોડો—હું બદલો લઈ લઉં! એક ખૂન કર્યું, તો ભેડે બીજું ય કરી નાખું!' માણસ પકડાય છે ત્યારે આવો જ ગાંડો બને છે. હોહોહો.....હો!' સબ-ઇન્સ્પેક્ટર હસતો હતો.



અબ્ધુઝળી

> ત્રિકાલને મીટ મહીં સમાવતો,
> હું માનવી, યાત્રી અહીં અનન્તનો;
> હું ભૂત કેરો પરિપાક છું, અને
> સજીવ છું બીજ વળી હું ભાવિનું.
>
> (અનુભૂતિ) —મનસુખલાલ ઝવેરી

પ્રતિષ્ઠિત સંગીતશાસ્ત્રી સ્વ. શ્રી શંકરરાવ વ્યાસ

ગઈ તા. ૧૭મી ડિસેમ્બર ૧૯૫૬ને સોમવારે સાંજે ૪ા વાગ્યે વિખ્યાત સંગીતશાસ્ત્રી શ્રી શંકરરાવ વ્યાસનું અમદાવાદમાં અચાનક અવસાન થયું. હજી આગલા રવિવારે જ તેઓ પોતાના મિત્રોને મળવા ને આરામ કરવા અઠવાડિયા માટે અમદાવાદ આવ્યા હતા અને બરાબર એક અઠવાડિયું જ રહ્યા: સોમવારે સાંજે તો તેમણે મહાપ્રસ્થાન કર્યું.

આજે તેમનું સ્મરણ કરતાં નજર સમક્ષ એક મહાન વિભૂતિ ઊભી રહે છે. નિરહંકારી, નિરભિમાની, માયાળુ, સદા હસમુખા, ઉદાર દિલના ભોળા ને સૌમ્ય મહાનુભાવનું દર્શન થાય છે. તેઓ હમેશાં બીજાને મદદ કરવા તત્પર રહેતા. પોતે ઘસારો વેઠીને પણ બીજાને મદદ કરતા. કેટલા યે વિદ્યાર્થીઓ તેમની પાસે મફત સંગીત શીખી ગયા છે.

ગુજરાતમાં સંગીતના પ્રચારમાં એમણે સ્વ. નારાયણરાવ ખરેજીને ઘણી મદદ કરેલી. રાષ્ટ્રીય સંગીત મંડળના વર્ગોમાં પણ તેમણે સક્રિય ફાળો આપેલો.

૧૯૩૩માં હું એમને ત્યાં થોડો વખત રહેલો તે દરમ્યાન તેમનો એક નાનો પુત્ર અવસાન પામ્યો. ત્રણ દિવસ તો તેઓ લોકાચાર માટે સંયમમાં રહ્યા. ચોથે દિવસે મને કહે 'તંબૂર કાઢ. દુઃખ કંઈ એમ ભુલાશે?' હૃદયની શાન્તિ માટે સંગીત એ જ સાચી દવા છે. ઘણા ક્ષોભ સાથે મેં તંબૂર તો કાઢ્યો, પણ મારાથી એક લીટી પણ ગવાઈ નહિ. એટલે મને કહે, 'અરે કંઈ ગાંડો છે?' અને એમ કહી પોતે જ ધીરેધીરે 'જીવનકે મમ પ્રાણસખા રે, સુંદર માધવ નંદદુલારે.' શરૂ કરી ગાતાંગાતાં તેઓ સ્વર-રાગમાં ખોવાઈ ગયા. જાગૃત થયા ત્યારે હૃદય પરથી ઘણો ભાર ઓછો થયો જણાતો હતો.

મહારાષ્ટ્રના કોલ્હાપુર રાજ્યમાં તેમનો જન્મ. પિતાનું નામ ગણેશ. નાનપણમાં કોલ્હાપુરમાં જ ઊછર્યા. અને પ્રાથમિક શિક્ષણ ત્યાંની શાળામાં જ લીધું. છેક નાની ઉમરથી જ સંગીત વિષે અનુરાગ, એટલે ૧૨-૧૪ વર્ષની વયે તો સંગીતનું શિક્ષણ લેવા સ્વ. ગુ. પંડિત વિષ્ણુ દિગંબર પળુસ્કર પાસે મુંબાઇ એમના પ્રખ્યાત ગાંધર્વ મહાવિદ્યાલયમાં પહોંચી ગયા. ગુરુજીનો તેમના પર અપાર સ્નેહ હતો અને હમેશાં પોતાની પાસે જ તેમને રાખતા.

ગુરુજીની આંખે ઓછું દેખાતું હોવાથી તેમને વાંચતાં ઘણી તકલીફ થતી. એમની ઇચ્છા હતી કે રામાયણ જો કોઇ મોટા અક્ષરે લખી આપે તો વાંચતાં સુગમ પડે. શંકરરાવજીએ એ કામ માથે લીધું અને પ્રેમપૂર્વક પાર પાડ્યું. આજે પણ રામાયણની એ નકલ નાસિકના 'રામનામ આધાર આશ્રમ'માં છે. આ કામથી શંકરરાવ પર સુસંસ્કારની ઘેરી અસર થઈ અને ભાષા પણ હાથ આવી. તેમનામાં રહેલાં ભક્તિનાં અદૃશ્ય બીજ આ પ્રસંગથી પાંગરી ઊઠયાં અને તેમના જીવનને ધન્ય બનાવતાં ગયાં.

ઈ. ૧૯૨૦-૨૨માં તેઓએ અમદાવાદ આવીને સંગીતશિક્ષણ આપવું શરૂ કર્યું. પણ ત્યાં સંગીત પ્રત્યે બહુ જ ઉદાસીનતા હોવાથી પોતે શરૂ કરેલી સંગીતશાળા થોડા જ સમયમાં બંધ કરી સર ચિનુભાઇ બૅરોનેટને ત્યાં સંગીત-અધ્યાપક તરીકે જોડાયા. ત્યાં એમની આર્થિક મુશ્કેલીઓ દૂર થઇ અને અમદાવાદ રહ્યા ત્યાં સુધી એ કુટુંબમાં જ તેઓ અધ્યાપક તરીકે રહ્યા.

સ્વ. શંકરરાવ વ્યાસ કેવળ સંગીતકાર જ ન હતા, સારા સાહિત્યકાર પણ હતા. તેમનાં પુસ્તકો ગાંધર્વ મહાવિદ્યાલયોમાં તથા અન્ય નિશાળોમાં પાઠ્યપુસ્તકો તરીકે ચાલે છે.

આધુનિક જમાનાના તેઓ 'નાયક' હતા. સંગીતમાં જે ગીત રચી શકે, સ્વર તાલબદ્ધ

પ્રાણીજગત
૧૫-કાંગારુ



એનું નામ તો કદાચ બધાએ સાંભળ્યું હશે. ઘણાએ પ્રાણીસંગ્રહ કે ચિત્રમાં એને જોયું પણ હશે. પરંતુ એની ખાસિયતોથી બહુ જ થોડા પરિચિત હશે.

સ્તનવાળાં પ્રાણીઓનો એક વિભાગ પેટ કોથળીવાળાં પ્રાણીઓનો છે. કાંગારુ તે વિભાગમાં આવે. મૂળ તો એ ઑસ્ટ્રેલિયાનું, પણ ટાસ્માનિયા, ન્યૂ ગિની વગેરે નજીકના ટાપુઓમાં પણ એ સારી પેઠે જોવા મળે છે.

એને પગો તો ચાર જ; પણ વિશિષ્ટતા એ કે આગલા બે તદ્દન ટૂંકા, ને પાછલા બે ખૂબ લાંબા ને દૃઢ. ટૂંકા પગ હાથનું કાર્ય કરે ને લાંબા પગ છલંગો મારવાનું. પાછલા પગો પર ઊભું રહે ત્યારે સામાન્ય કાંગારુ પણ છ ફૂટ-માણસ જેવડું-થાય! કોઈ વાર કાંગારુ આઠ ફૂટ સુધીનું પણ થાય છે. શેડઉતાર વાળભરી પૂંછડી તો જુદી જ. પેટ પર (છાતીના નીચલા ભાગમાં)બચ્ચું રાખવા નાનીસરખી કોથળી હોય.

કાંગારુ મોટાં મેદાનોમાં ટોળાબંધ વસે છે. એનો મુખ્ય ખોરાક ઘાસ અને વનસ્પતિ. ખાય ખિસકોલીની માફક,—આગલા પગથી પકડીને.સ્વભાવે બીકણ હોઈ કાન સરવા રાખી આજુબાજુ જોયા કરે. પાકે લચ્યાં ખેતર જો એના ધાએ ચડે તો સફાચટ કરી નાખે.

પાછલા પગનાં દીર્ઘતીક્ષ્ણ નખોવાળાં આંગળાંની સહાયથી તે ૧૫-૨૦ ફૂટની છલંગ તો સહેલાઈથી મારી શકે. બચાવ માટે પૂરપાટ દોડે ત્યારે તેજી ઘોડીને પણ પાછળ પાડી દે. સ્વભાવે આક્રમક નહિ, પણ ચોમેરથી ઘેરાઈ જાય ત્યારે નીડરતાથી શત્રુનો સામનો કરે. અવસર મળ્યે શત્રુને આગલા પગથી બાથમાં લઇને પાછલા પગના નહોરથી ચીરી નાખે.

માદા કાંગારુને બહુધા એક જ બચ્ચું થાય છે, ને તેને એ બહુ જ ચીવટથી ઉછેરે છે. તેને પાળી પણ શકાય છે.

કાંગારુના વિભાગમાં બીજાં ચારેક પ્રાણીઓ છે, જેમાંનું એક ઑપોસમ તો ઉંદરડા જેવડું જ હોય છે. એ સિવાય કાંગારુની પણ બીજી જાતો છે, જેમાંની એક જાત વૃક્ષો પર ને એક જાત વળી ખડકોમાં પણ રહે છે.



કરી શકે, વળી જે વાદ્ય ને નૃત્ય પણ જાણતો હોય, તેવા સંગીતકાર 'નાયક' કહેવાય છે. આ રીતે આ જમાનામાં તેઓ 'નાયક' જ હતા. આખા હિન્દુસ્તાનમાં જ્યાંજ્યાં સંગીતની સાધના થતી હશે ત્યાંત્યાં તેમનાં રચેલાં ગીતો ગવાતાં હશે. એ ગીતોમાં પ્રખ્યાત 'મુરલી કી ધૂન', કાફીરાગનું 'આજ ખેલો શ્યામ' અને સિંધોરાનું 'હોરી ખેલન' તો જાણીતાં છે.

સંગીતનું દરેક ક્ષેત્ર એમણે ખેડેલું છે. ધ્રુવપદ, ધમાર, હોરી, ઠુમરી વગેરેનાં ઘણાં ગીતો તેમણે રચ્યાં છે. પટદીપ રાગનું 'માધવ મનમોહન તુમ', શંકરાનું 'શંકરશિવ' વગેરે ધ્રુવપદો તો ઘણી ખ્યાતિ પામ્યાં છે. તેમની કેટલીક રચનાઓ તો એટલી ઉત્કૃષ્ટ છે કે કોઈ જૂની પરંપરાની ઊતરતી આવેલી ચીજ જ લાગે.

ઈ. ૧૯૩૫માં ગુજરાત વિદ્યાપીઠમાં શરૂ થએલા સંગીતવિભાગમાં સ્વ. પં. ખરેજીને એમણે ખૂબ સહયોગ આપેલો, અને એમની જ મદદથી અમદાવાદમાં સંગીત-પ્રચારાર્થે ગાંધર્વ મહાવિદ્યાલયની સ્થાપના તે જ અરસામાં કરવામાં આવી.

૧૯૩૬–૩૭માં તેઓએ અમદાવાદ છોડી મુંબાઈ જઈ ફિલ્મક્ષેત્રમાં ઝંપલાવ્યું, અને થોડા જ વખતમાં ત્યાં ઉન્નતિને શિખરે પહોંચી ગયા. ફિલ્મમાં તેમણે કદી હલકી તરજો આપી નથી. પણ બને ત્યાં સુધી શાસ્ત્રીય રાગ કે રાગિણી મૂકવાનો આગ્રહ સેવ્યો છે. એથી 'ટિકિટ-બારીનું આકર્ષણ' કદાચ નહિ થયું હોય, પણ એ ક્ષેત્રમાં તેમણે નવો ચીલો જરૂર પાડ્યો છે. તેમનું પ્રથમ સંગીત–નિયોજન 'પૂર્ણિમા'નું હતું; પણ તેમને ખરી પ્રસિદ્ધિ આપનાર ફિલ્મો તો 'રામરાજ્ય', 'ભરત-મિલાપ'. એમાંનાં 'વીણા મધુર મધુર...' તથા 'ભારત કી એક સન્નારી કી હમ કથા સુનાતે હૈં!' તો ભારતવાસીઓના કંઠેકંઠે રમી ગયાં છે.

મુંબાઈમાં પણ તેમણે સંગીત-પ્રચારનું કામ તો ચાલુ જ રાખેલું. દાદરમાં તેમણે 'વ્યાસ અકાદમી' સ્થાપી સંગીતનું શિક્ષણ આપવું શરૂ કર્યું. આખો દિવસ ફિલ્મમાં કામ કરીને થાક્યા હોય તો પણ સાંજે વિદ્યાલયમાં તો જતા જ ને ઘણા પ્રેમથી વિદ્યાર્થીઓને શીખવતા. પરિણામે આજ એ અકાદમી ખૂબ ફૂલીફાલી છે.

કામનો અત્યંત બોજો હોવા છતાં, સ્વ. વિષ્ણુ દિગંબરજીના સ્મરણાર્થે તેમના અનુયાયીઓએ સ્થાપેલા ગાંધર્વ મહાવિદ્યાલય મંડળના વર્ષો સુધી પ્રમુખ રહી તેઓએ સેવા બજાવી છે. એ મંડળને આગળ ધપાવવામાં પણ તેમનો ઘણો મોટો ફાળો છે. એક અંગત પ્રસંગનો ઉલ્લેખ કરવો અનુચિત નથી. એક વાર મુંબાઈ ગયો ત્યારે મેં તેમની પાસે જૂની પરંપરાની ઠુમરી શીખવા ઇચ્છા કરી, તેમણે મને કાફીની ઠુમરી લખાવી: 'નદિયાં ધીરે બહો, મોરે સૈંયા ઉતરેંગે પાર'. પછી મને કહે, પંડિતજી આ ઠુમરી બહુ સુંદર રીતે ગાતા. એમ કહી તેમણે ગાવાની શરૂઆત કરી; અને 'જો, તેઓ આમ તાન લેતા' કહી તાન ને બોલતાન ગાઈ બતાવવા લાગ્યા. બેએક મિનિટ ગાયું હશે, ત્યાં તો તેમનો કંઠ ભરાઈ આવ્યો, તેઓ ગદ્‌ગદિત થઈ ગયા અને આંખમાંથી ડળકડળક આંસુ પડવા લાગ્યાં. સ્વ. પં. ખરેજીના સ્મરણની વિહ્વળતા તેમની આંખમાંથી નીતરતી હતી.

સ્વ. શંકરરાવ અંબાજીના ભક્ત હતા. 'જય દેવી અંબિકા માત ભવાની' જેવાં તેમનાં ઘણાં ગીતો દેવીની સ્તુતિનાં છે. છતાં તેમણે રામનાં ગુણગાન પણ ગાયાં છે; અને તેમનાં પુસ્તકોમાં કૃષ્ણ-ગોપીનાં પણ ઘણાં ગીત મળશે. વ્રજ ભાષામાં (હિન્દીમાં) લખાએલાં તેમનાં મોટા ભાગનાં ગીતો કૃષ્ણનાં છે. એકંદરે તેમણે ૧૦ પાઠ્યપુસ્તકો લખ્યાં છે અને સ્વરચિત ગીતોના સંગ્રહ રૂપે 'વ્યાસકૃતિ'ના ત્રણેક ભાગ બહાર પાડ્યા છે. આ બધાંમાં 'પ્રાથમિક સંગીત', 'માધ્યમિક સંગીત' અને 'સતાર વાદન'નાં પુસ્તકો તો અત્યંત લોકપ્રિય થયાં છે.

આ ઉપરાંત તેમણે બે નવા રાગોની પણ રચના કરી છે: 'ભવાની' અને 'ભવાની કેદાર'. આજે આપણે જે વૃન્દવાદન વગાડીએ છીએ તેને માટે પણ તેમણે કેટલાક રાગોમાં સ્વરરચના કરી છે તેમજ જુદા-જુદા પ્રકારનાં વાદ્યો માટે તાનો-તોડા પણ લખ્યાં છે.

આવા આ મહાન કલાકાર, દિગ્દર્શક, રચનાકાર, સંગીતના ભેખધારી પ્રચારક, આધુનિક સમયના 'નાયક', અને સ્વભાવે મિલનસાર સરળ હૃદયના, નિરભિમાની, માયાળુ ઉદાર દિલના મહાનુભાવ લગભગ ૬૨ વર્ષની ઉંમરે કેવળ અણધાર્યા ને અચાનક જ અવસાન પામ્યા અને પોતાના આપ્તજન તથા મોટા મિત્રમંડળને જ નહિ પણ ભારતના અનેક સંગીતપ્રેમીઓને શોકમાં મૂકતા ગયા. એક ગીત યાદ આવે છે: 'મરને કો યહ જગ જીતા હૈ; મરા હુઆ ભી જીતા હૈ'. શ્રી વ્યાસજી મરીને જીવી ગયા; આ લોકમાં નામના મેળવી અમર થઈ ગયા. પ્રભુ એમના આત્માને શાન્તિ આપો. —રામચન્દ્ર નારાયણ ખરે

પાયલટ

સુએઝની નહેરના પાયલટોની વાત હમણાં વારંવાર સમાચારોમાં આવે છે. આ પાયલટો શું છે તે સમજવા જેવું છે.

કોઈ પણ બંદરમાં કે હુગલી જેવી કોઈ પણ નદીમાં સ્ટીમર પ્રવેશે ત્યારે એ સ્ટીમર ઉપર, એ બંદર કે નદીના ખૂણેખૂણાના જાણકાર નાવિક મૂકવામાં આવે છે અને તે જ એ સ્ટીમરનું સંચાલન કરી એને ગોદીમાં લઈ જાય છે. આ નાવિકને પાયલટ કહે છે. આ જ પ્રમાણે સુએઝની નહેરમાં સ્ટીમર પ્રવેશે તે નહેરને બીજે છેડે નીકળે ત્યાં સુધી એનું સંચાલન નહેરનો ખૂણેખૂણો જાણનાર—ક્યાં કેટલું પાણી છે, ક્યાં કેવી અડચણ છે તેનું જ્ઞાન ધરાવનાર નાવિક જ કરે છે.

આ પાયલટોને દુનિયાની ઘણી ભાષામાં નૌકા–સંચાલન અંગે હુકમો આપતાં આવડવું હોવું જોઈએ. એમનું કામ ખૂબ મહેનતનું

હોય છે. એમને છછ કલાક સતત જહાજના આગલા તૂતક ઉપર ઊભા રહીને ફરજ બજાવવાની હોય છે. સુએઝની નહેરના કાંઠા પરના રણમાં રેતીનું તોફાન ઊઠતું દેખાય તો, એ તોફાન કઈ દિશામાં જશે એ જાણવાનું જ્ઞાન પણ એને હોવું જરૂરી છે, કારણ કે તોફાન જો નહેર સોંસરવું નીકળે એમ હોય તો સ્ટીમરને એટલો સમય અટકાવી દેવાની પણ જરૂર હોય છે. પાનખર ઋતુમાં તો આગળ થોડે જ સુધી દેખાય એવી પરિસ્થિતિ હોય છે અને રેડાર પણ ઘણી વાર કામયાબ નથી નીવડતું. ત્યારે આવા પાયલટોનો અનુભવ જ સ્ટીમરને સલામત લઈ જઈ શકે છે. આ પાયલટોની ફરજ એવી આકરી હોય છે કે મહિનામાં માંડ નવ-દસ દિવસ તેઓ ઘેર સૂઈ શકે છે અને તેથી જ તેમને ભારે પગાર (મહિને રૂ. ૭૦૦૦ જેટલો) મળે છે. (જન્મભૂમિ)

વાઈપર વિના ચાલશે

મોટરો તથા વિમાનોના પવન અટકાવનાર કાચના પડદા ઉપર પડતા વરસાદને લૂછવા માટે અત્યારે જે યાંત્રિક વાઈપર વપરાય છે તેને બદલે હવે સિલિકોન અને મીણના મિશ્રણમાંથી વરસાદને દૂર રાખનારું એક રાસાયણિક સાધન બનાવાયું છે. પડદા ઉપર તે એક સખત થર પાથરી દે છે. તેને લીધે વરસાદ પારાની જેમ સરકી પડે છે.

આંખની જેમ પ્રકાશને અનુકૂળ બનતો કૅમેરાનો લેન્સ

માનવ આંખ બહુ જ્વલંત પ્રકાશમાં સંકોચાય છે અને ઝાંખા પ્રકાશમાં વિસ્તૃત થાય છે. એ સિદ્ધાન્ત ઉપર ચલચિત્રો ઉતારતા એક કૅમેરામાં પણ હવે એવી વ્યવસ્થા કરવામાં આવી છે, જેમાં ગમે તેવા પ્રકાશમાં લેન્સ આપોઆપ જોઈતા પ્રમાણમાં જ ઊઘડે એવી સગવડ છે. લેન્સના કદને વત્તુંઓછું કરતી આ યંત્રરચના વીજળીની આંખ અથવા 'ફોટો-ઇલેક્ટ્રિક સેલ'થી ચાલે છે.

પ્રશ્ન: દરેક રેડિયોની અંદરની બેઠકને અડકવાથી વીજળીનો આંચકો લાગે છે?

ઉત્તર: ના; પરંતુ ખાસ કરીને A.C. તેમજ D.C. સપ્લાય પર ચાલતા રેડિયોની કેબિનેટની અંદરના ભાગને અડકવામાં આવે ત્યારે વીજળીનો આંચકો લાગવાનો સંભવ ખરો.

અનુસંધાન] **પેટના કૃમિ** [પૃષ્ઠ ૨૮થી

લોકોને હૂકવર્મ અને એમના ચેપની વિગતો કહેવી જોઈએ. મન ફાવે ત્યાં મળત્યાગ કરવાની ટેવને લીધે જમીન દૂષિત થવાની ને રોગના ફેલાવાની હકીકત એમને સમજાવવી જોઇએ ને છેવટે રોગથી રક્ષણ પામવા કાજે પગરખાં પહેરવાની ઉપયોગિતા મનમાં ઠસાવવી જોઇએ.

આપણા દેશમાં આરોગ્યની બાબતો જે કેટલાંક કારણોસર કથળે છે એમાંનું એક કારણ આરોગ્ય તરફ પ્રજાનું દુર્લક્ષ છે. આ હટાવી લોકોને રસ લેતા કરવા માટે વ્યક્તિ અને સમાજને ઘણાં કેળવવાનાં છે. સમાજનાં રીતરિવાજ મુજબ જ વ્યક્તિ વર્તે છે, માટે આરોગ્યનું શિક્ષણ વ્યક્તિ તેમજ સમાજ બનેને મળવું જોઇએ. હૂકવર્મ-વ્યાધિની ભીષણતા અને વ્યાપકતાને પહોંચી વળવા માટે રાજ્ય-સરકારોએ જન્મથી તે મરતાં સુધી અર્ધા ભૂખે મરતા માનવીઓને સપ્રમાણ આહાર મળે તેની વ્યવસ્થા કરવી જોઇએ. વધારામાં એમને પગરખાં પહેરવાની સમજમાં ઉત્તેજન તથા મદદ મળે તેની તજવીજ પણ કરવી જોઇએ. પંચવર્ષીય યોજનાના આરોગ્યના આયોજનમાં આ મુદ્દાનો સમાવેશ હોવો અત્યંત જરૂરી છે.

હૂકવર્મ માટે વપરાતી દવાઓમાં ટેટ્રાફ્લોર ઇથિલીન અને ઑઇલ ચિનોપોડિયમ મુખ્ય છે. બીજી દવા અશક્ત રોગી અને સગર્ભા સ્ત્રીને આપવાથી નુકસાન થાય છે. દવા લેવાની આગલી રાત્રે રોગીને સોડિયમ સલ્ફેટનો જુલાબ આપવો. બીજા દિવસે સવારે દવાની કૅપસ્યુલ આપવી. ત્યાર બાદ એક કલાકે સોડિયમ સલ્ફનો બીજો જુલાબ આપવો. જુલાબ લાગી ગયા બાદ હલકો ખોરાક લે. આ દવાથી ગભરામણ, ચક્કર, બેચેની, ઊલટી વગેરે પીડા થઈ આવે છે. દવા લીધા પછી અઠવાડિયા સુધી કૃમિનાં ઈંડાં દસ્તમાં આવે છે. આથી વધારે વખત સુધી જો ઈંડાં આવે તો દવાનો બીજો દોર (કોર્સ) આપવો.

ઉગ્ર રોગી માટે હેક્ઝાઈલ રિસોર્સિનૉલ નામની દવા છે. આ દવાની કૅપસ્યુલો સવારમાં ગળાવ્યા બાદ જુલાબ આપવાની જરૂર રહેતી તો નથી; છતાં બીજા દિવસે વિલાયતી મીઠાનો જુલાબ આપવો સારો છે. ઉપલી દવા આપ્યા બાદ ચાર કલાક સુધી ખોરાક ન આપવો. રક્તક્ષય માટે લોહની દવાઓ સાથે પ્રોટીન-ભરપૂર અને સપ્રમાણ આહારની ખાસ જરૂર છે.

કૃમિરોગો તો નિવારી શકાય એવા રોગો છે. એને માટે જરૂર છે માત્ર આરોગ્યના નિયમોના ચીવટભર્યા પાલનની.

આયુર્વેદમાં કૃમિની સામાન્ય ચિકિત્સા

ગણ્ડુપદ કૃમિ(round-worms)થી પીડાતા બાળકનો ઉપચાર તુરત કરવો જોઇએ. ખાખરાના બીજનું ચૂર્ણ કે સ્વરસ મધ સાથે અથવા છાશ સાથે આપવો. એ જ રીતે કંપીલ્લકનું ચૂર્ણ ગોળ સાથે આપવું. કંપીલ્લક કૃમિઘ્ન અને રેચક પણ છે. અંગ્રેજી ઔષધ સેન્ટોનીનના સ્થાને આ દ્રવ્ય આપી શકાય છે.દાડમના મૂળનો ક્વાથ પણ આ જાતના કૃમિમાં સારો છે. આ ઉપરાંત સવારમાં પ્રથમ દરદીને ગોળ ખવડાવવો, જેથી કૃમિ ગળપણ તરફ ખેંચાશે.અરધા કલાક બાદ કિરમાણી અજમાનું ચૂર્ણ ૧૦ ગ્રેન પાણી સાથે ફકાવવું. આ ઉપાયથી પણ ગોળ કૃમિ બહાર નીકળી જાય છે.

સૂત્રકૃમિ(thread-worms)માટે મોં વાટે ઔષધો આપવા કરતાં કડવાં ઔષધોના ઉકાળાની એનીમા આપવાથી સારો ફાયદો થાય છે, કેમકે સૂત્રકૃમિનું સ્થાન મળાશય છે. લીમડાનાં પાનનો રસ, યા તેની છાલનું ચૂર્ણ, વાવડિંગ, ઇંદ્રજવ, ખાખરાનાં બી, કાળીજીરી કે કાચકાનું ચૂર્ણ પણ આપી શકાય છે. પ્રાચીન સંહિતા-ગ્રંથોમાં સુરસાદિગણ તથા અશ્વપુરીષના પ્રયોગની ઘણી પ્રશંસા કરી છે.

ઉદરાવેષ્ટ કૃમિ(tape-worm) માટે ઇંદ્રજવ, કાચકા, ડીકામારી, કિરમાણી અજમો, કપૂર અને અતિવિષના ચૂર્ણનો પ્રયોગ કરવો. મૂષકપર્ણીનો રસ કે તેનું ચૂર્ણ પણ આપી શકાય. આ ઉપરાંત કૃમિકુઠાર રસ પણ ફાયદો કરે છે. દાડમના મૂળની છાલમાં પણ ચપટા કૃમિનો નાશ કરવાનો ગુણ છે. ખાખરાનાં બી ને વાવડિંગ ગોળ તેમજ ચપટા બંને પ્રકારના કૃમિને કાઢવામાં મદદ કરે છે. વાવડિંગ સૂક્ષ્મ કૃમિનો નાશ કરનાર, દીપન, પાચન અને સારક છે.

કૃમિ ઉપર વપરાતાં સામાન્ય ઔષધો

કૃમિકુઠારરસ-: યોગ : કપૂર,૮ ભાગ ઇંદ્રજવ, ત્રાયમાણ, અજમો, વાવડિંગ, (શુ.) હીંગુલ, (શુ.) વછનાગ, નાગકેસર એ દરેક ૧-૧ ભાગ, તથા ખાખરાનાં બી ૧૫ ભાગ મેળવી, ચૂર્ણ કરી, ભાંગરો, ઉંદરકર્ણી તથા બ્રાહ્મીના રસની ૧-૧ ભાવના આપવી અને ૧-૧ ગ્રેનની ગોળી કરવી. (નિ. ર.) માત્રા : ૧થી ૩ ગોળી દિવસમાં બે વાર મધ કે પાણી સાથે લેવી. ઉપયોગ : આયુર્વેદમાં ૨૦ જાતના કૃમિ કહ્યા છે. તેમાં કેટલાક કૃમિ કફજન્ય, પુરીષજન્ય અને રક્તજન્ય છે. ગોળ લાંબા કૃમિ સિવાયના બધી જાતના કૃમિ ઉપર આ ઔષધ કામ કરે છે. કૃમિને લીધે પેટમાં આવતી ચૂંક, માથાનો દુખાવો, પાંડુરોગ અને વાયુરોગ પણ મટે છે. આ 'કૃમિકુઠાર'માં મુખ્ય ઔષધ કપૂર અને ખાખરાનાં બી હોવાથી તે કફનો સ્રાવ કરાવે છે.

કૃમિમુદ્‌ગર રસ—યોગ : શુદ્ધ પારો ૧ ભાગ, ગંધક ૨ ભાગ, અજમો ૩ ભાગ, વાવડિંગ ૪ ભાગ, શુદ્ધ ઝેરકોચલાં ૫ ભાગ, ખાખરાનાં બી ૬ ભાગ મેળવી, ચૂર્ણ કરી, ચણા જેવડી ગોળી મધમાં વાળવી. (યો. ર.) માત્રા : ૧ થી ૨ ગોળી દિવસમાં ત્રણ વાર પાણી સાથે આપવી. બીજે દિવસે દિવેલનો જુલાબ આપવો. ઉપયોગ : કૃમિમુદ્‌ગર રસ બહુ તીવ્ર હોવાથી કફજન્ય અને પુરીષજન્ય કૃમિ માટે ખાસ ઉપયોગી છે. કૃમિને લીધે અરુચિ, અપચો, ઊલટી, તાવ, મૂર્ચ્છા, આફરો વારંવાર હેડકી આવવી, છીંક આવવી, પેટમાં દુખવું વગેરે ઉપદ્રવો થાય ત્યારે આ દવા આપવી.

કૃમિઘ્ન વટી—યોગ : સેન્ટોનીન અને કૅલોમેલને યોગ્ય માત્રામાં મેળવી બનાવેલી આ એક ટીકડી રાત્રે પાણી સાથે આપીને બીજે દિવસે સવારે દિવેલનો કે વિલાયતી મીઠાનો જુલાબ આપવો. ગોળ કૃમિમાં આ દવા સારી છે. કૃમિ મરી જઈ બહાર નીકળે છે. આ દવા ત્રણ દિવસથી વધુ લાગલગાટ આપવી નહિ.

વિડંગતંદુલ ચૂર્ણ—ગોળ અને ચપટા કરમિયા માટે આ દવા ખાસ છે. ૧૦ થી ૩૦ ગ્રેન સુધી ખાલી પેટે સવારમાં લેવું અને ત્રણ ચાર કલાક બાદ એરંડિયાનો જુલાબ લેવો. બધા કૃમિ નીકળી જશે. કૃમિ ફરી પેદા ન થવા માટે આ પ્રયોગ લાંબો સમય કરવો જરૂરી છે.

કુબેરાક્ષ ચૂર્ણ—કાંકચિયાને શેકીને તેનું ચૂર્ણ કરી મીઠા કે સંચળ સાથે રોજ સવારમાં ૧૦ થી ૩૦ ગ્રેન પાણી સાથે ફાકવાથી પેટમાં કોઈ પણ જાતના કૃમિ પેદા થતા નથી.

કૃમિનો પ્રવાહી ક્વાથ—કૃમિનાશક આયુર્વેદિક ઔષધોના યોગથી બનાવેલો આ કાઢો એકએક ચમચી પાણી સાથે મેળવી પીવાથી કૃમિ બહાર નીકળી જાય છે અને તેનો ઉપદ્રવ શમે છે.

સાહિત્યસંપર્ક

આજનું સાહિત્ય

ગુજરાતી સાહિત્ય છેલ્લાં એક હજાર વર્ષથી લખાય છે, પણ લેખકોની સંખ્યા આજે જેટલી છે તેટલી કદી હતી નહિ. સાહિત્યના બજારમાં આજે પુષ્કળ જથ્થાબંધ માલ બહાર પડે છે. આથી સાહિત્યનું ઉત્પાદન ઘણા મોટા પાયા પર થવા માંડ્યું છે, પણ છેલ્લાં પંદર–સત્તર વર્ષમાં જે સાહિત્ય લખાયું છે તેમાં આપણી સાહિત્યરુચિ, રસિકતા અને સંસ્કારનું ધોરણ નીચું ઊતર્યું છે. બીજી રીતે કહીએ તો આપણા સાહિત્યનું પ્રાકૃતીકરણ થયું છે. ઊંચી ભૂમિકાના રસિકો અને રસવિદોને સંતોષ થાય તેવી રીતે પહેલાં સાહિત્ય રચાતું; હવે પ્રાકૃત લોકોની રુચિને સંતોષવાનો પ્રયાસ થાય છે. ઉચ્ચ ભૂમિકા ને ઉચ્ચ આશય નજરે પડતાં નથી. 'સરસ્વતીચંદ્ર' કે 'જયા–જયન્ત'ની ભૂમિકા હવે જોવા મળતી નથી.

તેનું કારણ આ યુગનું લોકશાહીકરણ છે. અક્ષરજ્ઞાનના આ જમાનામાં વાચન ઘણું ફેલાયું. પરિણામે વાચકોની સંખ્યા ખૂબ વધી ગઈ. પણ એ વિશાળ વર્ગની ભૂમિકા અગાઉના સંસ્કારી વર્તુલો કરતાં નીચી હતી, અને તેથી સાહિત્ય પણ એમની નીચી સપાટી સુધી આવ્યું છે.

અદ્યતન સાહિત્યનું એક બીજું વલણ હળવાપણાનું છે. સાહિત્યમાં અગંભીરતાનું પ્રમાણ વધતું જાય છે. આપણો દેશ આઝાદ થયા પછી દેશના જીવનમાં કે સાહિત્યમાં મુક્તિની જે લાલી દેખાવી જોઇએ, આઝાદ પ્રજાની જે ખુમારી દેખાવી જોઇએ, તે દેખાતી નથી. જીવનને જરા અગંભીર રીતે જોવા ને માણવાની વૃત્તિ વધતી જાય છે.

(ગુજરાત સમાચાર) —ઈશ્વરલાલ ર. દવે

ઔષધવિજ્ઞાનનો આકરગ્રંથ

રસતંત્રસાર અને સિદ્ધપ્રયોગ સંગ્રહ

'ઉત્તમ ખેતી, મધ્યમ વેપાર, કનિષ્ઠ નોકરી ને અધમ ભીખ; એ કાંઇ ન આવડે તો વૈદું શીખ.' એવી મનોદશા આપણે ત્યાં વચ્ચે પ્રવર્તતી હતી. પણ વસ્તુતઃ તો વૈદક-દિશામાં આપણે ગણનાપાત્ર પહેલ કરી છે, જે આજે પણ થંભી નથી. તેનું ઉદાહરણ આપણને કાલેડા (અજમેર)માં આવેલા કૃષ્ણગોપાલ આયુર્વેદ ભવનના સ્થાપક અને વૈદકના બહુશ્રુત તજ્જ્ઞ સ્વામી કૃષ્ણાનંદજીએ અનેક સંસ્કૃત, હિંદી, ગુજરાતી તેમજ મરાઠી વૈદ્યકીય ગ્રંથોના નિચોડ રૂપ લખેલા ઉપર્યુક્ત મૂળ હિંદી ગ્રંથના પ્રથમ અને દ્વિતીય ખંડના, સર્વશ્રી ભાનુપ્રસાદ મહેતા અને માધવ મો. ચૌધરીએ કરેલા આ અનુવાદ પરથી મળી રહે છે. સ્વામી શ્રી કૃષ્ણાનંદજી મૂળ ગુજરાતના છે. ભિક્ષુ અખંડાનંદના એ ચાહક અને સાથીએ ભિક્ષુજીની જ્ઞાનની પરબ જેમ કાલેડા મુકામે મોટું ધર્માર્થે ઔષધાલય સ્થાપીને આરોગ્યની પરબ માંડી છે.

ઔષધવિજ્ઞાનની મુખ્ય અને સામાન્યમાં સામાન્ય વિગતોને સમાવી લેતા આ દળદાર ગ્રંથમાં અપાએલા સઘળા જ પ્રયોગો અનુભૂત તેમજ શાસ્ત્રીય, અને તેથી નિર્દોષ અને આધારભૂત છે. તેના પહેલા ખંડમાં ઝીણવટભરી વિગતે અપાએલાં વિસ્તૃત પરિભાષા, શોધન, ભસ્મ, કૂપીપક્વ, પર્પટી, ખરલીય, ગુટિકા, ચૂર્ણ, કષાય, આસવ-અરિષ્ટ, પાક અવલેહ, ઘૃત-તેલ, અંજન, લેપ-મલમ પ્રકરણો પરથી તેની માહિતીસમૃદ્ધિનો આછો ખયાલ આવી શકશે. પહેલા ખંડમાં શાસ્ત્રીય પાઠો, જ્યારે બીજા ખંડમાં રોગવાર પરંપરાગત સિદ્ધપ્રયોગો મુખ્યસ્થાને છે. પહેલો ખંડ પ્રકટ થયા પછી જે નવું ઉમેરવા જેવું લાગ્યું તે બીજા ખંડમાં ઉમેરી લેવાયું છે. પ્રકાશક: શ્રી કૃષ્ણગોપાલ આયુર્વેદિક ધર્માર્થ ઔષધાલય, પો. કાલેડા, (અજમેર); કિંમત: પહેલો ખંડ રૂા. ૧૦-૦-૦, બીજો ખંડ રૂા. ૮-૦-૦.


પદ્મા: આ નવા બહાર પડેલા કાવ્યસંગ્રહનો પરિચય આપતાં શ્રી સુન્દરમ્ લખે છે તેમ 'પ્રજારામની ઋતુઓ પ્રત્યેની, પ્રકૃતિ પ્રત્યેની સંવેદનશીલતા ઘણાં લાક્ષણિક કાવ્યો રૂપે આમાં પ્રગટેલી છે; ગીતો, ઊર્મિકાવ્યો એ બધું, વળી તેમનું ચૈતન્ય ઊર્ધ્વ-ચૈતન્યના સ્પર્શથી જે જે રીતે અંકારિત બન્યું છે તે અંકારોનું

સ્ફુરણ પણ તેમની પાસેથી મળે છે. પ્રજારામનું મન સંસ્કૃતના ઘણા સારા સંસ્કારો પામેલું છે; તો બીજી બાજુ, કાવ્યકલાના એક પ્રખર તપસ્વી કરતાં કવિતાદેવીના એ એક મુગ્ધ બાલભક્ત વધુ રહેલા છે.' પ્રકાશક: વોરા ઍન્ડ કું. ૩, રાઉન્ડ બિલ્ડિંગ કાલબાદેવી, મુંબાઈ–૨. કિંમત: રૂા. ૨–૦–૦

કિષ્કિંધાકાંડ: થોડા સમય પર બહાર પડેલો રામાયણનો જેમણે કરેલો સફળ અને સુશ્લિષ્ટ અનુવાદ પ્રશંસાપાત્ર નીવડ્યો છે તે વડોદરા યુનિવર્સિટીનાં વાઈસ ચાન્સેલર શ્રીમતી હંસાબહેન મહેતાએ કરેલો વાલ્મિકી રામાયણના એક વિશેષ કાંડનો સમશ્લોકી સંક્ષિપ્ત અનુવાદ, પ્રકાશક: એન. એમ. ત્રિપાઠી પ્રાઇવેટ લિમિટેડ, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઈ-૨, ૩–૮–૦; **પાયાનો ગુજરાતી શબ્દકોશ**: નવા શીખેલા પ્રૌઢો માટેનાં પુસ્તકો રચનારાઓ અમુક જ પાયાના શબ્દો વાપરીને લખે તો એ નવશિક્ષિતોને ઘણી સરળતા થાય એ હેતુથી, વિદ્વાન ભાષાશાસ્ત્રી શ્રી કેશવરામ કા. શાસ્ત્રીએ લખેલો પાયાના—સામાન્યરીતે નિત્યના વ્યવહારના મૂળ ૪૦,૮૦૦ શબ્દોનો સાર્થ કોશ, પાયાના વિશેષ ૧૨,૦૦ શબ્દોના સંગ્રહની પુરવણી સાથે, પ્રકાશક: ગુજરાત સમાજ શિક્ષણ સમિતિ, દરિયા મહેલ, સૂરત, ૧–૧૫–૦; **સંધિકાળ**: વધારે શ્રદ્ધાળુ થવું એ જ જાણે પવિત્રતા હોય અને વધારે વિચારશીલ થવું એ પતિતતા હોય એવી વિચાર–ભ્રમણામાંથી મુક્ત થવા ઇચ્છતાં પાત્રોને નિરૂપતી, 'ગુજરાત સમાચાર'માં સાપ્તાહિક હપતે પ્રકટ થતી રહેલી, સિદ્ધ લેખક શ્રી ચુનીલાલ વર્ધમાન શાહની નવલકથા; પ્રકાશક: ગાંડીવ સાહિત્ય મંદિર, હવાડિયો ચકલો, સૂરત; પૂર્વાર્ધના ૪–૮–૦, ઉત્તરાર્ધના ૩–૮–૦; **ભાઈબંધ** રશિયન કિશોર સાહિત્યની, રાજકીય પ્રચારથી મુક્ત, ૧૯૫૧નું સ્તાલિન-પારિતોષિક મેળવનાર નવલકથા, મૂળ લેખક: નિકોલાઈ નોસોવ, અંગ્રેજી 'સ્કૂલ-બૉય્ઝ' પરથી અનુવાદક: મહેન્દ્ર મેઘાણી, ચિત્રકાર: જ્યોતિ ભટ્ટ, પ્રાપ્તિસ્થાન: સંસ્કાર સાહિત્યમંદિર, પૉ. બૉ. ૩૪, ભાવનગર (સૌરાષ્ટ્ર), ૨–૮–૦; **અદ્યતન સંતતિનિયમન** વિષે વૈજ્ઞાનિક જ્ઞાન તથા માર્ગદર્શન આપતું ડૉ. મૅરી કાર્માઈકલ સ્ટોપ્સનું પુસ્તક, મૂળ અંગ્રેજી પરથી અનુવાદક: શ્રી યશવંત દોશી, પ્રાપ્તિસ્થાન: મમતા પ્રકાશનગૃહ, નવા ડીસા ૩–૦–૦.

વિચારરત્નમાળા, આરોગ્યવિચારમાળા, વસ્તુવિચારમાળા, કૃષિવિચારમાળા: અનુક્રમે વ્યવહાર નીતિ અધ્યાત્મ આદિનો, આરોગ્ય માટેના ઉપાયોનો, વિધવિધ જરૂરિયાતોની ઘરગથ્થુ વસ્તુઓના ઉપાયોનો અને ખેતીવાડી વિષયક સૂત્રાત્મક ને અતિ ઉપયોગી બોધ આપવામાં આવ્યો છે. સંયોજક ને વ્યવસ્થાપક: શ્રી ચંદુલાલ ત્રિ. વ્યાસ, પ્રકાશક: શ્રી જ્ઞાન પ્રચારક મંડળ, અવિધા (જિ. ભરૂચ, અંકલેશ્વર), દરેકના ૦–૨–૦ ચારેનો સેટ મંગાવનારે પુસ્તિકાઓ પોતાના બે મિત્રોને વાંચવા આપવાની શરત સાથે કુલ પડતર કિંમત ૦–૪–૦ ઉપરાંત ૦-૧-૬ ટપાલખર્ચનો બીડવો-ચારથી વધુ નકલો મળશે નહિ; **બંધ બારણાં**: લોકઘડતરનું દિશાસૂચન કરતી શ્રી નવલભાઇ શાહની ના-

ાટેકા, પ્રકાશક: શ્રી શા. રૂ. વસાવડા, મંત્રી, ગાંધી મજૂર સ્મારક ટ્રસ્ટ, ભદ્ર અમદાવાદ, ૦-૨-૦; **હૃદયપરિવર્તન—સાચી રીત** દર્શાવતો લેખ, પ્રશ્નોત્તરરૂપે, લેખક ને પ્રકાશક: ઉપર મુજબ, કિંમત છાપી નથી; **શ્રીમદ્‌ભગવદ્‌ગીતા સંક્ષિપ્ત**: ૪૨ મૂળ શ્લોકોમાં, તેના ગુજરાતી અર્થ સાથે, **શ્રીસુદર્શનકવચમ્**: શ્રીમહાપ્રભુજી વિરચિત મૂળ સંસ્કૃત શ્લોકો તેમજ ભાષાન્તર, તથા અન્ય વૈષ્ણવ સ્તોત્રપદ-સામગ્રી સાથે, બંને પુસ્તિકાઓ સ્વ. શ્રી કાન્તિલાલ નાથાલાલ મજમુદારના સ્મરણાર્થે છપાવી વિતરણ કરનાર: શ્રી નાથાલાલ મનસુખભાઈ મજમુદાર, પટેલવગા, સાવલી; **ત્રિવેણી**: સર્વશ્રી 'શાન્તિપ્રિયમ્' (ડૉ. મુકુંદ પંડ્યા), જયંત જોષી અને ચીમનલાલ ભટ્ટનાં બોધકભજનો-કાવ્યો, પ્રકાશક: શ્રી ચીમનલાલ મોહનલાલ ભટ્ટ, નાની ભાગોળ, પ્રાંતિજ (એ. પી. રેલવે), ૦-૨-૦; **ગાંધીવિરહ**: ગાંધીજીના જીવનકાર્યને નિરૂપતું ૧૨૫ શ્લોકે બદ્ધ કાવ્ય, લે.: મણિશંકર દવે, પ્રકા.: શ્રી. મણિગૌરી મ. દવે, પો. બૉ. નં. ૧૦૪૪૧, નાઇરોબી (બ્રિ. ઈ. આફ્રિકા) અમૂલ્ય



ગુજરાતી ભાષામાં 'બૃહત પિંગલ' ગ્રંથની ...ના માટે ભારતસરકારની 'સાહિત્ય-અકા...મી'એ સ્વ. રામનારાયણ પાઠકને આપેલા ...૦૦૦ રૂપિયાના પારિતોષિકને અંકિત કરતું ...ામરમરનું સંમાન-ચિહ્ન.

આ માસ (જાન્યુઆરી) ઈતિહાસમાં

દિનવિશેષ

તા. ૧ વિક્ટોરિયાને હિંદની મહારાણી જાહેર કરતા ઢંઢેરાનું દિલ્હીમાં જાહેર વાચન, ૧૮૭૭.
તા. ૩ આલ્બુકર્કે કાલિકટ બંદર પર હલ્લો કરી રાજા ઝામોરિનનો મહેલ સળગાવ્યો, ૧૫૧૦.
તા. ૪ હિંદની સવિનયભંગની ચળવળનાં મંડાણ, દેશનેતાઓની સામટી ધરપકડ, ૧૯૩૨.
તા. ૫ પ્રો. રૅાન્જને વિજ્ઞાન, વૈદક તથા ઉદ્યોગોમાં ખૂબ ઉપયોગી 'ક્ષ' કિરણો શોધ્યાં, ૧૮૯૬.
તા. ૬ હિંદી ભાષાના ગદ્યસાહિત્યનું ખેડાણ કરનાર ભારતેન્દુ હરિશ્ચન્દ્રનું અવસાન, ૧૮૮૫.
તા. ૧૦ પ્રમુખ રાષ્ટ્રોની સંસ્થા 'લીગ ઑવ નેશન્સ' જિનીવા મુકામે ખુલ્લી મુકાઇ, ૧૯૨૦.
તા. ૧૨ ભારતીય સંસ્કૃતિનો સંદેશ જગતને પહોંચાડનાર સ્વામી વિવેકાનંદનો જન્મ, ૧૮૬૩.
તા. ૧૭ કૅપ્ટન કૂકે જગત-સફરમાં અજાણપણે દક્ષિણ ધ્રુવનું પ્રચંડ ફૂંડાળું ભેદ્યું, ૧૭૭૩.
તા. ૨૦ અંગ્રેજો સાથેની સંધિથી પોર્ટુગીઝ બંદરો અંગ્રેજ વેપારીઓ માટે ખુલ્લાં બન્યાં, ૧૬૩૫.
તા. ૨૩ તાલિકોટાના યુદ્ધમાં વિજયનગરના મહાન હિંદુ સામ્રાજ્યનો આમૂલ ધ્વંસ, ૧૫૬૫.
તા. ૨૬ હિંદની કેળવણીમાં રાષ્ટ્રીય અસ્મિતાના જનક સર ગુરુદાસ બૅનરજીનો જન્મ, ૧૮૪૪.
તા. ૩૦ શાહજહાનાબાદ(દિલ્હી)ના કિલ્લા તથા મહેલનું ચણતર-કાર્ય પૂરું થયું, ૧૬૫૮.

વ્યક્તિવિશેષ: અબ્દુલ ગમાલ નાસિર

ઇજિપ્તને રાજાશાહી શાસનમાંથી મુક્તિ અપાવનાર તેના સૂત્રધાર કર્નલ અબ્દુલ ગમાલ નાસિરનો જન્મ ઈ. ૧૯૧૮ની ૧૫મી જાન્યુઆરીએ ઇજિપ્તના બેની મૂરગામના ટપાલમાસ્તરને ઘેર થયો હતો. આઠમે વરસે તેઓ ભણવા કાહિરા ગયા, એવામાં તેમનાં પ્રેમાળ માતાનું અવસાન થતાં સૌ કાહિરા આવ્યાં. દેશપ્રેમથી પ્રેરાઈ નાનપણથી જ તે અંગ્રેજ વિરોધી દેખાવોમાં વિદ્યાર્થીઓની આગેવાની લેતા. સત્તરમે વર્ષે મૅટ્રિક પાસ કરી કાહિરાની સૈનિક અકાદમીમાં જોડાયા, જ્યાં માદરે વતનની મુક્તિ માટેની તમન્નાવાળા અન્વર અલસાદત, જકરિયા મોહિયુદ્દીન, અબ્દુલ હકીમ અમર આદિ જોડે પરિચય થયો. આમ સ્વાતંત્ર્ય-સંગઠન થતું જતું હતું. ઈ. ૧૯૪૪માં પૅલેસ્ટાઈનના યુદ્ધમાં તેમણે અદ્‌ભુત રણકૌશલ ને વીરત્વ દાખવેલું. સ્વાતંત્ર્ય-સંગઠન માટે કોઈ પણ વ્યક્તિને લેતાં પહેલાં તેઓ તેની ઘણી કડક પરીક્ષા કરતા.



પોતાનામાં યોજના ઘડવાની અને તેને કાર્ય રૂપમાં પરિણત કરવાની અસીમ શક્તિ હોવા છતાં ડોળ-દેખાવો કરીને જાહેર જીવનમાં ઝંપલાવતાં તેઓ હમેશાં ખચકાયા છે. ઇજિપ્તના ભ્રષ્ટાચારી શાસક ફારૂકને દેશનિકાલ કરવાની પોતાની યોજના પૂરી પાડીને તેમણે શાસનદોર જનરલ નજીબના હાથમાં સોંપ્યો તે તેમના સંકોચશીલ સ્વભાવને કારણે. જનરલ નજીબે બધી જ શાસનસત્તા પોતાને હાથ કરવા માંડતાં તેમની પાસેથી પ્રધાનમંત્રીપદ પોતે લઈ તેમને રાષ્ટ્રપતિપદ અપાવ્યું એ પણ સૌ પહેલું દેશહિત જોનાર તેમના દૃઢનિશ્ચયી સ્વભાવે.

જેને કારણે બ્રિટન-ફ્રાંસે પોતાનો ડૂબતો સ્વાર્થ લક્ષમાં લઈને ઇઝરાઈલ સાથે કાવતરું રચી ઇજિપ્ત પર અન્યાયી આક્રમણ કરીને ત્રીજા વિશ્વયુદ્ધની કટોકટી તાજેતરમાં ઊભી કરી છે તે સુએઝની નહેરના કર્નલ નાસિરે કરેલા રાષ્ટ્રીયકરણ પરથી તેમની રાષ્ટ્રવિકાસ ને રાષ્ટ્રહિતની દાઝની માત્રા વરતી શકાય છે.

ઇજિપ્તની ૨૩મી જુલાઈ ૧૯૫૨ની સફળ ક્રાન્તિના પ્રણેતા નાસિર શાંતિપ્રિય છે. 'પંચશીલ'ને તેમનો ટેકો છે.

પ્રસંગવિશેષ: છેલ્લા મુઘલ સમ્રાટ બહાદુરશાહની દેશનિકાલી, ૭ જાન્યુ. ૧૮૫૮

હિંદુ-મુસ્લિમોને એક કરીને ગોઝારી અંગ્રેજ સલ્તનતને હઠાવી કાઢવા માટેનાં જાહેરનામાં, તથા રાતદિનના અશ્રાન્ત પ્રયત્નો દ્વારા ૧૮૫૭ના બળવાની ચિનગારી ફેલાવવામાં છેલ્લા મુઘલ સમ્રાટ બહાદુરશાહે અગ્ર ભાગ લીધો. પણ દિલ્હીમાં ચાલી રહેલા વિપ્લવી યુદ્ધની ટુકડીઓએ જ્યારે વ્યવસ્થાને અભાવે હાર પર આવી દિલ્હી છોડી જવા માંડયું ત્યારે અંગ્રેજોના ગુપ્ત સહાયક ઈલાહીબક્ષે બહાદુરશાહને સલામતીની લાલચો દ્વારા ભોળવીને દિલ્હી છોડી ન જવા મનાવ્યો, અને પછીને દિવસે અંગ્રેજોને હાથે ગિરફતાર કરાવ્યો. પણ મોટા ભાગનું વિદ્રોહી ભારત હજી પોતાના વર્ચસ્વ તળે આવ્યું નથી એ જોઇને અંગ્રેજોએ બાદશાહને મારી ન નાખતાં કેદ કર્યો. ઈ. ૧૮૫૮ની ૭મી જાન્યુઆરીએ બહાદુરશાહ, બેગમ જિન્નતમહલ અને શાહજાદા જવાંબખ્તને દેશનિકાલ કરી બ્રહ્મદેશમાં રંગુન જેલમાં મોકલી દેવામાં આવ્યાં, જ્યાં દિલ્હીના રાજકુળના આખરી અવશેષ સમો બહાદુરશાહ ઈ. ૧૮૬૩માં મરણ પામ્યો.

અ. ભા. સર્વસેવાસંઘ, રાજઘાટ, કાશીનાં હિંદી પ્રકાશનો

सर्वोदय पदयात्रा : પૂ વિનોબા ભાવે સાથેની લેખક શ્રી દામોદરદાસ મૂંદડાની પદયાત્રાની તા. ૬–૩–'૫૧થી તા. ૧૪–૪–'૫૧ સુધીની પૂ. વિનોબાના ઉમદા, માર્ગદર્શક ને પ્રેરક વિચારો ભરી ડાયરી, ૧–૦–૦; **गांधी :** મહાત્મા ગાંધીજીનું આચાર્ય શ્રી જે.બી. કૃપાલાણીએ કરેલું રાજનૈતિક અધ્યયન, અનુ : મંગલનાથ, ૦-૯-૦, **सामाजिक क्रान्ति और भूदान :** એ વિષય પરના આચાર્ય શ્રી જે. બી. કૃપાલાણીના મીમાંસાત્મક લેખો, ૦-૫-૦; **हिंसा का मुकाबला :** હિંસા વિ. અહિંસા વિષે પૂ. વિનોબા ભાવેના મનનીય વિચારો, ૦–૩–૦; **पूर्व-बुनियादी :** બાળ-શિક્ષણ પર ચિંતનીય વિચારો અને યોજના રજૂ કરતી શ્રી શાન્તાબહેન નારૂલકરની પુસ્તિકા, ૦–૮–૦; **ज्ञानदेव-चिन्तनिका :** મહારાષ્ટ્રીય સંત જ્ઞાનદેવનાં ભજનોનું પૂ. વિનોબા ભાવેએ કરેલું ચિંતન–સરળ અનુવાદ કે સ્વૈર સ્ફુરણ રૂપે, મૂળ મરાઠી પરથી અનુવાદક : દામોદરદાસ મૂંદડા, ૦–૧૨–૦; **सर्वोदय-भजनावलि:** પ્રાર્થનાઓ, હિંદી, મરાઠી, ગુજરાતી, બંગાળી, ઉડિયા, સિંધી ને અંગ્રેજી ભજનો તથા રાષ્ટ્રગીત, ૦–૪–૦.





જીવનની બિછાત પર મદભર પ્રવેશ (અર્ન્સ્ટ હાસ–યુ.સ્ટે.અમેરિકા) લગ્નની ભાવનાનું પાન: જાપાનનો લગ્નવિધિ (વર્નરબિશૉફ–જાપાન)





'આપણા લોહીનો લાલ' (ડાયામેન્ટ–સોવિયેટ રશિયા) ખેલકૂદ: 'હું આવડો મોટો!' (ટૉની ફ્રિસેલ–યુ. સ્ટે. અમેરિકા)

જગતના સર્વ દેશોમાં ને સર્વત્ર, માનવીના જીવનની અવસ્થાઓ, તેની આશાઓ ને આપત્તિઓ, અરમાનો ને અનુભવો એકસરખાં જ છે: પ્રત્યેક માનવજાયામાં લાગણીનો થડકાર તો એક જ સરખો હોય છે; તે આર્મીનિયન હોય કે એસ્કિમો, જાપાની હોય કે ઝુલુ, પણ પ્રત્યેકના લોહીનો રંગ જેમ લાલ છે તેમ તેના ઉમંગો ને અફસોસો એકસરખા જ હોય છે. જન્મ ને જીવન, જરા ને મૃત્યુનું જીવનચક્ર સૌનું સરખું જ હોય છે અને તેના હર્ષ ને શોક પણ સર્વત્ર સરખા જ હોય છે. વસ્તુતઃ દુનિયા આખીની માનવતા એ એક મહાકુટુંબ જ છે. જગતભરની જનતાની અવસ્થા-અવસ્થાની ને તત્સમયની વિવિધ લાગણીઓની રજૂઆત કરતું એ (પાછળ)





અભ્યાસ : જીવનની આશાઓનું ભાતું(એ.માર્શાક-યુ.સ્ટે.અમેરિકા) ધરતીના અમી માટે રોટીની રોજી (ડિમિટ્રી કેસ્સેલ-ચીન)





ઉપર-ડાબી બાજુ : ઊતરતી અવસ્થા સુધી પણ સુખદુઃખનાં સાથી (એમ્મી ઍન્ડ્રીએસ-હૉલંડ)
જમણી બાજુ : મૃત્યુ-મંગલ : (જીવનની સનાતનતા દર્શાવતી કબ્રસ્તાનમાં બાળક્રીડા (જેરી કૂક—યુ. સ્ટે. અમેરિકા)

(પાછળથી) 'માનવકુટુંબના મહાગાન' સમું જે પ્રદર્શન આજે આપણા દેશમાં 'યુનાઇટેડ સ્ટેટ્સ ઇન્ફર્મેશન સર્વિસ'ના ઉપક્રમે ફરે છે તેનો પરિચય ગયે વર્ષે 'કુમાર'માં બે વખત અપાઈ ચૂક્યો છે. આ મહિને છેલ્લા પખવાડિયા દરમ્યાન તે અમદાવાદમાં ભરાય છે તે નિમિત્તે આ અંકમાં તેનાં વધુ ચિત્રો આપીએ છીએ, અને ભવિષ્યમાં પણ થોડાં વિશેષ ચિત્રો આપતા રહેવાની ઉમેદ છે. અહીં રજૂ થએલાં આઠ ચિત્રોમાં પ્રણયપ્રવેશ, લગ્ન, જન્મ, બાળક્રીડા, અભ્યાસ, રોજી, વૃદ્ધાવસ્થા ને મૃત્યુ, એમ જીવનચક્રની આઠ સ્થિતિઓનું નિદર્શન છે, જે જુદાજુદા દેશોમાં જુદાજુદા ફોટો-કલાકારોએ ઝડપેલું છે. દરેકની નીચે તેમનાં નામ આપ્યાં છે.

જશે જ તવ મૂલ્ય તો નહિ રહે કશું જીવને:
અને નહિ હશે શું જીવન વિષે, હશે મૂલ્ય તો?

—મનસુખલાલ ઝવેરી


રૂપવતી નૂરજહાંનો બેમૂલ ચીનાઈ આરસો દાસીને હાથે અકસ્માત તૂટી જવાથી દાસી ખિન્ન થઈને બીવા લાગી. આ વાત નૂરજહાંની જાણમાં આવતાં તેણે કહ્યું, 'કંઈ નહિ; સારું થયું; ગુમાનને જોવાનું સાધન નાશ પામ્યું!'

અનેકાર્થી શબ્દ: છત્ર=ચંદરવો; છાપરું; અગાસી; પુષ્કળ; ઊપજ; ધનાઢ્યતા; આવરણ; જખમ; વહાણના મોઢા આગળનું પાટિયું જાણકાર.

કહેવતોના અર્થ: 'મોર જેવી કળા ન કરવી'– કળા કરેલો મોર આગળથી બહુ રૂપાળો લાગે છે, પણ પાછળથી તદ્દન ઉઘાડો ને નગ્ન લાગે છે, એ રૂપક પર યોજેલી આ કહેવતનો બોધ, ખોટા આડંબર પાછળ તણાનારને પાછળથી વિપરિત પરિણામ ભોગવવું પડે છે તેનિર્દેશે છે.

૫૦૪ને કોઈ પણ રકમ વડે ગુણીને ગુણાકારમાંથી ૭ બાદ કરો. પછી બાકી રહેતી રકમને ૭, ૮ ને ૯ વડે ભાગશો તો અનુક્રમે ૧, ૨ અને ૩ શેષ જ વધશે.

કાચવાળાં બારીબારણાં કે વેન્ટીલેટરની ફ્રેમો રંગતી વખતે તેના કાચ ઉપર બંને બાજુ વેસેલીનનો થર ચોપડી રાખવો. એથી કાચ પર પડેલાં રંગનાં ટીપાં ત્યાં સુકાઇને જામી નહિ જાય. રંગ સુકાઈ ગયે વસેલીન લૂછી નાખવાથી રંગ પણ સાથે લુછાઈ જશે પછી કોરી રાખથી કાચ સાફ કરી નાખશો એટલે ચકચકિત બની જશે.




દુનિયાના જેજે પ્રદેશો પર વરસમાં (શિયાળાના) ઓછામાં ઓછા ત્રણ માસ સુધી બરફ રહે છે તે લીટીથી બતાવ્યા છે.

દવા આપવાનું પ્રિસ્ક્રિપ્શન લખતી વેળા દાક્તરો શરૂઆતમાં આવો R (પૂંછડે છેદેલો અંગ્રેજી 'આર') અક્ષર અચૂક લખે છે, તે લૅટિન શબ્દ Recipe(રેસિપી=આટલી વસ્તુઓ લો)નો પ્રથમાક્ષર છે; અને તેને છેડે મરાતો છેકો તે, દરેક ઉપચાર 'જોવ'નામે આરોગ્યના દેવનું સ્મરણ કરીને લખવાનો હોવાથી, એ 'જોવ'ના પ્રથમાક્ષર J નું ટૂંકું રૂપ છે. ખરી રીતે તે R.J. લખાય, તેનું ટૂંકું રૂપ R થયું.

મરચીના છોડનાં લીલાં પાનને થોડા પાણી સાથે પીસી, રસ કાઢી, તેમાં થોડું મીઠું નાખી દાદર પર ખૂબ મસળવાથી લાલ કે કાળી દાદર મટશે. બીજી દવાઓ જેટલી આ બળતી નથી.


એક ભાગ ચોખ્ખી હળદરના ભૂકાને વીસ ભાગ પાણીમાં ઉકાળીને કરેલા લોશનનાં પોતાં દુખતી આંખ પર મૂકવાથી આરામ થશે.



અંગ્રેજી મૂળાક્ષરની ઉત્પત્તિ

અંગ્રેજી મૂળાક્ષરોનું આજનું રૂપ મોટે ભાગે ઇજિપ્તની ચિત્રલિપિ હાયરોગ્લિફ ઉપરથી ઊતરી આવેલી ફીનીશિયન, ગ્રીક, રોમન આદિ લિપિઓ દ્વારા ઘડાયું છે. તેનો એ વિકાસક્રમ બહુ રસમય હોઈ દર માસે અહીં ક્રમવાર અપાતો રહેશે. આ ઉપર તેના પ્રથમાક્ષર Aનો એવો વિકાસક્રમ આપ્યો છે. એ અક્ષર મિસરની ચિત્રલિપિમાંના એક પંખીના ચિત્ર ઉપરથી કેવી રીતે ઊતરી આવ્યો તે મથાળાની પહેલી તકતીમાં બતાવ્યું છે, પંખીના પહેલા ચિત્રમાંથી બીજા નંબરનું તેનું સાદું રૂપ થયું. તેમાંથી ત્રીજા નંબરનો ફીનીશિયન અક્ષર 'એ' બન્યો, અને તેમાંથી અનુક્રમે ગ્રીક, જૂનો રોમન ને હાલનો 'એ' વિકસ્યો તે છેલ્લાં ત્રણ ચિત્રોમાં દર્શાવ્યું છે.

નીચેની તકતીમાં એ અક્ષરનું લેખનસ્વરૂપ કઈકઈ ભાષાઓમાં કેવા કેવા રૂપે પ્રકટ્યું છે તે બતાવ્યું છે. તેમાં કૅપિટલ (મોટા–પ્રથમાક્ષર) અને નાના બંને, જોડાજોડ નીચેના ક્રમમાં આપેલા છે: હિબ્રુ, ગ્રીક, રોમન, ઍંગ્લો–સૅક્સન, ગૉથિક, જૂની અંગ્રેજી, જર્મન, કેલ્ટિક, એન્ગ્લોસિગ, ઈટાલિક, ટ્યૂડર, વિક્ટોરિયન અને આધુનિક લેખનલિપિ.



કલાકણિકા: ભારતની પ્રાચીન વણાટકળામાં હાથીભાત



નૃત્યને અંતે ફેરફાર

ઘાસલેટનો ધુમાડો લાગવાથી ફાનસને કાળું પડતું અટકાવવા તેની વાટને સુરકામાં બોળ્યા પછી તેનો ઉપયોગ કરી જોજો.